# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
RCB વાળા વીડિયો પર ટ્રોલ થતાં નુસરત ભરૂચા ભડકી, કહ્યું- 'પોતાના...

પેજ-09
શ્રેયસ અય્યર ભારતનો T20 કેપ્ટન બનશે : સૂર્યકુમાર યાદવને હટાવાયો...



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 40.00 | 31.00 |
| વડોદરા | 39.00 | 31.00 |
| સુરત | 36.00 | 30.00 |

પેજ 5



સૌર ઉર્જા ક્ષેત્રે ભારતની મોટી છલાંગ અમેરિકાને પાછળ છોડ્યું

**06** JUNE-2026 SATURDAY

રશિયા-યુક્રેન યુદ્ધને ખતમ કરવા ઝેલેન્સ્કીએ પુતિનને લખ્યો ખુલ્લો પત્ર



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 74243.34 | ▼ | 116.67 |
| નિફ્ટી | 23366.70 | ▼ | 49.85 |
| સોનું | 154916.00 | ▼ | 4631.0 |
| ચાંદી | 248714.00 | ▼ | 16082 |


વર્ષ-15 । અંક-205 । વિક્રમ સંવત-2082 । જેઠ વદ-06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### મોસ્પીના નવા આંકડા: પડકારો છતાં ભારતનો જીડીપી ગ્રોથ રેટ મજબૂત : સર્વિસ અને કન્સ્ટ્રક્શન સેક્ટરે જીડીપીને વેગ આપ્યો

# વૈશ્વિક કટોકટી વચ્ચે ભારતનો ગ્રોથ રેટ 7.7% થયો

(એજન્સી) નવી દિલ્હી। તા. 05

વૈશ્વિક સ્તરે ચાલી રહેલા ઈરાન યુદ્ધ અને હોર્મુઝ સંકટ વચ્ચે ભારતીય અર્થતંત્ર માટે અત્યંત રાહતના સમાચાર આવ્યા છે. તમામ આંતરરાષ્ટ્રીય પડકારો અને તેલ-ગેસના ભડકે બળતા ભાવ વચ્ચે પણ દેશની આર્થિક પ્રગતિની ગતિ તેજ બની છે. સત્તાવાર સંવાદદાતાના અહેવાલ મુજબ શુક્રવારે જાહેર થયેલા સરકારી આંકડાઓએ ભારતની મજબૂતી સાબિત કરી છે. જીડીપીમાં બંપર ઉછાળો આવતા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં રિયલ જીડીપી ગ્રોથ રેટ ૭.૭% પર પહોંચ્યો છે.આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય એટલે કે મોસ્પી દ્વારા જાહેર કરાયેલા ડેટામાં દેશના વિકાસની વાસ્તવિક તસવીર રજૂ કરાઈ છે. પ્રતિનિધિના અહેવાલ મુજબ અગાઉ ફેબ્રુઆરી ૨૦૨૬ ના અંદાજમાં જીડીપી ગ્રોથ ૭.૬% રહેવાની ધારણા હતી, જે હવે વધીને ૭.૭% થઈ છે.



● ફેબ્રુઆરી ૨૦૨૬માં ૭.૬% રહેવાનો અંદાજ હતો, જે હવે વધીને ૭.૭% પર પહોંચ્યો છે.
● ઈરાન યુદ્ધ અને હોર્મુઝ સંકટને કારણે ઉભી થયેલી અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતીય અર્થતંત્ર માટે રાહતના સમાચાર

### વિકાસમાં સર્વિસ સેક્ટરનું મહત્વનું યોગદાન

જીડીપીમાં આ બંપર ઉછાળા પાછળ મુખ્યત્વે સર્વિસ સેક્ટર અને કન્સ્ટ્રક્શન સેક્ટરનું પ્રદર્શન જવાબદાર છે. સર્વિસ સેક્ટરે રેકોર્ડ બ્રેક પ્રદર્શન કરતા તેનો ગ્રોથ ૬.૮% થી વધીને ૯.૯% ની સપાટીએ પહોંચ્યો છે. તે જ રીતે, કન્સ્ટ્રક્શન સેક્ટરનો ગ્રોથ ૮% થી વધીને ૮.૪% થયો છે. ગ્રોસ વેલ્યુ એડેડ (GVA) ગ્રોથ રેટ પણ ૭.૯% રહ્યો છે, જે દેશમાં મજબૂત આર્થિક પ્રવૃત્તિઓનું પ્રમાણ આપે છે.

### વૈશ્વિક પડકારો અને મેન્યુફેક્ચરિંગ સેક્ટર

જોકે, ઈરાન યુદ્ધને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાતા મેન્યુફેક્ચરિંગ સેક્ટરની ગતિમાં ઘટાડો જોવા મળ્યો છે. મેન્યુફેક્ચરિંગનો ગ્રોથ ૧૨.૮% થી ઘટીને ૭.૩% થયો છે. તેમજ છેલ્લા ક્વાર્ટરમાં જીડીપી ગ્રોથ ૭.૮% રહ્યો છે, જે ઓક્ટોબર-ડિસેમ્બરના ૮% ની તુલનાએ સામાન્ય ઘટાડો દર્શાવે છે. આ તમામ પડકારો છતાં ખાનગી વપરાશ (પ્રાઈવેટ કન્ઝમ્પશન) ૫.૬% થી વધીને ૭.૧% થતાં અર્થતંત્રને મોટી રાહત મળી છે.

### આરબીઆઈના નવા અનુમાન

આર્થિક સ્થિરતા અને વૈશ્વિક રાજકીય તણાવને ધ્યાનમાં રાખીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે જીડીપી ગ્રોથનો અંદાજ ૬.૯% થી ઘટાડીને ૬.૬% કર્યો છે. ઈરાન-હોર્મુઝ સંકટ છતાં ભારતની આર્થિક પ્રગતિ તેજ: ૭.૭% ગ્રોથ રેટ તેલના ભાવમાં રહેલી અસ્થિરતા અને સ્થાનિક જોખમોને ધ્યાનમાં રાખીને મધ્યસ્થ બેંકે આ સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે.

### રોજગારી અને ભવિષ્યની રાહ

જીડીપીમાં થયેલા આ વધારાને કારણે દેશમાં રોજગારીની નવી તકોનું સર્જન થવાની આશા છે. આગામી સમયમાં ચોમાસાની સ્થિતિ અને વૈશ્વિક મોંઘવારી એ અર્થતંત્ર માટે મહત્વના પડકારો રહેશે. સર્વિસ અને કન્સ્ટ્રક્શન સેક્ટરે જીડીપીને વેગ આપ્યો. સરકાર હવે મેન્યુફેક્ચરિંગ સેક્ટરને બેઠું કરવા માટે નવા પ્રોત્સાહનો આપવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે, જેથી આર્થિક રફ્તારને લાંબા ગાળા સુધી જાળવી શકાય.

### CM શિવકુમારે ગઈકાલે જ વિભાગો વહેંચ્યા હતા

# કર્ણાટકના કેબિનેટ મંત્રી રામલિંગા રેડ્ડીએ રાજીનામું આપ્યું: પસંદગીનું ખાતું ન મળતા નારાજ હતા

(એજન્સી) બેંગલુરુ । તા. 05

કર્ણાટકના મુખ્યમંત્રી ડીકે શિવકુમારની કેબિનેટમાં વિભાગોની વહેંચણી બાદ સત્તાધારી કોંગ્રેસ પક્ષમાં આંતરિક અસંતોષ સામે આવ્યો છે. વરિષ્ઠ મંત્રી રામલિંગા રેડ્ડીએ ખાતાની ફાળવણીથી નારાજ થઈને પોતાના મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું છે. રેડ્ડી બેંગલુરુ વિકાસ વિભાગ મેળવવા ઈચ્છતા હતા, પરંતુ તેમને જળ સંસાધન વિભાગ સોંપવામાં આવતા તેમણે આ નારાજગી વ્યક્ત કરી હતી.



● મુખ્યમંત્રી સાથેના વચન પાલનનો મુદ્દો ઉઠાવતા રામલિંગા રેડ્ડી

### રેડ્ડીએ જણાવ્યું, "હું હજુ પણ કોંગ્રેસમાં છું"

રાજીનામાની જાહેરાત બાદ પ્રેસ કોન્ફરન્સમાં રામલિંગા રેડ્ડીએ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ પક્ષ છોડી રહ્યા નથી. તેમણે કહ્યું, 'હું હજુ પણ કોંગ્રેસનો સભ્ય છું, મેં પાર્ટીમાંથી રાજીનામું આપ્યું નથી. છેલ્લા ૫૩ વર્ષથી મેં પક્ષની અનેક જવાબદારીઓ નિભાવી છે અને ઘણા મુખ્યમંત્રીઓની કેબિનેટમાં કામ કર્યું છે. મેં ક્યારેય કોઈની પાસે મંત્રી પદની માંગણી કરી નથી.'

### કેબિનેટ મીટિંગમાંથી બહાર નીકળી ગયા હતા રેડ્ડી

ગુરુવારે યોજાયેલી પ્રથમ કેબિનેટ બેઠક દરમિયાન રેડ્ડીએ મુખ્યમંત્રી ડીકે શિવકુમારને ૨૦૨૩માં આપેલા વચનની યાદ અપાવી હતી, જેમાં તેમને કેબિનેટ ફેરબદલ વખતે બેંગલુરુ વિકાસ વિભાગ આપવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું. આ વચનનું પાલન ન થતા તેઓ બેઠકમાંથી અધવચ્ચેથી બહાર નીકળી ગયા હતા.

### TCS કેસની પીડિતાનો ખુલાસો- પાકિસ્તાની મૌલવીઓના વીડિયો બતાવ્યા

(એજન્સી) નાસિક । તા. 05

મહારાષ્ટ્રના નાસિકમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) ઓફિસમાં જાતીય સતામણી અને બળજબરીથી ધર્માંતરણ કેસની ચાર્જશીટમાં નવા ખુલાસા થયા છે. ચાર્જશીટ મુજબ, આરોપીઓએ સુનિયોજિત કાવતરા હેઠળ પીડિતોને નિશાન બનાવ્યા હતા. એક પીડિતાએ પોલીસને જણાવ્યું કે તેને પાકિસ્તાની ઈસ્લામિક મૌલવી તારિક જમીલ અને ઝાકિર નાઈકના વીડિયો બતાવવામાં આવતા હતા.ગયા અઠવાડિયે નાસિકની એક અદાલતમાં રજૂ કરાયેલી ચાર્જશીટ મુજબ, આ વીડિયો પીડિતોને એટલા માટે બતાવવામાં આવ્યા હતા જેથી તેઓ ઈસ્લામ વિશે જાણી શકે.

### ફાયરિંગ કેસમાં ખાન સરની મુશ્કેલીમાં વધારો

# પટનામાં ફાયરિંગ કેસમાં ખાન સર વિરુદ્ધ પોલીસની કડક કાર્યવાહી

(એજન્સી) પટના । તા. 05

બિહારની રાજધાની પટનામાં ચકચારી ફાયરિંગ કેસમાં શિક્ષણ ક્ષેત્રના જાણીતા નામ 'ખાન સર' ઉર્ફે ફૈસલ ખાનની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. કદમકુઆં પોલીસ સ્ટેશનમાં ખાન સર વિરુદ્ધ હત્યાના પ્રયાસ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કેસ બાદ પટનામાં તંગદિલીનો માહોલ જોવા મળી રહ્યો છે અને કોચિંગ સેન્ટરની બહાર વિદ્યાર્થીઓનો હોબાળો પણ થયો છે.પટનામાં હાલમાં શાંતિ જાળવવી એ પોલીસ માટે સૌથી મોટું પડકાર છે.

**પોલીસ દ્વારા તપાસ તેજ, વિદ્યાર્થીઓને અપીલ**

### FIR અને કાયદાકીય ગૂંચવણો

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ખાન સરના ગાર્ડ્સ દ્વારા આપવામાં આવેલા નિવેદનના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે. આક્ષેપ છે કે ખાન સરે ગાર્ડ્સને ગોળી ચલાવવાનું સૂચન કર્યું હતું. આ મામલે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૦૯ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

### ખાન સરનો પક્ષ અને વિડિયો સંદેશ

બીજી તરફ, પોતાની ધરપકડની અટકળો વચ્ચે ખાન સરે એક વીડિયો જારી કરીને વિદ્યાર્થીઓ સામે પોતાનો પક્ષ રજૂ કર્યો છે. ક્લાસરૂમમાં શૂટ કરવામાં આવેલા આ વીડિયોમાં તેઓ સીસીટીવી ફૂટેજ બતાવીને દાવો કરી રહ્યા છે કે તેમને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

# બાળકો અને દેશના ભવિષ્ય માટે બધા એક થઈ જાઓ અને માંગ કરો, "બસ, હવે વધુ નહીં સહીએ" : કેજરીવાલ



(એજન્સી) અમદાવાદ । તા. 05

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે પેપર લીક અને ગડબડીના મુદ્દાઓમાં કેન્દ્ર સરકારના ઢીલા વલણ પર પ્રશ્નો ઉઠાવ્યા છે. સાથે જ તેમણે દેશની જનતાને રસ્તા પર ઉતરવાની અપીલ કરતાં કહ્યું કે પોતાના બાળકો, પરિવાર અને દેશ માટે એકજૂટ થઈને સરકાર પાસે માંગ કરો કે બસ, હવે વધુ નહીં સહીએ. તેમણે કહ્યું કે પેપર લીક અબજો-ખરબોનો ધંધો છે. આ ધંધામાં ઘણા મોટા મોટા લોકો સામેલ છે. જ્યાં સુધી તમે બધા લોકો રસ્તા પર ઉતરીને સરકારને મજબૂર નહીં કરો, ત્યાં સુધી આ ધંધો બંધ નહીં થાય અને આવતા વર્ષે ફરીથી આવા જ તમામ પેપરોમાં ગડબડી થશે.શુક્રવારે અરવિંદ કેજરીવાલે X પર એક વીડિયો સંદેશમાં કહ્યું કે પેપર લીક અબજો-ખરબોનો ધંધો છે અને તેમાં ઘણા મોટા મોટા લોકો સામેલ છે. આ પેપર લીક બંધ કેમ નથી થઈ રહ્યું? દર બે-ત્રણ વર્ષે પેપર લીક થઈ રહ્યા છે. તેમણે કહ્યું કે પંજાબમાં ચાર વર્ષથી આમ આદમી પાર્ટીની સરકાર છે. આ ચાર વર્ષમાં એક પણ પેપર લીક થયું નથી. કોઈપણ પેપરમાં કોઈ ગડબડી થઈ નથી. અમે દિલ્હીમાં પણ 10 વર્ષ સરકાર ચલાવી. દિલ્હીમાં પણ કોઈ પેપર લીક થયું નથી. કોઈપણ પેપરમાં કોઈ ગડબડી થઈ નથી. પરંતુ કેન્દ્ર સરકારના દરેક પેપરમાં ગડબડી થઈ રહી છે. દરેક પેપર લીક થઈ રહ્યું છે, કોઈ ને કોઈ ગડબડી થઈ રહી છે. આ બધું નિયતનો પ્રશ્ન છે. તેમની નિયત ખરાબ છે અને અમારી નિયત સાફ છે.

### એક બિઝનેસમેનને ફાયદો પહોંચાડવાનો, રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ માટે 1.5 કરોડ વૃક્ષો અને દેશના વારસાનો નાશ

# રાહુલનો આરોપ- ગ્રેટ નિકોબાર પ્રોજેક્ટનો હેતુ સુરક્ષા નહીં

(એજન્સી) નવી દિલ્હી। તા. 05

વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર કેન્દ્ર સરકારના મહત્વાકાંક્ષી 'ગ્રેટ નિકોબાર પ્રોજેક્ટ' મુદ્દે આકરા પ્રહાર કર્યા છે. રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ દેશની સુરક્ષા નથી, પરંતુ એક ચોક્કસ બિઝનેસમેનને ફાયદો પહોંચાડવાનો છે. તેમણે આ પ્રોજેક્ટને પર્યાવરણ અને આદિવાસી સંસ્કૃતિ માટે જોખમ ગણાવતા સરકાર પર જૂઠું બોલવાનો આરોપ લગાવ્યો છે.રાહુલ ગાંધીએ પિટિશન દ્વારા લોકોને લોભને બદલે હરિયાળી પસંદ કરવા અપીલ કરી છે.



### સરકારનો દ્રષ્ટિકોણ: વ્યૂહાત્મક મહત્વ

બીજી તરફ, કેન્દ્ર સરકાર આ પ્રોજેક્ટને આશરે ૯૦,૦૦૦ કરોડ રૂપિયાનો બહુહેતુક પ્રોજેક્ટ ગણાવે છે. સરકારની દલીલ છે કે આંતરરાષ્ટ્રીય ટ્રાન્સશિપમેન્ટ પોર્ટ, એરપોર્ટ અને નવી ટાઉનશીપ ભારતની દરિયાઈ સુરક્ષા અને ઈન્ડો-પેસિફિક વ્યૂહરચના માટે અનિવાર્ય છે. ગ્રેટ નિકોબાર વિશ્વના સૌથી વ્યસ્ત મલક્કા સ્ટ્રેટની નજીક હોવાથી, તે વૈશ્વિક વેપાર અને ઊર્જા પુરવઠા માટે વ્યૂહાત્મક રીતે મહત્વનું છે.

### પર્યાવરણ અને વિકાસનો વિવાદ

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર ૧૬ મિનિટનો એક વિસ્તૃત વીડિયો શેર કરીને પોતાની અંદામાન-નિકોબારની મુલાકાતની વિગતો જણાવી છે. તેમણે કહ્યું કે, 'હું ઈન્દિરા પોઈન્ટ પર ઊભો હતો અને સદીઓ જૂના વૃક્ષો નીચેથી પસાર થયો છું. દુનિયાની સૌથી શાનદાર કોરલ રીફ જોઈ છે. આ પ્રોજેક્ટથી ભારતની આ અમૂલ્ય ઈકોલોજિકલ જમીન પર હોટલ અને કસિનો બનશે, જે દેશહિતમાં નથી.' રાહુલ ગાંધીના મતે, આ પ્રોજેક્ટ માટે ૧.૫ કરોડ વૃક્ષો કાપવામાં આવશે, જે પર્યાવરણ માટે મોટી હોનારત સમાન છે.

### આદિવાસી અધિકારો અને વિસ્થાપનનો મુદ્દો

રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો છે કે આદિવાસી સમુદાયની જમીનો 'વન અધિકાર અધિનિયમ'નું ઉલ્લંઘન કરીને છીનવવામાં આવી રહી છે. ટાપુઓ પર વર્ષોથી સ્થાયી થયેલા પૂર્વ સૈનિકો અને સ્થાનિકોને પણ યોગ્ય વળતર મળતું નથી. તેમણે એવો પણ દાવો કર્યો કે નૌકાદળ પાંચ વર્ષથી જે 'INS બાજ'ના વિસ્તરણની માંગ કરી રહ્યું છે તેને અવગણવામાં આવ્યું છે, કારણ કે સરકારનું ધ્યાન વ્યૂહાત્મક જરૂરિયાતોને બદલે રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ પર છે.દરિયાઈ જૈવવિવિધતા અને સ્થાનિક સંસ્કૃતિને સુરક્ષિત રાખવી એ વિકાસની પૂર્વશરત હોવી જોઈએ.

# રાજસ્થાનમાં ઈબોલા વાયરસનો પહેલો શંકાસ્પદ કેસ મળ્યો:19 વર્ષની યુવતીમાં ચેપ જેવા લક્ષણો મળ્યા

(એજન્સી) જયપુર। તા. 05

રાજસ્થાનમાં ઈબોલા વાયરસનો પહેલો શંકાસ્પદ કેસ મળ્યો છે. યુગાન્ડાથી જયપુર ફરવા આવેલી 19 વર્ષની યુવતીમાં ઈબોલા સંક્રમણ જેવા લક્ષણો મળ્યા છે. યુવતી શુક્રવારે (5 જૂન) સવારે એર અરેબિયા એરલાઈન્સની ફ્લાઈટથી શારજાહથી જયપુર પહોંચી.એરપોર્ટ પર સ્ક્રીનિંગમાં તે શંકાસ્પદ મળી. તે રાજસ્થાન યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સિસ (RUHS) માં દાખલ છે. તેને આઈસોલેશનમાં રાખવામાં આવી છે. ફ્લાઈટમાં તેની સાથે આવેલા બીજા મુસાફરોને પણ ઘરમાં જ અલગ રહેવાના દિશા-નિર્દેશો આપવામાં આવ્યા છે.




### આઈસોલેશન અને મેડિકલ તપાસ

યુવતીને હાલમાં રાજસ્થાન યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સિસ (RUHS) હોસ્પિટલના ક્રિટિકલ કેર બ્લોકમાં આઈસોલેશનમાં રાખવામાં આવી છે. RUHS ના અધિક્ષક ડો. અનિલ ગુપ્તાએ સ્પષ્ટ કર્યું છે.

### ઈબોલાનું વૈશ્વિક સંકટ

વૈશ્વિક સ્તરે ઈબોલા વાયરસનો 'બુંડીબુગ્યો' વેરિઅન્ટ ઝડપથી ફેલાઈ રહ્યો હોવાથી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ તેને ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. કોંગોમાં છેલ્લા ૨૦ દિવસમાં ૨૦૦થી વધુ લોકોના મૃત્યુ ઈબોલાને કારણે થયા છે.

### ઉદયનિધિ બોલ્યા- કોંગ્રેસે દગો કર્યો, 20 વર્ષનું ગઠબંધન તોડીને TVKને સમર્થન આપ્યું

# DMK 8 જૂને I.N.D.I.A. બ્લોકની બેઠકમાં સામેલ નહીં થાય

(એજન્સી) ચેન્નઈ। તા. 05

તમિલનાડુ વિધાનસભામાં વિપક્ષના નેતા ઉદયનિધિ સ્ટાલિને કહ્યું કે કોંગ્રેસે અભિનેતા વિજયની પાર્ટી TVK ને સમર્થન આપીને DMK સાથે દગો કર્યો છે. તેઓ કોંગ્રેસના આ વિશ્વાસઘાતને ક્યારેય ભૂલશે નહીં.

ગુરુવારે ચેપોક-ટ્રિપ્લિકેન મતવિસ્તારમાં એક આભાર સભાને સંબોધિત કરતા ઉદયનિધિએ કહ્યું- ચૂંટણી પછી કોંગ્રેસના જેટલા પણ ધારાસભ્યો જીત્યા. તેઓ DMK નેતાને મળ[illegible] ન આવ્યા.

આ દરમિયાન DMK એ 8 જૂને દિલ્હીમાં યોજાનારી I.N.D.I.A. બ્લોકની બેઠકમાં ન જવાનો નિર્ણય લીધો છે.

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ, DMK ગઠબંધનનો ભાગ હતી. ચૂંટણી પછી કોંગ્રેસના પાંચ ધારાસભ્યોએ TVK ને સમર્થન આપી દીધું. આ પછી DMK અને કોંગ્રેસનું લગભગ 20 વર્ષ જૂનું ગઠબંધન તૂટી ગયું.



● કોંગ્રેસના સમર્થનથી અભિનેતા વિજયની TVK પક્ષ સત્તામાં, ડીએમકે-કોંગ્રેસના સંબંધોનો અંત

### ગઠબંધન કેમ તૂટ્યું?

તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને ડીએમકે ગઠબંધન તરીકે મેદાનમાં હતા. જોકે, પરિણામો આવ્યા બાદ કોંગ્રેસના પાંચ ધારાસભ્યોએ પલટી મારીને અભિનેતા વિજયની TVK પાર્ટીને સમર્થન આપી દીધું હતું, જેણે ડીએમકેની સત્તાને મોટો ફટકો આપ્યો હતો. 'ચૂંટણી પછી જીતેલા કોંગ્રેસના ધારાસભ્યો ડીએમકે નેતાઓને મળવા સુદ્ધા ન આવ્યા, આ સ્પષ્ટપણે વિશ્વાસઘાત છે.'

### વિપક્ષી ગઠબંધનથી પણ દૂરી

ડીએમકે અને કોંગ્રેસ વચ્ચેનો તણાવ હવે રાષ્ટ્રીય સ્તરે પણ જોવા મળી રહ્યો છે. ડીએમકેએ દિલ્હીમાં ૮ જૂને યોજાનારી I.N.D.I.A. બ્લોકની બેઠકમાં ભાગ ન લેવાનો નિર્ણય લીધો છે. એટલું જ નહીં, લોકસભામાં પણ ડીએમકેએ પોતાની બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરવાની માંગ કરી છે. સાંસદ કનિમોઝીએ લોકસભા સ્પીકરને પત્ર લખીને જણાવ્યું હતું કે, બદલાયેલા રાજકીય સંજોગોમાં કોંગ્રેસના સાંસદોની બાજુમાં બેસવું હવે યોગ્ય નથી.

### ગઠબંધનનો લાંબો ઈતિહાસ

કોંગ્રેસ અને ડીએમકેના સંબંધો હંમેશા ઉતાર-ચઢાવવાળા રહ્યા છે. ૧૯૭૧માં ઈન્દિરા ગાંધી અને કરુણાનિધિ વચ્ચેની મિત્રતાથી શરૂ થયેલી આ સફર ૧૯૯૧માં રાજીવ ગાંધીની હત્યા બાદ ગંભીર તણાવમાં આવી હતી. જોકે, ૨૦૦૪માં બંને પક્ષો ફરી નજીક આવ્યા અને યુપીએ (UPA) સરકારમાં સાથે રહ્યા. ૨૦૧૯ અને ૨૦૨૧ની ચૂંટણીઓમાં પણ આ ગઠબંધન સફળ રહ્યું હતું.

### ભવિષ્યની રાજકીય સ્થિતિ

અભિનેતા વિજયની TVK પાર્ટીએ વિધાનસભામાં ૧૦૮ બેઠકો જીતીને તમિલનાડુમાં પોતાની તાકાત બતાવી દીધી છે. કોંગ્રેસનું આ નવું સમીકરણ રાજ્યના રાજકારણને સંપૂર્ણપણે બદલી નાખશે. હવે જ્યારે ડીએમકે I.N.D.I.A. ગઠબંધનથી પણ અલગ થઈ રહ્યું છે, ત્યારે આગામી સમયમાં તમિલનાડુ અને રાષ્ટ્રીય સ્તરના રાજકીય સમીકરણો કેવા હશે તે જોવું રહ્યું.

ઈટાલીયાએ ફેસબૂક લાઈવના માધ્યમથી એક અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ

# ૧૪૦ વર્ષ જૂનો અંગ્રેજોનો કાયદો કેમ? ખેડૂતોના ખેતરમાં બળજબરી ટાવર સામે ગોપાલ ઈટાલિયાનો આક્રોશ

અમદાવાદ : આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ફેસબૂક લાઈવના માધ્યમથી એક અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ખેડૂતોના ખેતરમાં દાદાગીરીથી, ગુંડાગર્દી કરીને, પોલીસ ભાડે લાવીને થાંભલા નાખવાનો જે મુદ્દો છે એને અલગ અલગ ત્રણ રીતે મેં વિધાનસભામાં રજૂ કર્યો હતો. મેં વિધાનસભામાં પ્રશ્ન પૂછ્યો હતો કે આ કંપનીઓ જે પોલીસ લઈને આવે છે તો તેના માટે કંપની કેટલું ભાડું ચૂકવે છે, તો લેખિતમાં મને જવાબ આપવામાં આવ્યો કે બે જિલ્લામાં બે વર્ષમાં કંપનીઓએ 18 કરોડ ભાડું ચૂક્યું છે. એનો મતલબ કે પોલીસ ભાડે આવે છે પરંતુ સરકારી કામ માટે નથી આવતી. તો ગુજરાતના તમામ ખેડૂતો અને પોલીસના મિત્રો એ વાત જાણી લે કે થાંભલા નાખવાનું કામ જે ચાલી રહ્યું છે એ કોઈ સરકારી કામ નથી, પ્રાઈવેટ કામ છે, આ કામ પૂરું કરવા માટે કંપનીઓ પોલીસ ભાડે લઈ જાય છે, અને સરકાર પોલીસ ભાડે આપે છે જેને ઓન પેમેન્ટ બંદોબસ્ત કહેવામાં આવે છે. તો ખેડૂતોને એટલું જ કહેવા માંગીશ કે કંપનીઓ જે પોલીસ લઈને આવે છે એનાથી આપણને ડરવું ન જોઈએ.

વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, અંગ્રેજોએ ટેલિગ્રાફ માટે 1885માં જે કાયદો બનાવ્યો હતો એવોને એવો જ કાયદાનો ઉપયોગ ભાજપ સરકાર 2026માં કરી રહી છે. અંગ્રેજોએ તો ખેડૂતોની જમીનો પચાવી પાડવા માટે આ કાયદો બનાવ્યો હતો. તો હવે ભાજપના નેતા ઈચ્છે તો સારો કાયદો બનાવવો જોઈએ ને. તો હવે આ ખેડૂતો માટે મેં એક બિલ તૈયાર કર્યું છે અને જો બધા ધારાસભ્ય



આ બિલના સમર્થનમાં વોટ આપશે અને સાઈન કરશે તો આ બિલ કાયદો બનશે. તો જ્યાંથી વીજ લાઈન નીકળવાની હોય ત્યાં ઝાડ, તાર જેવી જગ્યાનું વળતર હોય નહીં, પરંતુ થાંભલું નાખવાના કારણે જે જમીનની માર્કેટ વેલ્યુ ઘટી જાય છે, તે મૂળ માર્કેટ વેલ્યુનું વળતર આપવાનું હોય છે, પરંતુ એની કોઈ ચર્ચા પણ કરતા નથી. આવું વળતર ન ચૂકવવું પડે એટલા માટે ભાડે પોલીસ લઈને આવીને બળજબરીપૂર્વક પ્રાઈવેટ કંપનીના થાંભલા ખેડૂતના ખેતરમાં નાખી દેવામાં આવે છે.

વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, બીજો મુદ્દો એ કે હાલ એક ખેડૂત દાખલા તરીકે પાંચ લાખના વળતરમાં રાજી થઈ જાય છે અને ભવિષ્યમાં એમના બે દીકરા માટે જમીનના બે ભાગ પડે છે અને એક દીકરાના ભાગમાં થાંભલા વાળી જમીન આવે છે તો એનું શું? કારણ કે કંપની કે સરકાર આ વિષય નથી વિચારતી. બીજી બાબત એ કે ઘણા ખેડૂતોની જમીન એવી જગ્યાએ હશે કે જેની નજીકમાં જ મોટું શહેર હશે અને ચાર પાંચ વર્ષ બાદ એક ખેતર સુધી શહેર આવી જશે અને એ ખેતરને NA કરીને તેના પર બિલ્ડીંગ બનવાના ચાન્સ વધી જશે. પરંતુ જો જમીનમાં થાંભલા હશે તો ત્યાં કોઈપણ પ્રકારની બિલ્ડીંગ ઊભી થઈ શકશે નહીં કે કોઈ પણ પ્રકારનો બાંધકામ થશે નહીં, તું મારો તો એવું કહે છે કે જેટલી જમીનમાં થાંભલો નાખે છે એટલી જમીનનું સંપાદન કરીને માર્કેટ વેલ્યુ પ્રમાણે જ ખરીદી જ લેવી જોઈએ. હાલમાં કલેકટરને અંગ્રેજોના કાયદા પ્રમાણે બધી સત્તા આપી દેવામાં આવી છે. જમીનની સ્થિતિ બદલાઈ, નવી પેઢી આવી, નવી ટેકનોલોજી આવી, નવા સાધનો આવ્યા, તો કાયદો પણ એ પ્રમાણે સમય સાથે બદલાવવું જોઈએ. કાયદો 1885નો અને વીજળીના તાર નાખવામાં આવે છે 2026માં, તો આ કેવી રીતે ચાલશે?

# વિશ્વ પર્યાવરણ દિવસ પર AMCની અનોખી પહેલ

## "કેચ ધ રેઈન" અભિયાનથી અમદાવાદમાં દર વર્ષે 35 કરોડ લિટર વરસાદી પાણી સંગ્રહ કરવાનું ભવ્ય લક્ષ્ય

અમદાવાદ | અમદાવાદ જેવા ઝડપથી વિકસતા શહેરમાં પાણીની માંગ સતત વધી રહી છે અને ભૂગર્ભ જળસ્તર ચિંતાજનક રીતે ઘટી રહ્યું છે. પાણીની આ અછતને પહોંચી વળવા, ગ્રાઉન્ડ વોટર લેવલ વધારવા તેમજ વરસાદી પાણીના વૈજ્ઞાનિક સંચાલનને પ્રોત્સાહન આપવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા "કેચ ધ રેઈન" અભિયાન વેગવંતું બનાવવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત અમદાવાદની આશરે 1750 જાહેર ઈમારતોમાં રૂફ-ટોપ રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ સ્થાપિત કરવાની મહત્વકાંક્ષી યોજના અમલમાં મૂકવામાં આવી છે. હાલમાં આ પ્રોજેક્ટની લગભગ ૫૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે અને ચોમાસા પૂર્વે અંદાજે 1000 જેટલી સિસ્ટમ કાર્યરત થઈ જશે. બાકીની કામગીરી ચોમાસા દરમિયાન અને ત્યારબાદ પણ ચાલુ રાખવામાં આવશે. આ પ્રોજેક્ટમાં AMCના મુખ્ય કાર્યાલયો, ઝોનલ અને વોર્ડ ઓફિસો, હોસ્પિટલો, શાળાઓ, લાઈબ્રેરીઓ, અર્બન હેલ્થ સેન્ટરો તેમજ પાણી પંપિંગ સ્ટેશનોનો સમાવેશ કરાયો છે. રૂફ-ટોપ રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ અંતર્ગત ધાબા અને ખુલ્લા વિસ્તારોમાં પડતું વરસાદી પાણી એકત્રિત કરીને વિશિષ્ટ ફિલ્ટરેશન પ્રક્રિયા દ્વારા શુદ્ધ કરવામાં આવે છે. વરસાદી પાણીમાં રહેલા પ્લાસ્ટિકના ટુકડા, પાંદડા અને અન્ય કચરાને દૂર કરવા માટે Apollo Screens પ્રાઈવેટ લિમિટેડ દ્વારા વિકસાવવામાં આવેલી સ્ટેનલેસ સ્ટીલ આધારિત 'વેજ વાયર સ્ક્રીન ફિલ્ટર સિસ્ટમ' અને અદ્યતન 'ટ્રિપલ ફિલ્ટર એસેમ્બલી'નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેમાં એક્ટિવેટેડ કાર્બન અને ફિલ્ટર સેન્ડ જેવા માધ્યમો હોવાથી વરસાદી પાણી વધુ સ્વચ્છ, દુર્ગંધમુક્ત અને રિચાર્જ માટે યોગ્ય બને છે. ગુજરાત અને દેશના સ્તરે આ પ્રકારની ટેક્નોલોજીનો પ્રયોગ એક અનોખી અને નવતર પહેલ છે. ગત વર્ષે ચોમાસાની શરૂઆતના આશરે 30 દિવસ દરમિયાન માત્ર 300 રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ દ્વારા જ અંદાજિત 29 મિલિયન લિટર પાણીનું સંરક્ષણ નોંધાયું હતું. આ સફળતાના આધારે, તમામ 1750 સિસ્ટમો કાર્યરત થયા બાદ અને સરેરાશ 30 ઈંચ વરસાદને ધ્યાને લેતા દર વર્ષે અંદાજિત 350 મિલિયન લિટર જેટલા પાણીનો સંચય થવાની સંભાવના છે.

# News Brief

## વાંદરા છોડવા બાબતે યુવકને માર માર્યો : એરપોર્ટ નજીક પકડેલા વાંદરા કેટલા કિમી દૂર છોડવાને લઈને ઝઘડો

અમદાવાદ | શહેરના સરદાર વલ્લભભાઈ એરપોર્ટના રનવે પર કેટલાક વાંદરાઓ આવી જતા હોય છે, ત્યારે એરપોર્ટ પર પકડેલા વાંદરા છોડવા બાબતે વાઈલ્ડલાઈફ એસોશિએશનના સુપરવાઈઝરે રેસ્ક્યુ ટીમના યુવકને ગાળો બોલીને માર મારીને ગળુ દબાવી ધમકી આપી હતી. સુપરવાઈઝરે યુવકને તમે પકડેલા વાંદરા 25ના બદલે 50 કિમી દૂર છોડી આવો તેમ કહેતા મામલો બિચક્યો હતો. આ અંગે યુવકે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં સુપરવાઈઝર સામે ફરિયાદ નોધાવી છે.

મળતી માહિતી વાસણામાં રહેતા નિર્મલસિંહ ઝાલા એરપોર્ટ પર એનિમલના રેસ્ક્યુ ટીમમાં નોકરી કરે છે. ગત 2 જૂને તે નોકરી પર હતો, ત્યારે અદાણી કંપનીમાં વાઈલ્ડલાઈફ એસોસિએશનના સુપરવાઈઝર પ્રદિપ નૂનીયાએ ફોન પર જણાવ્યું કે તમે વાંદરા 25ના બદલે 50 કિમી દૂર છોડી આવો. જેથી નિર્મલસિંહે લેખિતમાં મંજૂરી માંગી હતી. જે બાદ નિર્મલસિંહ અને તેમની ટીમે વાંદરા પકડ્યા હતા તે ક્યાં છોડવા જઈએ તેમ ફોન કરીને પ્રદિપને પૂછ્યું હતું.

જે બાબતે પ્રદિપે મારામાં આ નથી આવતુ તેમ કહીને તે એમટી વિભાગમાં આવ્યો હતો. ત્યાં તેને નિર્મલસિંહને બિભત્સ ગાળો બોલીને તું મને ઓળખતો નથી. હું હરિયાણાનો છું તને ગોળી મારી દઈશ કહીને ઝપાઝપી કરીને ગળુ દબાવી દીધું હતું. જેથી આસપાસના લોકોએ વચ્ચે પડીને છોડાવ્યા હતા. ત્યારે પ્રદિપે નિર્મલસિંહને તું અહિયા કેવી રીતે નોકરી કરે છે તેવી ધમકી આપી હતી. આ અંગે નિર્મલસિંહે પ્રદિપ સામે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે.

## નાગરિકોની સુવિધા માટે 'સુગમ પોર્ટલ' આશીર્વાદરૂપ: એક જ સ્થળેથી મળશે ૩૧ મહત્વપૂર્ણ ઓનલાઇન સેવાઓ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૦૫. ગુજરાત સરકારના ડિજિટલ ઈન્ડિયાના સંકલ્પને સાકાર કરવાના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર જૂનાગઢ દ્વારા નાગરિકો માટે 'સુગમ પોર્ટલ' (Sugam Portal) કાર્યરત કરવામાં આવ્યું છે. આ પોર્ટલના માધ્યમથી નાગરિકોને એક જ સ્થળેથી ૩૧ જેટલી વિવિધ સરકારી ઓનલાઈન સેવાઓ ખૂબ જ સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. 'સેવા સરળ, જીવન સુગમ' ના મંત્ર સાથે શરૂ કરાયેલ આ ડિજિટલ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય જનતાને સરકારી કચેરીઓના ધક્કા ખાવામાંથી મુક્તિ અપાવવાનો અને વહીવટી કામગીરીને વધુ ઝડપી બનાવવાનો છે. નાગરિકો સરકારની સત્તાવાર વેબસાઈટ digitalgujarat.gov.in પર જઈને આ તમામ સેવાઓનો ઓનલાઈન લાભ સંપૂર્ણપણે સુરક્ષિત, ઝડપી અને વિશ્વાસનીય રીતે મેળવી શકે છે. સુગમ પોર્ટલના મુખ્ય લાભો: એક જ સ્થળે બહુવિધ સેવાઓ: વિવિધ પ્રકારના પ્રમાણપત્રો, આવકના દાખલા અને રેશનકાર્ડને લગતી તમામ સેવાઓ હવે એક જ પોર્ટલ પર ઉપલબ્ધ છે. સમય અને પૈસાની બચત: નાગરિકોએ હવે કચેરીઓ સુધી ધક્કા ખાવાની જરૂર નથી, જેનાથી તેમના સમય અને નાણાં બંનેની બચત થશે.કાયદાકીય અને પારદર્શક પ્રક્રિયા: ઓનલાઈન સિસ્ટમના કારણે અરજીની સ્થિતિ જાણી શકાય છે અને સમગ્ર પ્રક્રિયા પારદર્શક બને છે.

# ડ્રગ્સના કાળા કારોબાર પર EDની તવાઈ : સલીમ ડોલાની કરોડોની પ્રોપર્ટીના દસ્તાવેજો જપ્ત થયાં

અમદાવાદ | આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટના ભંડોળ અને કાળા નાણાંની હેરાફેરી વિરુદ્ધ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા એક બહુમોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. કુખ્યાત ડ્રગ્સ માફિયા સલીમ ઈસ્માઈલ ડોલા અને તેના સહયોગીઓ દ્વારા સંચાલિત 'ટ્રાન્સ-નેશનલ ઓર્ગેનાઈઝ્ડ નાર્કોટિક્સ ટ્રાફિકિંગ સિન્ડિકેટ' સામેની તપાસના સંદર્ભમાં EDની મુંબઈ ઝોનલ ઓફિસ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002 હેઠળ ગત 2 અને 3 જૂન, 2026ના રોજ મુંબઈ ઉપરાંત ગુજરાતના સુરત, અંકલેશ્વર અને રાજકોટ સહિત કુલ 21 સ્થળોએ સામૂહિક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ED દ્વારા હાથ ધરવામાં આવેલા આ સર્ચ ઓપરેશનમાં સલીમ ડોલાના સંગઠિત નાર્કોટિક્સ નેટવર્કને સંપૂર્ણપણે આવરી લેવામાં આવ્યું છે. આ ઓપરેશનમાં સિન્ડિકેટ સાથે જોડાયેલા એન્ડ-ટુ-એન્ડ નોડ્સ, જેવા કે પ્રતિબંધિત રસાયણ સપ્લાયર્સ, રાસાયણિક વેપારીઓ, સિન્થેટિક નાર્કોટિક ડ્રગ મેફેડ્રોન (MD) ના ઉત્પાદકો અને વિતરકો, હવાલા ઓપરેટરો તેમજ આ ડ્રગ સિન્ડિકેટ દ્વારા મેળવેલા કાળા ભંડોળમાંથી કરોડો રૂપિયાની બેનામી મિલકતો વસાવનારા વ્યક્તિઓને નિશાન બનાવવામાં આવ્યા છે. આ આકરી કાર્યવાહી પાછળનો મુખ્ય હેતુ ગેરકાયદેસર સપ્લાય ચેઈન અને મની લોન્ડરિંગ ઈકોસિસ્ટમની મહત્વપૂર્ણ કડીઓને તોડીને સિન્ડિકેટના નાણાકીય માળખાને નેસ્તનાબૂદ કરવાનો છે.

# વાડજ પાસે ચંદ્રભાગા કેનાલમાં કાર ખાબકી : બ્રિજ પરનો રસ્તો પૂરો થઈ જતા ગાડી નીચે પડી, ચાલક અને તેનો મિત્ર ઈજાગ્રસ્ત

અમદાવાદ | અમદાવાદમાં વધુ એક બેદરકારીભર્યા ડ્રાઈવિંગનો કિસ્સો સામે આવ્યો છે. ચંદ્રભાગા બ્રિજ પાસે પૂરપાટ ઝડપે દોડી રહેલી કાર બેકાબૂ બનતા સીધી કેનાલમાં ખાબકી ગઈ હતી. મોડી રાત્રે પૂરપાટ ઝડપે આવતી કાર કેનાલમાં ખાબકી જતા આસપાસના લોકો પણ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. તેમજ અકસ્માતમાં કારચાલક અને તેનો મિત્ર ઈજાગ્રસ્ત થતા સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ શરૂ કરી છે. તેમજ કારને અત્યારે ક્રેન મારફતે કેનાલમાંથી બહાર પણ કાઢવામાં આવી છે. બી ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. શહેરના ચંદ્રભાગા બ્રિજ નજીક ગઈકાલે(4 જૂન) મોડી રાત્રે એક ગંભીર અકસ્માતની ઘટના બની હતી. મળતી માહિતી મુજબ નવરંગપુરા વિસ્તારમાં રહેતા વિશાલ શાહ નામનો યુવક પોતાની GJ-18-EE-9000 નંબરની કાર પૂરપાટ ઝડપે ચલાવીને જઈ રહ્યો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલી કાર સીધી જ ચંદ્રભાગા કેનાલમાં ખાબકી ગઈ હતી. કાર પૂરપાટ ઝડપે આવી રહી હતી જેથી આગળ રસ્તાનું કામ ચાલુ છે તે કારચાલકને દેખાયું નહીં હોય. જેથી બ્રિજ પરનો રસ્તો પૂરો થઈ જતા કાર સીધી બ્રિજ પરથી નીચે કેનાલમાં ખાબકી ગઈ હતી. કેનાલમાં કાર ખાબકી ગયા બાદ ધડાકાભેર અવાજ આવતા જ આસપાસના લોકો પણ એકઠા થઈ ગયા હતા. પોલીસ કંટ્રોલ રૂમને સવારે આશરે 4 વાગ્યે ચંદ્રભાગા બ્રિજ નજીક એક ફોર વ્હીલર બ્રિજ પરથી નીચે કેનાલમાં ખાબકી ગઈ હોવાની માહિતી મળી હતી. જેથી માહિતી મળતા જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે 5 જૂનની વહેલી સવારે અંદાજે 2:30 વાગ્યા આસપાસ વિશાલ શાહ પોતાના મિત્ર મુકુન્દ પ્રણવકુમાર પટેલ સાથે કારમાં રાણીપ ડી-માર્ટથી નવી બનતી કેનાલ રોડ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન ચંદ્રભાગા બ્રિજ પાસે પહોંચતા વિશાલે પૂરપાટ ઝડપે કાર હંકાવી હતી. જે બાદ સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર નવી બનતી કેનાલ નીચે આવેલા ખાડામાં ખાબકી ગઈ હતી. જો કે અકસ્માતમાં કાર ચાલક અને તેના મિત્રને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જેથી બંનેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. કાર ચાલક અને તેના મિત્રની તપાસ કરતા વિશાલ શાહ નવરંગપુરાની એવન કેલાશ સોસાયટીમાં રહે છે, જ્યારે પ્રણવકુમાર પટેલ મીરા પાર્ક સોસાયટીમાં રહેતા હોવાનું સામે આવ્યું છે.

# જામનગર જિલ્લામાં ખનીજ માફિયાઓ સામે ભૂસ્તરશાસ્ત્ર વિભાગની કાર્યવાહી

જામનગર | જામનગર જિલ્લામાં ગેરકાયદેસર ખનન અને ખનીજ પરિવહન સામે ભૂસ્તરશાસ્ત્ર વિભાગ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ભૂસ્તરશાસ્ત્રી કેયુર રાજપુરાની સૂચના અનુસાર તપાસ ટીમ દ્વારા જામજોધપુર તાલુકાના જસાપર ગામ તેમજ જામનગર તાલુકાના ધુતારપર ગામ ખાતે દરોડા પાડી ગેરકાયદેસર રીતે સાદી રેતીના ખનન અને પરિવહનમાં સંડોવાયેલા વાહનો જપ્ત કરવામાં આવ્યા હતા. વિગતો મુજબ જામજોધપુર તાલુકાના જસાપર ગામના નદી પટ્ટ વિસ્તારમાં સાદી રેતીના બિનઅધિકૃત ખનન અને વહન અંગે મળેલી બાતમીના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન સ્થળ પરથી ખનન કાર્યમાં ઉપયોગમાં લેવાતું એક જેસીબી મશીન તથા બે ડમ્પર ઝડપી પાડવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલા વાહનોમાં જેસીબી નંબર જીજે-37-એસ-9898 તેમજ ડમ્પર નંબર બીઆર-31-જીએ-6182 અને બીઆર-25-જીએ-6025 નો સમાવેશ થાય છે. ત્રણેય વાહનોના માલિક તરીકે રાજેશભાઈ કાંબરિયાનું નામ સામે આવ્યું છે.

# નરોડા GIDCમાં MSN ઈન્ટરમીડીયેટ્સ કંપનીની આગ કાબૂમાં, એકનું મોત : 2 ઈજાગ્રસ્ત સારવાર હેઠળ, કંપનીમાં વિસેલમાં આગ લાગ્યા બાદ બ્લાસ્ટ થયો

અમદાવાદ | અમદાવાદના નરોડા GIDCમાં અર્બુદા કાંટા પાસે આવેલા કેમિકલ કંપનીમાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયરબ્રિગેડની 6 ગાડીઓ ઘટનાસ્થળ ઉપર રવાના કરવામાં આવી હતી. કેમિકલની ફેક્ટરીના હોવાના કારણે બ્લાસ્ટ થયો હોવાનું પણ જાણવા મળ્યું છે. ફાયરબ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો છે.

ફાયર બ્રિગેડના પ્રાથમિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ નરોડા GIDC વિસ્તારમાં ફેઝ 3માં આવેલી એક કેમિકલની કંપનીમાં આગ લાગી હતી. જેમાં બોઈલરમાં પ્રચંડ બ્લાસ્ટ થયો છે.બ્લાસ્ટ થયો હોવાના કારણે 3 લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી સામે આવી છે.જેમને સારવાર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

કંપનીમાં બ્લાસ્ટ થયા બાદ ત્યાં નજીકમાં પડેલા એક ટ્રકમાં પણ આગ લાગી ગઈ હતી જેમાં પણ પાણીનો મારો ચલાવી આગના કાબુમાં લેવામાં આવી હતી.



આગ સંપૂર્ણપણે કાબુમાં આવી ગઈ છે.કયા કારણોસર અને કયા કેમિકલમાં આગ લાગેલી હતી તે સમગ્ર મામલે એફએસએલની મદદથી તપાસ કરવામાં આવશે.ફાયરબ્રિગેડની ટીમ દ્વારા આ મામલે તપાસ કરવા માટે એફએસએલ અને પોલીસની મદદ લેવામાં આવી છે.

ફાયર ઓફિસર જે.એસ.ગઢવીએ જણાવ્યું હતું કે નરોડા જીઆઈડીસીમાં કેમિકલ ટેન્કમાં આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો.ફાયરબ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી હતી. જ્યાં એક હાઈડ્રોજન ટેંક હતી. જેમાં હાઈડ્રોજન ભરેલું હતું અને આગ લાગી હતી. ફાયરબ્રિગેડ દ્વારા પાણીનો મારો ચલાવી અને આગને કાબૂમાં લીધી છે.હાલમાં પોલીસ, ફાયરબ્રિગેડ અને GPCB દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ઝોન 4 ડીસીપી અતુલ બંસલે જણાવ્યું હતું કે નરોડા જીઆઈડીસી વિસ્તારમાં MSN ઈન્ટરમિડીયેટ્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીમાં કોઈ રિએક્શનના કારણે બ્લાસ્ટ થવાની ઘટના બની હતી.ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી. ત્રણ લોકોને ઈજા થઈ હતી.જેમાં એક વ્યક્તિનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે,જ્યારે બે લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હાલ હોસ્પિટલમાં દાખલ છે. અતુલ બંસલે વધુમાં જણાવ્યું હતું કે, કંપની દ્વારા ક્યાં બેદરકારી દાખવવામાં આવી છે તે અંગેની તપાસ કરવામાં આવશે.ફેક્ટરી ઈન્સ્પેક્ટર અને જીપીસીબી વગેરેની ટીમ દ્વારા તપાસ કરી રિપોર્ટ આપવામાં આવશે.

## વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પંડિત દીનદયાલ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ ખાતે ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૫, રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર હસ્તકના પંડિત દીનદયાલ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી "Inspired by Nature. For Climate. For Our Future." થીમ અન્વયે ઉત્સાહભેર કરવામાં આવી હતી.કાર્યક્રમમાં જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી એન. ડી. વાળા, સરકારી આયુર્વેદ હોસ્પિટલ જૂનાગઢના ગાયનેકોલોજી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.ચેતનાબેન કોડીનારીયા, સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, માઉન્ટ આબુના પૂર્વ પ્રિન્સિપાલ કે.પી. રાજપૂત, પર્વતારોહણ તાલીમ કેન્દ્રના ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડ, દીપકભાઈ ભટ્ટ, તાલીમાર્થીઓ તથા ઈન્સ્ટ્રક્ટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે પર્યાવરણ સંરક્ષણ વિષયે વ્યાખ્યાન અને ચર્ચા સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કે. પી. રાજપૂત અને ઈન્સ્ટ્રક્ટરશ્રીઓએ પર્યાવરણના સંરક્ષણ, કુદરતી સંસાધનોના જતન તથા પ્રકૃતિ પ્રત્યેની જવાબદારી અંગે માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા યુવા વિકાસ અધિકારી એન. ડી. વાળાએ જણાવ્યું હતું કે પર્વતીય અને જંગલ વિસ્તારોમાં પર્યાવરણ જાળવવા માટે સમાજના દરેક વર્ગને જોડાવાની જરૂર છે. ખાસ કરીને યુવાઓએ શારીરિક ફીટનેશની સાથો સાથ સ્વચ્છ હવા માટે વૃક્ષો વાવીને તેનું જતન કરવું જોઈએ. આ ઉપરાંત ઉપસ્થિત સૌને 'એક વ્યક્તિ - એક વૃક્ષ'નો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.

## ધારી ગીર પૂર્વમાં સિંહના મોતનો સિલસિલો, યથાવત વધુ એક ગર્ભસ્થ સિંહણનું મોત નિપજ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ધારી ગીર પૂર્વમાં સિંહોના મોતનો સિલસિલો યથાવત રહેતા ફરી એકવાર સરસિયા રાઉન્ડના લુવારિયા વીડી વિસ્તારમાં બીમાર અને ગર્ભસ્થ સિંહણનું મોત નિપજતાં વન વિભાગ સામે અનેક સવાલો ઉભા થયા છે. છેલ્લા બે-ત્રણ દિવસથી સિંહણ બીમાર હાલતમાં ફરી રહી હોવા છતાં સમયસર સારવાર અને યોગ્ય પેટ્રોલિંગ ન થતાં ગત મોડી રાત્રે તેનું મોત થયું હોવાનુંસામે આવ્યું છે.મૃત સિંહણ છેલ્લા બે દિવસથી કૃષ્ણનગર અને લુવારિયા વિસ્તાર આસપાસ બીમાર હાલતમાં જોવા મળી રહી હતી. સ્થાનિક સ્તરે વન વિભાગને જાણ કરવામાં આવી હોવા છતાં યોગ્ય દેખરેખના અભાવની ચર્ચાઓ ચાલી રહી છે.

## લીલીયા મુકામે બત્રીસમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

લાયન્સ કલબ ઈન્ટરનેશનલના મહત્વના સાઈટ ફર્સ્ટ પ્રોજેક્ટ અંતર્ગત લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) અને શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપક્રમે તેમજ સુદર્શન નેત્રાલય અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી બત્રીસમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ઉમિયા માતાજી મંદિર ઉમિયાધામ લીલીયા મોટા મુકામે તા.૦૪-૦૬-૨૦૨૬ ને ગુરુવાર સવારે ૯-૦૦ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો.આ નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપપ્રાગટ્ય શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપપ્રમુખ શ્રી મનસુખભાઈ ગાંગડીયા અને લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ ઋજુલભાઈ ગોંડલીયા દ્વારા કરવામાં આવેલ હતું.

## ગળતેશ્વર તાલુકામાં વિશ્વ પર્યાવરણ દીવસ નિમિત્તે ભાજપ સંગઠન દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

અશેષ વ્યાસ | ખેડા

પર્યાવરણની સુરક્ષા અને ગ્રીન કવર વધારવાના ઉમદા હેતુ સાથે ગળતેશ્વર તાલુકા ના જરગાલ ખાતે કુદરતી વાતાવરણમાં આવેલા સપ્તેશ્વર મહાદેવ મંદિર ખાતે ગળતેશ્વર તાલુકા ભાજપ સંગઠન દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત આ કાર્યક્રમમાં આ પ્રસંગે તાલુકા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ શ્રી સોનલબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના હસ્તે વૃક્ષારોપણ કર્યું હતું આ પ્રસંગે પ્રમુખ શ્રી સોનલબેન પટેલે જણાવ્યું હતું કે, વૃક્ષો એ માત્ર પ્રકૃતિની શોભા નથી પરંતુ આપણા જીવનનો આધાર છે.

## વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણી: થરાદ વન્યપ્રાણી રેન્જ દ્વારા નડાબેટ અને માવસરી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

થરાદ | ૫ જૂન એટલે કે 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે બનાસકાંઠાના નાયબ વન સંરક્ષકશ્રી (વન્યપ્રાણી વિભાગ) અને મદદનીશ વન સંરક્ષકશ્રી પાલનપુરના માર્ગદર્શન હેઠળ, થરાદ વન્યપ્રાણી રેન્જ દ્વારા સરહદી વિસ્તાર નડાબેટ અને માવસરી ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રકૃતિના જતન માટે જનજાગૃતિ કેળવવાનો અને પર્યાવરણને વધુ હરિયાળું બનાવવાનો હતો.કાર્યક્રમ અંતર્ગત નડાબેટ ખાતે આવેલા બી.એસ.એફ. કેમ્પ તેમજ નડાબેટ એન.ટી.પી. એચ.સી.૫ ખાતે મહાનુભાવોના હસ્તે શાસ્ત્રોક્ત અને ઉત્સાહભર્યા વાતાવરણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## પ્રાકૃતિક કૃષિમાં મિશ્ર પાક પદ્ધતિથી વધે ઉત્પાદન, ઘટે ખર્ચ

પાલનપુર | પ્રાકૃતિક કૃષિ એ ખેતીની એવી પદ્ધતિ છે, જે જમીનની ફળદ્રુપતા જાળવવાની સાથે ખેડૂતોને ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવામાં મદદરૂપ બને છે. ખાસ કરીને નાના અને સીમિત જમીન ધરાવતા ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી લાભદાયી સાબિત થઈ રહી છે. રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકારિતા વિભાગ દ્વારા "આત્મા" પ્રોજેક્ટ હેઠળ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અને તાલીમ કાર્યક્રમો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.પદ્મશ્રી સુભાષ પાલેકરના સંશોધન અને તાંત્રિક સહયોગ તેમજ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક કૃષિમાં મિશ્ર પાક પદ્ધતિનું વિશેષ મહત્વ દર્શાવવામાં આવ્યું છે.

## જૂનાગઢ ખાતે મહિલાઓ માટે ખાસ ઔદ્યોગિક ભરતીમેળો યોજાયો:૪૫ મહિલા ઉમેદવારોની પ્રાથમિક પસંદગી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૦૫ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ તથા મહિલા આઈ.ટી.આઈ.ના સંયુક્ત ઉપક્રમે મહિલા આઈ.ટી.આઈ. કેમ્પસ, પંચેશ્વર રોડ, જૂનાગઢ ખાતે મહિલાઓ માટે ખાસ ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.નોકરીદાતાઓ અને રોજગારવાંચ્છુ મહિલાઓ વચ્ચે સેતુરૂપ બની રોજગારની તકો ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્ય સાથે આ ભરતીમેળો યોજાયો હતો.આ ભરતીમેળા માટે જૂનાગઢ જિલ્લાના ૧૨૦૦થી વધુ ઉમેદવારોને ઈ-મેઈલ તેમજ સોશિયલ મીડિયાના વિવિધ માધ્યમો દ્વારા ઈન્ટરવ્યૂ પ્રક્રિયામાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાંથી ૭૦થી વધુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.ભરતી મેળા માં જૂનાગઢ જ્વેલરી પ્રા. લિ., જૂનાગઢ, બોનાંઝા લક્સ સલૂન એલ.એલ.પી., રાજકોટ તેમજ એચ.ડી.એફ.સી. લાઈફ ઇન્સ્યુરન્સ કંપની લિ., જૂનાગઢના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. નોકરી દાતાઓ દ્વારા પોતાની સંસ્થાઓમાં ઉપલબ્ધ ખાલી જગ્યાઓ, મહેનતાણું, વિવિધ લાભો તથા સુવિધાઓ અંગે ઉમેદવારોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

## ખાંભા ગામના કંટાળા ગામે અત્યંત ચોંકાવનારી ઘટના જમીન બાબતે સગા મોટાભાઈ અને તેમના પરિવારે નાના ભાઈ ની નિર્મમ હત્યા કરી નાખી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ખાંભા તાલુકામાંથી એક અત્યંત ચોંકાવનારી ઘટનાટી સામે આવી છે. કંટાળા ગામે જમીનની ભાગબટાઈના નજીવા વિવાદમાં સગા મોટા ભાઈ અને તેના પરિવારે થઈને નાના ભાઈની નિર્મમ હત્યા કરી નાખતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ લોહીયાળ જંગમાં વચ્ચે પડેલા મૃતકની પત્ની અને અન્ય એક મહિલા પર પણ હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. ઘટના અંગે ખાંભા પોલીસમથકે હત્યા અને રાયોટિંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ઘટનાની મળતી વિગત મુજબ, કંટાળા ગામે રહેતા સોંદરવા પરિવારમાં માતાના નામે આશરે ત્રણ વીઘા જેટલી જમીન આવેલી છે. આ જમીનની ભાગબટાઈ કરવા મુદ્દે પરિવારના સભ્યો વચ્ચે લાંબા સમયથી મનદુઃખ અને આંતરિક વિવાદ ચાલતો હતો. જમીનના હજુ સુધી કોઈ સત્તાવાર ભાગ પડ્યા ન હોવા છતાં, ગત (૩ જૂન) મોડી રાત્રે મોટા ભાઈ નાનજીભાઈ સોંદરવા વિવાદિત જમીનમાં ટ્રેક્ટર ચલાવવા માટે પહોંચ્યા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ૧૨ વર્ષ – વિકાસના, જનવિશ્વાસના અને જનકલ્યાણના ગુજરાતના રિજનલ સાયન્સ સૅન્ટર બન્યાં વૈજ્ઞાનિક ચેતનાના કેન્દ્ર

# પાટણ રિજનલ સાયન્સ સૅન્ટર: ઉત્તર ગુજરાતમાં વૈજ્ઞાનિક ક્રાંતિનું એપીસેન્ટર









પાટણ રિજનલ સાયન્સ સૅન્ટર – બન્યું વિજ્ઞાનનું ઉદ્દીપક





પાટણ | વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એન.ડી.એ. સરકારે ૧૨ વર્ષ પૂર્ણ કર્યા. આ ૧૨ વર્ષમાં ગુજરાતે વિજ્ઞાન અને ટેકનોલોજીક્ષેત્ર નવી ઉંચાઈઓ આંબી છે. રાજ્યમાં છેલ્લા ૧૨ વર્ષમાં વિજ્ઞાના પ્રસાર અને જનમાનસમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસિત કરવા માટે ૪ જેટલા રિજનલ સાયન્સ સૅન્ટરની સ્થાપના કરવામાં આવી છે, જેની ૨૫.૬૪ લાખથી વધુ વિજ્ઞાનપ્રેમીઓએ મુલાકાત લીધી છે.ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી - GUJCOST દ્વારા રાજ્યમાં શરૂ કરવામાં આવેલા રિજનલ સાયન્સ સૅન્ટર જાણે મુલાકાતીઓ માટે જીવંત-પ્રયોગશાળા બની રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં પાટણ, સૌરાષ્ટ્રમાં રાજકોટ, ભાવનગર અને કચ્છમાં શરૂ થયેલા રિજનલ સાયન્સ સૅન્ટર વિવિધ પ્રદેશના નગર અને ગ્રામ્ય વિસ્તારોમાં વિજ્ઞાનપ્રેમીઓની જિજ્ઞાસાને સંતોષી રહ્યા છે.

## રિજનલ સાયન્સ સૅન્ટર, પાટણ: ઉત્તર ગુજરાતમાં વૈજ્ઞાનિક ક્રાંતિનું એપીસેન્ટર

ગુજરાતનાં સ્થાપના દિવસ તા. ૧ મે નિમિત્તે વર્ષ ૨૦૨૨ના રોજ પાટણ સાયન્સ સૅન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું. ઉત્તર ગુજરાતના ગ્રામીણ અને શહેરી વિસ્તારોના નાગરિકોમાં આ કેન્દ્રએ અનોખું આકર્ષણ જમાવ્યું છે. ઉત્તર ગુજરાતમાં શિક્ષણના કેન્દ્ર તરીકે ઓળખાતા પાટણ ખાતે આવેલા સાયન્સ સૅન્ટરની અત્યાર સુધીમાં અંદાજે ૧૪.૮૬ લાખથી વધુ વિજ્ઞાનપ્રેમીઓએ મુલાકાત લીધી. આ રિજનલ સૅન્ટરે ૨૭૦૦થી વધુ શાળાઓને સાંકળી ૭ લાખથી વધુ વિદ્યાર્થી-નાગરિકોને વિજ્ઞાન-અભિમુખ બનાવવામાં ચાવીરૂપ ભૂમીકા ભજવી છે. નોંધપાત્ર બાબત એ છે કે, આસૅન્ટરે વિજ્ઞાન ગ્રામ સભા જેવી પહેલ થકી ગ્રામીણ ક્ષેત્રોમાં મહિલાઓ, ખેડૂતો અને દિવ્યાંગો માટે વિશેષ કાર્યક્રમ આયોજિત કરી વિજ્ઞાનને સર્વસમાવેશક બનાવ્યું છે. આ સૅન્ટર અંગે પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતા એન.એચ.એમ, ગાંધીનગરના તત્કાલિન મિશન ડાયરેક્ટર શ્રી જે.સી.પંડયા કહે છે: “પાટણ રિજનલ સાયન્સ સૅન્ટર તેની અદભૂત માહિતીપ્રદ ગેલેરી થકી વિજ્ઞાનપ્રેમીઓને ઉત્તમ અનુભવ આપી રહ્યું છે.” વર્ષ ૨૦૨૫માં નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ વિજેતા આ સૅન્ટરમાં ૨૦૦ કિલોવોટનો સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવામાં કરી ટકાઉ વિકાસ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરી છે.

## રિજનલ સાયન્સ સૅન્ટર, ભાવનગર: સૌરાષ્ટ્રમાં અનુભવ આધારિત શિક્ષણનું ગ્રીન મોડલ

તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ ભાવનગર ખાતે શરૂ થયેલું રિજનલ સાયન્સ સૅન્ટર ૨૦ એકરમાં વિસ્તરેલું છે. અત્યાર સુધી અંદાજે ૨.૯૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ-નાગરિકો આ સૅન્ટરની મુલાકાત લઈ ચૂક્યા છે. અહીં મરીન, ઑટોમૉબાઈલ, બાયોલૉજી, ઈલેક્ટ્રો-મિકેનિક્સ અને નોબેલ પ્રાઈઝની થીમ પર આધારિત પાંચ ગેલેરીઓ ઉપલબ્ધ છે. વિજ્ઞાનપ્રેમી શ્રી પરેશ.આર.સરવૈયાના મતે અહીં વિવિધ ગેલેરીની જાળવણી ખૂબ સરસ રીતે કરવામાં આવે છે અને સ્ટાફ પણ સારૂ માર્ગદર્શન આપે છે.આ ગેલેરીઓમાં ૯D વર્ચ્યુઅલ રિયાલિટી સિમ્યુલેટર, વિશાળ એક્વેરિયમ, પીઝો ઈલેક્ટ્રિક ફ્લોર અને ઈન્ટરેક્ટિવ પઝલ ઝોન આવેલા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને અનુરૂપ STEM, AI, રોબોટિક્સ અને શિક્ષક-તાલીમ આપતું આ કેન્દ્ર ૧૦૦ kW સોલાર પ્લાન્ટ અને ’ઝીરો વોટર વેસ્ટ’ સાથે સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત ગ્રીન કેમ્પસનું બિરુદ પ્રાપ્ત કરી ચૂક્યું છે.

## ૮૯૦થી વધુ વર્કશોપ, •૫૭૯ વૈજ્ઞાનિક વ્યાખ્યાન-માળા, ૧,૯૦૦થી વધુ વિજ્ઞાન-શો ડીએનએ, રોબોટિક્સ, હાઈડ્રોપોનિક્સ, મેટાટ્રોનિક્સના હેન્ડ્સઓન અભ્યાસક્રમ

## રાજકોટ રિજિનલ સાયન્સ સેન્ટર: ઈનોવેશન અને ફ્યુચરિસ્ટિક ટેક્નોલોજીનું હબ

તા. ૧૯ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ લોકાર્પણ કરવામાં આવેલા રાજકોટ રિજનલ સૅન્ટર હાઉ સ્ટફ વર્ક્સ, રોબોટિક્સ, મશીન એન્જિનિયરિંગ, ગ્લાસ એન્ડ સિરામિક, નોબેલ પ્રાઈઝ અને લાઈફ સાયન્સ જેવી ૬ થીમ આધારિત ગેલેરી ધરાવે છે. લગભગ ૧.૬૭ લાખથી વધુ વિદ્યાર્થીઓએ અને અંદાજે ૩.૬૪ લાખથી વધુ મુલાકાતીઓ અહીં વિજ્ઞાન-જગતના રહસ્યો જાણ્યા-માણ્યા છે. કેમ્પસ ખાતે ઓગમેન્ટેડ રિયાલિટી(AR), વર્ચ્યુઅલ રિયાલિટી(VR), હોલોગ્રામ અને સિમ્યુલેશન ઝોન દ્વારા બાળકોને ડ્રોન ટેક્નોલોજી અને STEM વર્કશોપ જેવી નેક્સ્ટ જનરેશન ટેક્નોલોજીનું શિક્ષણ આપવામાં આવે છે. આમ,વડાપ્રધાનશ્રીના ૧૨ વર્ષના રાષ્ટ્રીય નેતૃત્વની સફર, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાના નેતૃત્વમાં ગુજરાત જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રમાં નિરંતર પ્રગતિ કરી રહ્યું છે.

## ભૂજ રિજનલ સાયન્સ સૅન્ટર – સરહદ સુધી પહોંચી વિજ્ઞાનની જ્યોત

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ લોકાર્પણ થયું. ભુજીયા ડુંગરની તળેટીમાં વસેલું આ કેન્દ્રની મુલાકાત ૧,૧૦૦થી વધુ શાળાઓના ૧.૩૭ લાખથી વધુ વિદ્યાર્થીઓ લઈ ચૂક્યા છે. આજદિન સુધી અંદાજે ૨.૫૭ લાખથી વધુ દેશ-વિદેશના નાગરિકોએ મુલાકાત લીધી છે, જેમાં નાઈજેરિયા, ઓસ્ટ્રેલિયા, યુકે, યુએસએ અને સાઉદી અરેબિયા જેવા દેશોના પ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે. અહી ૬ અદભુત ગેલેરીઓ, 3D મૂવી, મરીન અને સબમરીન સિમ્યુલેટર આવેલું છે. આ સૅન્ટર બાળકો માટે પણ પ્રવૃત્તિઓ ચલાવે છે. અહીં સમર વર્કશોપમાં ૨,૫૦૦થી વધુ બાળકોને ફન વિથ ફિઝિક્સ, એસ્ટ્રોનોમી, મેન્ટલ મેથ્સ અને ઓરિગામીનો પરિચય કેળવવાની તક પૂરી પાડવામાં આવી. તા. ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અહિયાં ભારતની સૌથી મોટી પબ્લિક સ્પેસ ઓબ્ઝર્વેટરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જ્યાં ૨૪ ઈંચ ટેલિસ્કોપ દ્વારા અત્યાર સુધીમાં ૩,૫૦૦થી વધુ નાગરિકોએ અવકાશના રહસ્યોનો તાગ મેળવવાનો પ્રયાસ કર્યો છે.

# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નર્મદા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



રાજપીપલા | વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે નર્મદા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પર્યાવરણ જાગૃતિ અને હરિયાળી વધારવાના હેતુથી વૃક્ષારોપણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત નાંદોદ તાલુકાના વડીયા ગ્રામ પંચાયત ખાતે, સાગબારા તાલુકાના સાગબારા ગ્રામ પંચાયતના કનખાડી ગામે તેમજ તિલકવાડા તાલુકાના તિલકવાડા ગ્રામ પંચાયત હેઠળના તિલકવાડા ગામે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે તાલુકા પ્રમુખશ્રીઓ, તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, તલાટી કમ મંત્રીશ્રીઓ, ગ્રામજનો તેમજ તાલુકા પંચાયતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન પર્યાવરણના સંરક્ષણ, વૃક્ષોના મહત્વ અને હરિયાળું પર્યાવરણ જાળવવા માટે વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા અંગે સૌને સંદેશ આપવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણ માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમો દ્વારા પર્યાવરણ પ્રત્યે જનજાગૃતિ ફેલાવવાનો અને હરિયાળા નર્મદાના નિર્માણ માટે સામૂહિક પ્રયાસોને પ્રોત્સાહન આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## CoinDCX એ 'સતર્ક રહે' સાયબર સુરક્ષા જાગૃતિ અભિયાન શરૂ કરવા માટે ગૃહ મંત્રાલયના I4C સાથે ભાગીદારી કરી

નવી દિલ્હી : ભારતના સૌથી મોટા ક્રિપ્ટો એક્સચેન્જ, CoinDCX એ આજે ’સતર્ક રહે’ નામના સામાજિક-પ્રથમ સાયબર સુરક્ષા જાગૃતિ અભિયાનની શરૂઆતની જાહેરાત કરી. આ અભિયાન ભારતીય સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) અને ગૃહ મંત્રાલય (MHA) સાથે ભાગીદારીમાં શરૂ કરવામાં આવ્યું છે. આ લોન્ચ ’સાયબર જાગરૂકતા દિવસ’ સાથે સુસંગત છે, જે સાયબર ક્રાઈમ અને ડિજિટલ સુરક્ષા વિશે જાગૃતિ ફેલાવવા માટે એક રાષ્ટ્રીય પહેલ છે, જે ગૃહ મંત્રાલયની I4C પહેલ હેઠળ દર મહિનાના પહેલા બુધવારે આયોજીત કરવામાં આવે છે. ’સતર્ક રહે’ અભિયાન એ CoinDCX ના ડિજિટલ સુરક્ષા નેટવર્ક (DSN) નું વિસ્તરણ છે, જે 100 કરોડની પહેલ છે જે નાગરિકોને ડિજિટલ નાણાકીય છેતરપિંડીથી બચાવવા અને સમગ્ર ભારતમાં સાયબર સુરક્ષા જાગૃતિને મજબૂત બનાવવા માટે શરૂ કરવામાં આવી છે. સતર્ક રહે વ્યક્તિને સરળ, સંબંધિત અને સરળતાથી સમજી શકાય તેવી વાર્તા દ્વારા સામાન્ય ડિજિટલ કૌભાંડો ઓળખવામાં અને તેનો જવાબ આપવામાં મદદ કરવા માટે રચાયેલ છે. ’સતર્ક’ પાત્રની આસપાસ બનેલી, આ પહેલ કૌભાંડો વિશે જાગૃતિને વધુ સુલભ અને ભાવનાત્મક રીતે સંબંધિત બનાવવા માટે રોજિંદા પરિસ્થિતિઓ અને સોશિયલ મીડિયા પરની વાતચીતોનો ઉપયોગ કરે છે. ગૃહ મંત્રાલયના ભારતીય સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) ના ડિરેક્ટર શ્રી નિશાંત કુમારે જણાવ્યું હતું કે, ‘સાયબર ગુનેગારો અજાણ્યા વ્યક્તિઓને નિશાન બનાવવા માટે સતત નવી અને અત્યાધુનિક પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. વર્ષોથી, ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) એ સાયબર હાઈજિનને પ્રોત્સાહન આપવા અને નાગરિકોમાં સલામત ડિજિટલ પ્રેક્ટિસને પ્રોત્સાહન આપવા માટે અનેક જનજાગૃતિ પહેલ શરૂ કરી છે, જેમાં સોશિયલ મીડિયા હેન્ડલ ’CyberDost(સાયબરદોસ્ત)’ અને અન્ય રાષ્ટ્રવ્યાપી જાગૃતિ અભિયાનોનો સમાવેશ થાય છે. I4C એ સાયબર-જાગૃત રાષ્ટ્ર બનાવવા માટે સરકાર, ઉદ્યોગ અને નાગરિક સમાજના સહયોગી પ્રયત્નોના મહત્વ પર સતત ભાર મૂક્યો છે. સતર્ક રહે જેવી પહેલો સરળ, સાહજિક અને આકર્ષક ફોર્મેટ દ્વારા સાયબર સુરક્ષા સંદેશાઓને વિશાળ પ્રેક્ષકો સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.‘ ‘ડિજિટલ છેતરપિંડી સામે લડવા માટે જાગૃતિ એ સૌથી મહત્વપૂર્ણ સાધનોમાંનું એક છે. આ વિચારને ધ્યાનમાં રાખીને, અમે ડિજિટલ સુરક્ષા નેટવર્ક શરૂ કર્યું છે. ભારત સરકાર, ગૃહ મંત્રાલયના I4C દ્વારા, દેશભરમાં સાયબર જાગૃતિ વધારવા માટે વ્યાપક કાર્ય કરી રહી છે. સાયબર ક્રાઈમ એક એવો પડકાર છે જેને કોઈ એક સંસ્થા એકલા ઉકેલી શકતી નથી. નાગરિકોને શિક્ષિત અને સશક્ત બનાવવા માટે સરકાર અને ઉદ્યોગે સાથે મળીને કામ કરવાની જરૂર છે. સતર્ક રહેદ્વારા, અમે સાયબર સુરક્ષા માહિતીને વધુ સંબંધિત, સુલભ અને સમજવામાં સરળ બનાવીને અમારો યોગદાન આપવાનો પ્રયાસ કરી રહ્યા છીએ,‘ CoinDCX ના સહ-સ્થાપક સુમિત ગુપ્તાએ ઉમેર્યું.

## ભારતની પ્રથમ આસ્થા આધારિત હોસ્પિટાલિટી બ્રાન્ડ તામરા લેઝર એક્સપીરિયન્સીસે રે બાય તામરા લૉંચ કરી

મુંબઈ : આધુનિક હોસ્પિટાલિટીની દ્રષ્ટિએ ભારતની સૌથી જૂની પ્રવાસ પરંપરાઓમાંથી એકને નવું સ્વરૂપ આપવા માટેના એક સીમાચિહ્નરૂપ પગલાં સ્વરૂપે તામરા લેઝર એક્સપીરિયન્સીસે ભારતની પ્રથમ આસ્થા પર આધારિત ઈન્ટેલિજન્ટ હોસ્પિટાલિટી બ્રાન્ડ રે બાય તામરા લૉંચ કરવાની જાહેરાત કરી હતી. આધ્યાત્મિક યાત્રાઓ પાછળ રહેલી ભાવના કે લાગણી સાથે સંપૂર્ણ આતિથ્યસત્કારનો સમન્વય ધરાવતી આ બ્રાન્ડનું લૉંચિંગ ભારતની પ્રવાસન પૃષ્ઠભૂમિમાં પ્રથમ પ્રકારની બ્રાન્ડ વિભાવના પ્રસ્તુત કરે છે. આ વિભાવના આધ્યાત્મિક યાત્રાને એક કામચલાઉ સફરમાંથી બદલીને એક શ્રેષ્ઠ દરજ્જાનો અનુભવ બનાવે છે. ભારત 4,50,000થી વધારે ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાગત સ્થળો ધરાવતો હોવાથી આ બ્રાન્ડનું લૉંચિંગ દેશનાં આધ્યાત્મિક પર્યટન બજાર માટે એક મહત્વપૂર્ણ વળાંક સમાન છે.



### 20,000 કિલોમીટર દૂર બેસીને ભારતીય સર્જને રચ્યો ઈતિહાસ

## ગાયાનાથી ભારતમાં રોબોટિક ટેક્નોલોજી દ્વારા વિશ્વની સૌથી લાંબી હૃદય ટેલી-સર્જરી, ‘મેડ ઇન ઈન્ડિયા’ SSI Mantra રોબોટિક સિસ્ટમએ બનાવ્યો વિશ્વ રેકોર્ડ



નવી દિલ્હી : ભારતની વિકસિત રોબોટિક ટેક્નોલોજી અને ભારતીય ડોક્ટરોની કુશળતાએ ફરી એકવાર વિશ્વને ચોંકાવી દીધું છે. પ્રખ્યાત કાર્ડિયાક સર્જન ડૉ. સુધીર શ્રીવાસ્તવે ગાયાનામાં બેસીને ભારતના ઈન્દોરમાં આવેલા એક દર્દીના હૃદયની સફળ રોબોટિક ટેલી-સર્જરી કરીને તબીબી ઈતિહાસમાં નવો વિશ્વ રેકોર્ડ સ્થાપ્યો છે. આશરે 20,000 કિલોમીટરના અંતરેથી કરવામાં આવેલી આ સર્જરી વિશ્વની અત્યાર સુધીની સૌથી લાંબા અંતરની રોબોટ-સહાયિત કાર્ડિયાક ટેલી-સર્જરી માનવામાં આવે છે. આ ઐતિહાસિક પ્રક્રિયા ગાયાનાની જ્યોર્જટાઉન પબ્લિક હોસ્પિટલ કોર્પોરેશન (GPHC) અને ભારતની IRCAD ઈન્ડિયા, ઈન્દોર વચ્ચે સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.આ સિદ્ધિની સૌથી વિશેષ વાત એ છે કે આ સર્જરી સંપૂર્ણપણે ભારતમાં વિકસિત SSI Mantra Surgical Robotic System ની મદદથી કરવામાં આવી હતી, જેણે વૈશ્વિક રોબોટિક સર્જરી ક્ષેત્રમાં ભારતને નવી ઓળખ અપાવી છે.20,000 કિલોમીટર દૂરથી સર્જરી કેવી રીતે કરવામાં આવી?ડૉ. સુધીર શ્રીવાસ્તવે ગાયાનામાં સ્થિત SSI MantrAsana Tele-Surgeon Console પર બેસીને સર્જરીને નિયંત્રિત કરી, જ્યારે દર્દી ઈન્દોર સ્થિત IRCAD ઈન્ડિયામાં હાજર હતો.રોબોટિક આર્મ્સે ડોક્ટરના હાથની ગતિવિધિઓને રિયલ-ટાઈમમાં પુનરાવર્તિત કરી અને હૃદય સંબંધિત જટિલ Left Internal Mammary Artery (LIMA) Takedown પ્રક્રિયાને સફળતાપૂર્વક પૂર્ણ કરી.આશરે 290-300 મિલીસેકન્ડની નેટવર્ક લેટન્સી હોવા છતાં સમગ્ર સર્જરી અત્યંત ચોકસાઈ અને સ્થિરતા સાથે પૂર્ણ થઈ હતી. ભારતમાં આ પ્રક્રિયા દરમિયાન મણિપાલ હોસ્પિટલ, જયપુરના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. લલિત મલિક ટેબલ-સાઈડ સર્જન તરીકે હાજર રહ્યા હતા. ગાયાનાના રાષ્ટ્રપતિએ કહ્યું - આરોગ્ય સેવાઓમાં નવા યુગની શરૂઆતગાયાનાના રાષ્ટ્રપતિ ડૉ. મહંમદ ઈરફાન અલીએ આ સિદ્ધિને દેશના આરોગ્ય ક્ષેત્ર માટે ઐતિહાસિક ક્ષણ ગણાવી હતી.

## કિયા ઈન્ડિયા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરે છે; તેના વર્કશોપ અને ઓફિસોમાં રાષ્ટ્રવ્યાપી સસ્ટેનેબિલિટી ડ્રાઈવનું આયોજન



નવી દિલ્હી : દેશની અગ્રણી માસ-પ્રીમિયમ ઓટોમોબાઈલ ઉત્પાદકમાંથી એક કિયા ઈન્ડિયાએ 5 જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે જૂનના પ્રથમ અઠવાડિયા દરમિયાન તેના 500+ રાષ્ટ્રવ્યાપી વર્કશોપ નેટવર્ક અને કોર્પોરેટ ઓફિસોમાં સસ્ટેનેબિલિટી-કેન્દ્રિત પહેલના વ્યાપક સંચની જાહેરાત કરી છે. આ પહેલ ગ્રાહકો, કર્મચારીઓ, ડીલર ભાગીદારો અને સ્થાનિક સમુદાયોમાં વધુ જાગૃતિ લાવવા સાથે કિયા ઈન્ડિયામૈ ટકાઉપણું અને જવાબદાર વ્યાવસાયિક પ્રથાઓ અને પર્યાવરણીય ભાળ પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.ઝુંબેશના ભાગરૂપે, કિયા વર્કશોપમાં ભાગ લેનારા ગ્રાહકોને મફત વાહન ઉત્સર્જન તપાસ ઓફર કરવામાં આવશે. વાહનના પ્રદર્શન અને તેના પર્યાવરણીય પ્રભાવ અંગે જાગૃતિ લાવવા માટે કેન્દ્રિત સત્રો દ્વારા પ્રોત્સાહન આપવામાં આવશે.

## જાગૃત ભારત - સીઝન 2 અને ઉત્સાવમ: ભારતનું પવિત્ર પલ્સ

નવી દિલ્હી : ભારતનું જાહેર સેવા પ્રસારણકર્તા, પ્રસાર ભારતી, અર્થપૂર્ણ અને આકર્ષક સામગ્રી દ્વારા રાષ્ટ્રના સમૃદ્ધ સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને સભ્યતા વારસાને પ્રદર્શિત કરવાની પ્રતિબદ્ધતા ચાલુ રાખે છે.આ પ્રયાસના ભાગ રૂપે, પ્રસાર ભારતી ‘જાગૃત ભારત - સીઝન 2‘ શરૂ કરી રહી છે, જે એક આકર્ષક દસ્તાવેજી શ્રેણી છે જે ભારતના સભ્યતા વારસાની ઊંડાઈ, વિવિધતા અને સાતત્યની ઉજવણી કરે છે. પ્રથમ સીઝનની સફળતાના આધારે, આ શ્રેણી એવા વિચારો, મૂલ્યો, પરંપરાઓ અને વ્યક્તિત્વોની




શોધ કરે છે જેમણે હજારો વર્ષોથી ભારતીય ચેતનાને આકાર આપ્યો છે.આકર્ષક કથાઓ, નિષ્ણાત દ્રષ્ટિકોણ અને ઈમર્સિવ વાર્તા કહેવા દ્વારા, આ કાર્યક્રમ આધ્યાત્મિક, દાર્શનિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક પાયાની તપાસ કરે છે જે આધુનિક વિશ્વમાં ભારતની ઓળખને પ્રભાવિત કરવાનું ચાલુ રાખે છે.આ શ્રેણી વિવિધ વિષયો પર પ્રવાસ કરે છે, ભારતની સમૃદ્ધ બૌદ્ધિક પરંપરાઓ, પવિત્ર ભૂગોળ, સાંસ્કૃતિક પ્રથાઓ, કલાત્મક અભિવ્યક્તિઓ, વૈજ્ઞાનિક સિદ્ધિઓ અને સામાજિક સુધારણા ચળવળોને પ્રકાશિત કરે છે. ભારતના ભૂતકાળના મહત્વપૂર્ણ ક્ષણો, સંસ્થાઓ અને વ્યક્તિઓને ફરીથી રજૂ કરીને,અવેકનિંગ ઈન્ડિયા - સીઝન 2 દર્શકોને રાષ્ટ્રની સ્થાયી સ્થિતિસ્થાપકતા, એકતા અને સાંસ્કૃતિક જીવંતતામાં ફાળો આપનારા દળોની ઊંડી સમજ આપે છે.

### યાત્રી સેવા માં પશ્ચિમ રેલવેની અનોખી પહેલ

## ડીઆરએમે ‘સ્વર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસ’માં મુસાફરો સાથે કર્યો સીધો સંવાદ

અમદાવાદ | રેલ સેવાઓમાં સતત ગુણાત્મક સુધારો, સંચાલન કાર્યક્ષમતા અને સો ટકા મુસાફર સંતોષ સુનિશ્ચિત કરવા હેતુથી પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા એક અત્યંત સંવેદનશીલ અને અનોખી પહેલ કરવામાં આવી છે. આ વિશેષ અભિયાન હેઠળ અમદાવાદ મંડળના મંડલ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશે નવી દિલ્હી-સાબરમતી સ્વર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસમાં સ્વયં પ્રવાસ કર્યો. આ મુસાફરી દરમિયાન તેમણે ચાલતી ટ્રેનમાં મુસાફરી કરતા 100થી વધુ મુસાફરો સાથે તેમના બર્થ પર જઈને સીધો સંવાદ સ્થાપિત કર્યો અને રેલવે દ્વારા આપવામાં આવતી વિવિધ સેવાઓ અંગે વિસ્તૃત પ્રતિસાદ લીધો.પ્રવાસ દરમિયાન મંડલ રેલ પ્રબંધકે ફર્સ્ટ એસી, સેકન્ડ એસી અને થર્ડ એસી સહિતના વિવિધ કોચોની વ્યાપક મુલાકાત લીધી. તેમણે બાળકો, વરિષ્ઠ નાગરિકો, મહિલા સહ-મુસાફરો અને કાર્યરત યુવાનો સાથે ખૂબ જ આત્મીય અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં વાતચીત કરી. આ ઘનિષ્ઠ સંવાદ દરમિયાન મુખ્યત્વે નીચેના મહત્વના મુદ્દાઓ પર મુસાફરો પાસેથી વિસ્તૃત સમીક્ષા લેવામાં આવી:કોચોની સ્વચ્છતા (Cleanliness): મુસાફરી દરમિયાન ઓન-બોર્ડ હાઉસકીપિંગ સર્વિસ (OBHS)ની સક્રિયતા અને ટોયલેટ્સની સફાઈ વ્યવસ્થા અંગે



મુસાફરોને સીધા પ્રશ્નો પૂછવામાં આવ્યા.લિનન ગુણવત્તા (Linen Quality): મુસાફરોને આપવામાં આવતા કમ્બલ, ચાદર, તકિયા અને ટાવલની સ્વચ્છતા તેમજ તેમની પેકેજિંગની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. 3 એસી કોચમાં તાજું લિનન સપ્લાય ન કરવા બદલ વેન્ડરને એક લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો.ખોરાક વ્યવસ્થા (Catering & Food Quality): રાજધાની એક્સપ્રેસમાં પીરસાતા ભોજનનો સ્વાદ, સ્વચ્છતા અને મેનૂની વિવિધતા અંગે મુસાફરોની અભિપ્રાય લેવામાં આવ્યો, જેમાં મોટાભાગના મુસાફરોએ સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો. ગુણવત્તાવાળો ચોખા સપ્લાય ન કરવા બદલ વેન્ડરને પણ એક લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો.સંવાદ દરમિયાન મુસાફરોએ કોઈ સંકોચ વગર રેલવેના મૂળભૂત માળખાને વધુ મજબૂત બનાવવા માટે તેમના મૂલ્યવાન સૂચનો શેર કર્યા. આ ક્રમમાં કેટલાક કામકાજી યુવાનો અને કોર્પોરેટ પ્રોફેશનલ્સે ડીઆરએમ સમક્ષ એક અત્યંત નવીન સૂચન રજૂ કર્યું. યુવાનોનું કહેવું હતું કે: “રાજધાની જેવી પ્રીમિયમ ટ્રેનોમાં યુવાનો અથવા કામકાજી મુસાફરો માટે એક ‘વિશેષ વર્કિંગ કોચ’ અથવા કસ્ટમાઈઝ્ડ જગ્યા હોવી જોઈએ, જેથી જે લોકો મોડીરાત્રે લેપટોપ પર કામ કરવા માંગે છે તેઓ અન્ય સહ-મુસાફરોની ઊંઘમાં વિક્ષેપ કર્યા વગર લાઈટ ચાલુ કરીને પોતાનું કામ કરી શકે.”

## કોટક લાઈફે અમિત પલટાને ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર - ડેઝિનેટ તરીકે નિયુક્ત કર્યા



મુંબઈ : કોટક મહિન્દ્રા લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ (‘કોટક લાઈફ‘) એ જાહેરાત કરી કે તેણે અમિત પલટાને ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર - ડેઝિનેટ તરીકે નિયુક્ત કર્યા છે, જે નિયમનકારી મંજૂરીને આધીન છે.નિમણૂક અંગે ટિપ્પણી કરતા, કોટક લાઈફના એમડી અને સીઈઓ મહેશ બાલાસુબ્રમણ્યમે જણાવ્યું હતું કે: ‘અમિતને કોટક લાઈફમાં આવકારતા અમને આનંદ થાય છે. બેંકિંગ અને વીમામાં તેમનો નેતૃત્વનો અનુભવ, ઉચ્ચ-પ્રદર્શન વિતરણ ઈકોસિસ્ટમ બનાવવા અને ગ્રાહક-કેન્દ્રિત વ્યૂહરચના ચલાવવામાં મજબૂત ટ્રેક રેકોર્ડ સાથે, અમને અમારી બજાર સ્થિતિને વધુ મજબૂત બનાવવામાં, ગ્રાહક મૂલ્ય વધારવામાં અને ટકાઉ વૃદ્ધિ પહોંચાડવામાં મદદ કરશે.‘કોટક લાઈફના ડેપ્યુટી એમડી - ડેઝિનેટ અમિત પલટાએ કહ્યું: ‘જીવન વીમા ઉદ્યોગ માટે નિર્ણાયક સમયે કોટક લાઈફમાં જોડાવાનો આનંદ છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે.

**મિથુન : ક. છ. ઘ.**

કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે.

**કર્ક : ડ. હ.**

આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે. તેમની સાથે સંપૂર્ણ સહકારપૂર્વક કામ કરી જીવનના ચડાવ-ઉતાર તેમની સાથે શૅર કરો. તમારો બદલાયેલો અભિગમ તેમને અમર્યાદ આનંદ આપશે.

**સિંહ : મ. ટ.**

સ્વાસ્થયની સંભાળ લો અને પરિસ્થિતિને થાળે પાડો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**કન્યા : પ. ઠ. ણ.**

આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે. તમારા સમય ની કિંમત સમજો.

**તુલા : ર. ત.**

ક્ષણિક આવેગમાં આવી જઈ આર્થિક બાબતોનો નિર્ણય લેશો નહીં, આવું કરવાથી તમારા બાળકોના હિતોનું નુકસાન થઈ શકે છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે.

**વૃશ્ચિક : ન. ય.**

સાંજે થોડીક હળવાશ માણો. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં.

**મકર : ખ. જ.**

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે.

### શિક્ષણલક્ષી પહેલને મળ્યો આવકાર

## 14 વર્ષથી વિદ્યાર્થીઓને રાહતદરે નોટબુક આપતી અનોખી સેવા



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

ભુજ ખાતે શ્રી ભુજ લોહાણા મહાજનના સાનિધ્યમાં શ્રી બાપા દયાળુ ચેરીટેબલ ટ્રસ્ટ, નખત્રાણા દ્વારા તથા શ્રી ભુજ લોહાણા યુવા મંડળના ઉપક્રમે નોટબુક વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સામગ્રી સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુથી નવનીત કંપનીની ફુલસ્કેપ તેમજ જમ્બો નોટબુક રાહતદરે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.છેલ્લા 14 વર્ષથી શ્રી બાપા દયાળુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તમામ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે આ સેવા સતત ચાલી રહી છે, જે શિક્ષણ ક્ષેત્રે એક ઉમદા અને પ્રેરણાદાયી કાર્ય તરીકે ઓળખાય છે. ટ્રસ્ટના આગેવાનોના જણાવ્યા મુજબ આ યોજનાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને વાલીઓ પરનો શૈક્ષણિક ખર્ચ ઘટાડવાનો છે, જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત નોટબુકનો લાભ મળી શકે.અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપના પ્રમુખ રાજેશભાઈ પલણે જણાવ્યું હતું કે શિક્ષણ એ સમાજના વિકાસનો પાયો છે અને વિદ્યાર્થીઓને ઓછી કિંમતે ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવવી એ ઉત્તમ સમાજસેવા છે. શ્રી બાપા દયાળુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વર્ષોથી કરવામાં આવતું આ કાર્ય અનેક વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે આશીર્વાદરૂપ બન્યું છે. આવા સેવાકીય કાર્યો સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાની સાથે જરૂરિયાતમંદ પરિવારોને પણ રાહત આપે છે.નોટબુક મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ અને વાલીઓ દરરોજ સાંજે 5:00 થી 7:00 વાગ્યા દરમિયાન શેઠ શ્રી રસિકલાલ કરસનદાસ કતીરા પાર્ટી પ્લોટ, ભુજ ખાતે સંપર્ક કરી નોટબુક મેળવી શકશે. શિક્ષણ પ્રત્યેની આ સેવાભાવી પહેલને સમાજના વિવિધ વર્ગો દ્વારા આવકારવામાં આવી રહી છે અને ટ્રસ્ટના આ સતત સેવા કાર્યની પ્રશંસા કરવામાં આવી રહી છે.

### શૈક્ષિક મહાસંઘના નવ સંવર્ગના પ્રશ્નો ઉકેલ માંગે છે

# જુની પેન્શન યોજનામાં પાત્રતા ધરાવતા હોવા છતાં ઘણા શિક્ષકો લાભથી વંચિત

### વિદ્યાર્થીલક્ષી અને કર્મચારી લક્ષી નિર્ણયો થવા છતાં અમલવારી નહીં થતાં મુખ્યમંત્રીને રજુઆત

(એજન્સી) ભાવનગર | તા.04

ભાવનગર - રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘનાં ૯ સંવર્ગના પ્રશ્નો અને વિદ્યાર્થીઓના પ્રશ્નોનો ઉકેલ લાવવા વખતો વખત રજુઆતો કરવા છતાં અમલીકરણ બાકી રહી જાય છે. જેનું યોગ્ય કાયમી નિરાકરણ લાવવા મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે.શિક્ષણ જગત સાથે જોડાયેલા વિદ્યાલય શિક્ષાના તમામ નવ સંવર્ગ પ્રાથમિક સરકારી, મુખ્ય શિક્ષક, પ્રાથમિક ગ્રાન્ટેડ, ગ્રાન્ટેડ ને સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, આચાર્ય, શિક્ષણ સેવા વર્ગ-રના શિક્ષકોને સંલગ્ન કેટલાક પ્રશ્નો બાબતે નીતિગત નિર્ણયો થયા હોવા છતાં કેટલાક બાબતો નાણાકીય ભારણ ન આવવાનું હોય તેવા વિષયોમાં, જેના




જી.આર. થયા હોય છતાં પ્રશ્નોનો ઉકેલ આવતો નથી. જુન ૨૦૨૬થી નવું શૈક્ષણિક સત્ર શરૃ થવા જઈ રહ્યું છે ત્યારે કેટલાક વિદ્યાર્થીલક્ષી નિર્ણયો, ક્રમાનુસાર કાયમી ભરતી, કાયમી ભરતી ન થાય ત્યાં સુધી જ્ઞાન સહાયકના ઠરાવમાં સુધારો તથા અન્ય જેવી મહત્વપૂર્ણ બાબતના નિર્ણયો અને શિક્ષકોનાં મહત્વના પડતર પ્રશ્નો અંગે ઝડપથી નિર્ણય થાય તેની જાહેરાત થાય તેવી સંગઠનની માંગ છે.

જ્યારે ગત આંદોલન વખતે થયેલ સમાધાન અનુસાર જૂની પેન્શન યોજનામાં સમાવવા પાત્રતા ધરાવતા નિવૃત્ત થયેલ કર્મચારીઓમાંથી ઘણા કર્મચારીઓને આજદિન સુધી પેન્શન મળતું નથી તથા પાત્રતા ધરાવતા ઘણા શિક્ષકો તથા કર્મચારીઓને જુની પેન્શન યોજનામાં સમાવવામાં આવ્યા નથી. જે તમામ પ્રશ્નનો યોગ્ય નિકાલ કરવા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે મુખ્યમંત્રીને રજુઆત કરી છે.

### ચાણસ્મા ડેપોના ડ્રાયવરની પ્રામાણિકતા સામે આવી

## દિવ્યાંગ મુસાફરનો મોબાઇલ અને રોકડ2500/ તેમજ અન્ય એક મુસાફરની બસમાંથી મળેલી સોનાની બૂટી પરત કરી માનવતા મહેંકાવી

(એજન્સી) ચાણસ્મા | તા.05

ચાણસ્મા થી વાપી બસ લઈ જઈ રહ્યા હતા દરમિયાન અડાલજથી અંક્લેશ્વર જવા માટે મુસાફર તેજશ રાજ્યગુરૂ અને તેમના માતા બસમાં મુસાફરી કરી અંક્લેશ્વર આવતાં તેઓ માતા-પુત્ર ઉતરી ગયા હતા જ્યારે અન્ય બીજા બે દિવ્યાંગ મુસાફરો પણ ચાણસ્મા-વાપી બસમાં મુસાફરી કરી પોતાનું સ્ટેન્ડ આવતાં ઉતરી ગયા હતા જ્યારે બસ વાપી પહોંચ્યા બાદ ફરજ પરના



કંડક્ટર અશોકભાઈ વ્યાસ દ્વારા બસની અંદર તપાસ કરાઈ રહી હતી દરમિયાન બસમાંથી સોનાની બુટ્ટી મળી આવી હતી જ્યારે અન્ય સોફા પરથી મોબાઈલ અને પાકીટ માં સેકડ 2500/ સાથે મળી આવતાં ટ્રીપ સીટ ચેક કરી સોનાની બુટ્ટી ખોવાયેલ મુસાફર અને મોબાઈલ તેમજ રોકડ2500/ મળી આવેલ મુસાફરનો કંડક્ટર અશોકભાઈ વ્યાસ દ્વારા ટેલીફોનીક સંપર્ક કરી ચાણસ્મા ડેપો ખાતે બોલાવી બંન્ને મુસાફરોની કિંમતી ચીજવસ્તુ અને રોકડ ડેપો મેનેજર મનિષાબેન ટીઆઇ દિનેશભાઈ ટી સી જીતુભાઈ ની ઉપસ્થિતી માં પરત કરી પ્રામાણિક કર્મચારીની છાપ ઉભી કરી કંડકટર અશોકભાઈએ પરીવાર બ્રહ્મસમાજ અને ડેપોનું ગૌરવ વધાર્યું હતું

## ધંધુકામાં વિદેશી દારૃની 342 બોટલ સાથે શખ્સ ઝડપાયો

ભાવનગર : ધંધુકામાં વિદેશી દારૃની ૩૪૨ બોટલ સહિત કુલ રૂ.૧૫.૮૩ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સને ધંધુકા પોલીસે ઝડપી લઈ દારૃનો વેપાર કરતા બે ભાઈઓ સામે ધંધુકા પોલીસ મથકમાં ગુનો નોંધ્યો છે.

ધંધુકા જાળીયા ટાંકી પાસે ઈદ્રિશ અહેમદભાઈ મોદન (રહે.ધંધુકા) નામના શખ્સે વિદેશી દારૃ મંગાવ્યો છે અને તેના ભાઈ સાબિર અહેમદભાઈ મોદન સાથે વિદેશી દારૃની ડિલિવરી અને વેચાણ કરતા હોવાની બાતમીના આધારે ધંધુકા પોલીસે બાતમીવાળા સ્થળે તપાસ કરતા પીકઅપ અને ટાટા પંચ ગાડી પાછળ પતરાના શેડમાં મારેલું ઢાળિયું ચેક કરતા ત્યાં ઘાસચારા નીચે લાકડાની પેટીમાંથી, પીકઅપ વાહનમાંથી અને ટાટા પંચ ગાડીમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૃની કુલ ૩૪૨ બોટલો મળી આવી હતી. તેમજ દારૃના જથ્થા સાથે ઝડપાયેલા સાબિર અહેમદ મોદનની



પુછપરછ કરતા આ દારૃ તેના ભાઈ ઈદ્રિશે મંગાવ્યો હતો અને પોતે ગાડીમાં આજુબાજુના ગામોમાં ડિલિવરી કરવા જતો હોવાની કબૂલાત આપતા પોલીસે વિદેશી દારૃ સહિત કુલ રૂ.૧૫,૮૩,૮૧૮નો મુદ્દામાલ કબ્જે લઈ ધંધુકા પોલીસમાં બન્ને સામે ગુનો નોંધ્યો છે.

## ધંધુકા-રાણપુર રોડ કોટડા ગામ નજીક અકસ્માતમાં યુવકનું મોત, 3ને ઈજા

ભાવનગર : ધંધુકા-રાણપુર રોડ પર કોટડા ગામ નજીક ટ્રકે અડફેટે લેતા કારમાં સવાર પોરબંદરના યુવકનું મોત નિપજ્યુ છે. જ્યારે કારમાં સવાર પત્નિ અને બાળક સહિત ત્રણ લોકોને ઈજા પહોંચી છે. અકસ્માત સર્જી નાસી જનાર ટ્રક ચાલક સામે ધંધુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના અમીપુર ખાતે રહેતા મોહનભાઈ પરબતભાઈ વાસણ (ઉ.વ.૩૭) દાહોદના લીમખેડા ખાતે શિક્ષકની નોકરી કરતા હોય અને છેલ્લા ૬ માસથી લીમખેડા ખાતે એકલા રહેતા હતા અને હાલ વેકેશન હોવાથી ઘરવખરીનો સામાન ભરી પરિવાર સાથે લીમખેડા જવા માટે તેમના મિત્ર મહેન્દ્રભાઈ રામભાઈના જીજે-૨૫-ડબલ્યુ-૧૪૪૮ નંબરના પીકઅપ વાહનમાં ઘરવખરીનો સામાન ભરીને તથા મોહનભાઈ તથા તેમના પત્નિ લક્ષ્મીબેન, દિકરો જાસ્મીન અને ધનંજય દેવાભાઈ મોકરીયા જીજે-૦૧-કેક્યૂ-૩૪૫૭ નંબરની કારમાં ગત રાત્રિના લીમખેડા જવા માટે નિકળ્યા હતા. જે બાદ આજે વહેલી સવારના ૪.૧૫ કલાકના અરસામાં ધંધુકા-રાણપુર રોડ પર કોટડા ગામ પાસે પહોંચતા સામેથી આવી રહેલા જીજે-૦૪-એક્સ-૬૭૨૫ નંબરના ટ્રકના ચાલકે રોંગ સાઈડમાં આવી મોહનભાઈની કાર સાથે ગમખ્વાર અકસ્માત સર્જ્યો હતો. જેમાં મોહનભાઈનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

### કાળીપટ્ટી ધારણ કરી ફરજ બજાવશે

## વિવિધ પ્રશ્નો, ખાનગીકરણના વિરોધમાં એસ.ટી.ના કર્મચારીઓ આંદોલન છેડશે



ભાવનગર : જીએસઆરટીસીનું ખાનગીકરણ અટકાવવા અને કર્મચારીઓના વર્ષો જૂના પડતર પ્રશ્નોને લઈ આંદોલન છેડવા નિર્ણય લેવાયો છે. એસ.ટી. નિગમમાં ખાનગી એજન્સી મારફત ભરતી કરવા નિર્ણય લઈ ડ્રાઈવર-કંડક્ટર કક્ષામાં બે-બે હજાર કર્મચારીની ભરતી કરવા થતાં હિન પ્રયાસ સામે ગુજરાત એસ.ટી. મઝદૂર મહાસંઘ અને કર્મચારીઓએ સખત વિરોધ નોંધાવ્યો છે. આ ઉપરાંત નિગમમાં એક હજાર વાહનો ડ્રાઈવર સાથે ભાડે લેવા, મોંઘાવારી ભથ્થું, ૭માં પગાર પંચ મુજબ નિગમના કર્મીઓને ટીએ, ડીએ, ઓટી ચૂકવી આપવા, ફિક્સ પગારીને કાયમીના તમામ લાભો આપવા સહિત ૨૭ પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવી રહ્યું નથી. જેના વિરોધમાં બીએમએસએ નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકને લેખિતમાં રજૂઆત કરી એસ.ટી.નું ખાનગીકરણ અટકાવવા અને પ્રશ્નોનો હલ લાવવા માંગણી કરી છે. જો માંગણીઓનો સત્વરે ન્યાયિક નિર્ણય નહીં લેવામાં આવે તો આગામી તા.૧૮-૬થી તા.૨૦-૬ સુધી તમામ કર્મચારી કાળીપટ્ટી ધારણ કરી ફરજ બજાવશે. તા.૨૨-૬ અને તા.૨૩-૬ના રોજ રિશેષ સમયમાં સૂત્રોચ્ચાર, ઘંટનાદ, રામધૂન કરી વિરોધ નોંધાવશે. ૨૪મીના રોજ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, વાહન વ્યવહાર મંત્રી અને નિગમના વડાને ટેક્સ મેસેજ, સોશિયલ મીડિયા મારફત પડતર માંગણીઓ રજૂ કરાશે. ૨૫મીએ નિગમની તમામ વિભાગીય કચેરીઓ સામે સવારે ૧૧થી ૩ કલાક સુધી ધરણાં, બપોરે ૩-૧૫ કલાકે વિભાગીય નિયામક અને સાંજે ૪ કલાકે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવાશે. આમ છતાં પડતર પ્રશ્નોનો નિવેડો નહીં આવે તો આગામી સમયમાં આંદોલન વધુ ઉગ્ર કરી આશ્ચર્યજનક કાર્યક્રમો આપવા ચીમકી ઉચ્ચારાઈ છે.

## નોબલ યુનિવર્સિટીના સ્થાપના દિવસના અવસરે જૂનાગઢમાં સૌ પ્રથમ વાર ભજન જેમિંગ કાર્યક્રમનું આયોજન

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.5.

Gen Z માટે સંગીત અને ભક્તિનો અનોખો સંગમ એટલે 'ભજન જૅમિંગ' આજના ડિજિટલ યુગમાં Gen Z પેઢીને ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિકતા અને સંગીત સાથે નવી રીતે જોડવાના હેતુથી નોબલ યુનિવર્સિટી તેના ચોથા સ્થાપના દિવસ ની ઉજવણી નિમિતે તા.6જૂન,2026 ના રોજ ઉત્સાહભેર કરવા જઈ રહી છે. આ અવસરે યુનિવર્સિટી કેમ્પસમાં ખાસ કરીને યુવા પેઢીને આકર્ષે તેવા સાંસ્કૃતિક અને આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ઉજવણીનું મુખ્ય આકર્ષણ 'ભજન જૅમિંગ' કાર્યક્રમ રહેશે, જેમાં પરંપરાગત ભક્તિ સંગીતને આધુનિક સંગીતના તાલ સાથે રજૂ કરવામાં આવશે. આ અનોખો કાર્યક્રમ Gen Z યુવાનોને આધ્યાત્મિકતા સાથે જોડતો અને સંગીત દ્વારા ભક્તિનો નવો અનુભવ કરાવશે. નોબલ યુનિવર્સિટી દ્વારા જૂનાગઢમાં પ્રથમ વખત આયોજિત થઈ રહેલો આ કાર્યક્રમ યુવાનોમાં વિશેષ ઉત્સુકતા સર્જી રહ્યો છે. આ ઉપરાંત ગરબા અને સાંસ્કૃતિક રજૂઆતો દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ અને તેમના પરિવારજનો માટે ઉત્સવમય વાતાવરણ સર્જાશે. સ્થાપના દિવસની આ ઉજવણી માત્ર એક કાર્યક્રમ નહીં પરંતુ યુવાનોમાં સાંસ્કૃતિક મૂલ્યો, સામૂહિકતા, સર્જનાત્મકતા અને સંસ્થા. પ્રત્યેના ગૌરવને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ છે. કાર્યક્રમની શરૂઆત સાંજે 5:00 વાગ્યે ગરબા મહોત્સવથી થશે, જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ અને તેમના પરિવારજનો સાથે ગુજરાતની સમૃદ્ધ લોકસંસ્કૃતિનો આનંદ માણશે. ત્યારબાદ સાંજે 7:00 થી 9:30 વાગ્યા સુધી ભજન જૅમિંગ કાર્યક્રમ યોજાશે જેમાં સંગીત અને ભક્તિનો અનોખો સમન્વય જોવા મળશે. આ વિશિષ્ટ ભજન જૅમિંગ કાર્યક્રમમાં યુવા અને પ્રતિભાશાળી ગાયકશ્રી હિતેશ્વર નાણાવટી, રાઘવ મ્યુઝિક દ્વારા ભક્તિ સંગીતની મનમોહક રજૂઆત કરવામાં આવશે. નોબલ ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશન છેલ્લા બે દાયકાથી ગુણવત્તાયુક્ત શિક્ષણ, આધુનિક સુવિધાઓ અને વિદ્યાર્થીકેન્દ્રિત અભિગમ દ્વારા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આગવી ઓળખ ઊભી કરી છે. સ્થાપના દિવસની ઉજવણી માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ યુનિવર્સિટીના વિકાસ પ્રવાસ, સિદ્ધિઓ અને સમગ્ર નોબલ પરિવારની એકતાનું પ્રતીક છે. આ પ્રસંગે તમામ વિદ્યાર્થીઓને તેમના પરિવારજનો સાથે ઉપસ્થિત રહી ઉજવણીમાં સહભાગી થવા આમંત્રણ આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓની સુવિધા માટે દરેક બસ પિકઅપ પોઈન્ટ પરથી બપોરે 4:00 વાગ્યે બસ વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે. નોબલ યુનિવર્સિટીનો આ સ્થાપના દિવસ યુવાનોમાં સાંસ્કૃતિક મૂલ્યો, સામૂહિકતા અને સંસ્થા પ્રત્યેના ગૌરવની ભાવનાને વધુ મજબૂત બનાવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

## દયાળ ગામના દંપતીને 3 મહિના કેદની સજા

ભાવનગર : મહુવા તાલુકાના દયાળ ગામે ચાર વર્ષ પૂર્વે માતા-પુત્રી ઉપર હુમલો કરનાર દંપતીને કોર્ટે ત્રણ માસની કેદ અને રોકડ રકમનો દંડ ફટકાર્યો છે.મહુવાના દયાળ ગામે રહેતા ગજરાબેન પોપટભાઈ ખસીયા અને તેમના માતા જયાબેન પોપટભાઈ ખસીયા ગત તા.૧૨-૩-૨૦૨૨ના રોજ સાંજના સમયે ઘરેથી બીજા પ્લોટે જવા જવા નીકળેલ તે સમયે દિવ્યાબેન લલાજીભાઈ ખસીયાએ જયાબેનની નકલ કરતા ગજરાબેનએ કહેલ કે, મારા બાની નકલ તમે કેમ કરો છો ? તે વાતને લઈ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી દિવ્યાબેન અને તેમના પત્ની લાલજી બાબુભાઈ ખસીયા (રહે, બન્ને દયાળ, તા.મહુવા)એ ગજરાબેનનું માથું દિવાલ સાથે ભટકાડી, વાળ પકડી નીચે પાડી દઈ લાકડી વડે તેમજ જયાબેનને ઢીકાપાટુંનો માર મારી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે દાઠા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બન્નેની ધરપકડ કરી હતી.

## 'અધિક જેઠ માસ' (પુરુષોત્તમ માસ) નિમિત્તે દાદાને લીલાછમ કુદરતી ગુફા-કુદરતી થીમનો વિશેષ દિવ્ય શણગાર




| નરેન્દ્ર દવે | સાળંગપુર તા.5

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુરધામ ખાતે પવિત્ર 'અધિક જેઠ માસ' એટલે કે 'પુરુષોત્તમ માસ' અંતર્ગત નાગ પંચમી,ઋષિ પંચમી (વદ પાંચમ) નિમિત્તે શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી પ્રેરણાથી તારીખ ૦૫-૦૬-૨૦૨૬, શુક્રવારના રોજ શ્રીકષ્ટભંનજનદેવ હનુમાનજી મહારાજના વસ્ત્રોમાં રામ લખેલા વાઘાનો દિવ્ય શણગાર ધરવાયો છે. સાથે લીલાછમ કુદરતી ગુફા, કૃત્રિમ છોડ, ગીચ જંગલના દશ્યો, સુંદર જળપ્રપાતના પ્રતિબિંબ અને કુદરતી થીમનો વિશેષ દિવ્ય શણગાર કરવામાં આવ્યો,.શણગાર આરતી: સવારે ૦૫:૪૫ કલાકે પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. મંદિરના પટાંગણમાં પવિત્ર અધિકમાસ નિમિત્તે પારિવારિક શાંતિ માટે શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન તા.17 મે થી 15 જૂન 2026 સુધી સવારે 9 થી 12 અને સાંજે 3 થી 6:30 દરમિયાન કરવામાં આવ્યું છે. ભક્તિસભર માહોલમાં હજારો હરિભક્તોએ ઓનલાઈન અને પ્રત્યક્ષ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.


### ૨૮૨ કિમી પગપાળા યાત્રા પૂર્ણ કરી ચામુંડા માતાના દર્શન; ૬૨૫ પગથિયાં સળસડાટ ચઢી ભક્તિનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું

## ધામાય ના જેસાભાઈ આહીર ૭૩ વર્ષની ઉંમરે અદમ્ય શ્રદ્ધાનો પરચો: ૧૧ સભ્યોના ભક્તિગ્રુપ સહીત વેલાભાઈ આહીરની ચોટીલા પદયાત્રા

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના ધામાય ગામના જેસાભાઈ આહીર અને વેલાભાઈ આહીરે પોતાના ૧૧ સભ્યોના ભક્તિગ્રુપ સાથે પવિત્ર ચોટીલાધામ સુધીની પગપાળા યાત્રા પૂર્ણ કરીને માતા ચામુંડાના દર્શનનો લાભ મેળવ્યો હતો. ખાસ કરીને ૭૩ વર્ષીય જેસાભાઈ આહીરે પોતાની અદમ્ય શ્રદ્ધા, દૃઢ સંકલ્પ અને શારીરિક સ્ફૂર્તિથી સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

જેસાભાઈ આહીરે યાત્રા દરમિયાન દરરોજ અંદાજે ૫૦ કિલોમીટર ચાલીને કુલ ૨૮૨ કિલોમીટરનું અંતર કાપ્યું હતું. ચોટીલાના પવિત્ર ડુંગર પર પહોંચ્યા બાદ તેમણે માતાજીના મંદિરે જવા માટેના ૬૨૫ પગથિયાં પણ સળસડાટ ચઢી લીધા હતા. તેમની આ શક્તિ અને ભક્તિ જોઈને યુવાનો પણ પ્રેરિત બન્યા હતા.ચોટીલાના ડુંગર પર બિરાજમાન ચામુંડા માતાજીના દર્શન માટે દર વર્ષે દેશ-વિદેશમાંથી લાખો ભક્તો આવે છે. મહા, ચૈત્ર અને આસો માસની નવરાત્રિ દરમિયાન અહીં ભક્તિનો અનોખો માહોલ સર્જાય છે. અનેક ભક્તો દંડવત પ્રણામ કરતાં અથવા



આળોટતાં આળોટતાં ડુંગર ચઢીને માતાજીના દર્શન કરે છે, જે શ્રદ્ધાનું અદ્વિતીય દૃશ્ય સર્જે છે.

જેસાભાઈ આહીર માટે આ કોઈ પ્રથમ યાત્રા નહોતી. તેઓ અગાઉ ત્રણ વખત રણુજાધામ, એક વખત ધામાયથી વિરપુર (જય જલારામ) અને બે વખત દ્વારકાધામ સુધીની પદયાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરી ચૂક્યા છે. વર્ષો સુધી સતત ધાર્મિક યાત્રાઓ કરીને તેઓ ભક્તિ અને સંકલ્પનું અનોખું ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે.ગ્રામજનો અને આગેવાનોએ જેસાભાઈ આહીર તથા વેલાભાઈ આહીરની આ પદયાત્રાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. ૭૩ વર્ષની વયે પણ તેમની આ અવિરત યાત્રા અને માતાજી પ્રત્યેની અખંડ શ્રદ્ધા સમાજ માટે પ્રેરણાસ્ત્રોત બની છે.

- » ઉંમર ૭૩ વર્ષ, છતાં ૨૮૨ કિમી પગપાળા યાત્રા પૂર્ણ
- » દરરોજ સરેરાશ ૫૦ કિમી ચાલીને ચોટીલાધામ પહોંચ્યા
- » ચોટીલાના ૬૨૫ પગથિયાં સરળતાથી ચઢ્યા
- » અગાઉ ત્રણ વખત રણુજાધામની પદયાત્રા પૂર્ણ કરી ચૂક્યા છે
- » ધામાયથી વિરપુર (જય જલારામ) સુધી પણ એક વખત પગપાળા યાત્રા કરી છે
- » બે વખત દ્વારકાધામની પદયાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે
- » ૧૧ સભ્યોના ગ્રુપ સાથે ચામુંડા માતાજીના દર્શન કર્યા

## વિશ્વ પર્યાવરણ દિવસે કેશોદમાં ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો, 'એક પેડ મા કે નામ' અભિયાનને મળ્યો જનસમર્થન

નરેન્દ્ર દવે, જૂનાગઢ , તા. 5.

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે કેશોદ નગરપાલિકા દ્વારા ફાગળી રોડ ઉપર આવેલ સ્મશાન ભૂમિ ખાતે ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસની થીમ "A Global Call for Climate Action" રાખવામાં આવી હતી, જે અંતર્ગત પર્યાવરણના જતન અને જળવાયુ પરિવર્તન સામે જાગૃતિ લાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન કેન્દ્ર સરકારના "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત ઉપસ્થિત મહાનુભાવો, નગરપાલિકાના સભ્યો, કર્મચારીઓ તથા કાર્યકરોએ એક-એક વૃક્ષનું વાવેતર કરીને પર્યાવરણ સંરક્ષણ માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે કેશોદના ધારાસભ્યશ્રી



દેવાભાઈ માલમ તથા કેશોદ નગરપાલિકાના પ્રમુખશ્રી પ્રતીક્ષાબેન દેવળીયા દ્વારા પણ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમણે પર્યાવરણનું સંતુલન જાળવવા વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા અપીલ કરી હતી.ઉલ્લેખનીય છે કે વિશ્વ પર્યાવરણ દિવસની શરૂઆત વર્ષ 1972માં સંયુક્ત રાષ્ટ્ર સંઘ (United Nations) દ્વારા સ્ટોકહોમ પર્યાવરણ પરિષદ બાદ કરવામાં આવી હતી. ત્યારબાદ દર વર્ષે 5જૂનના રોજ વિશ્વભરમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા અને કુદરતી સંસાધનોના સંરક્ષણ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.

## રિઝર્વ બેંકના નવા અંદાજે સામાન્ય માણસની ચિંતા વધારી દીધી | રેપો રેટ ૫.૨૫ ટકા પર સ્થિર પણ મોંઘવારીનો ગ્રાફ ઉંચકાયો

# મોંઘવારીનો ડામ મધ્યમ વર્ગને રડાવશે વધશે ગૃહિણીનું ટેન્શન

(એજન્સી) મુંબઈ | તા.05

ભારતભરમાં આર્થિક મોરચે સામાન્ય માણસ માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ દેશમાં મોંઘવારી વધવાની આશંકા વ્યક્ત કરીને સામાન્ય ગૃહિણીઓ અને મધ્યમ વર્ગના બજેટ પર સંકટના વાદળો છવાયેલા હોવાનો નિર્દેશ આપ્યો છે. વધતા જતા ક્રૂડ ઓઈલના ભાવ, વૈશ્વિક પુરવઠા સાંકળમાં અવરોધો અને ચોમાસાની અનિશ્ચિતતાને કારણે સેન્ટ્રલ બેંકે ચાલુ નાણાકીય વર્ષ માટે તેના મોંઘવારીના અંદાજમાં મોટો વધારો કર્યો છે. શુક્રવારે મુંબઈ સ્થિત મુખ્ય મથક ખાતે પોતાની પ્રથમ મોનેટરી પોલિસી સમીક્ષા બેઠકના પરિણામો જાહેર કરતા ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્પષ્ટ કર્યું કે, આગામી મહિનાઓમાં ગ્રાહક ભાવમાં મોટો ઉછાળો આવી શકે છે.આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું કે, મોનેટરી પોલિસી કમિટીએ હવે નાણાકીય વર્ષ માટે



ગ્રાહક ભાવ સૂચકાંક એટલે કે રિટેલ મોંઘવારીનો અંદાજ વધારીને ૫.૧ ટકા કર્યો છે. અગાઉના અંદાજમાં તે માત્ર ૪.૬ ટકા રાખવામાં આવ્યો હતો. આ ફેરફાર પાછળ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો લાંબો સંઘર્ષ, ઊર્જાના વધતા ભાવ અને વૈશ્વિક આર્થિક સ્થિતિમાં આવેલો બગાડ મુખ્ય જવાબદાર છે. મીડિયા અહેવાલો મુજબ, પુરવઠા સાંકળમાં લાંબા સમયથી ચાલી રહેલી ખલેલ અને ઊર્જાના ઊંચા ભાવોની પ્રતિકૂળ અસરો એપ્રિલની પોલિસીની સરખામણીએ વૃદ્ધિના દરમાં નરમાઈ અને મોંઘવારીના અંદાજમાં થયેલા વધારામાં સ્પષ્ટપણે જોવા મળી રહી છે.વૈશ્વિક સ્તરે બગડતી પરિસ્થિતિ હોવા છતાં, આરબીઆઈએ વ્યાજદરમાં કોઈ ફેરફાર કર્યો નથી. બેન્ચમાર્ક રેપો રેટને ૫.૨૫ ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે અને પોલિસીનું વલણ 'તટસ્થ' રાખવામાં આવ્યું છે. નિષ્ણાતોના મતે, આરબીઆઈનું માનવું છે કે મોંઘવારીના ભાવિ આઉટલુક પર વધુ સ્પષ્ટતા ન મળે ત્યાં સુધી રાહ જોવી જ ડહાપણભર્યું રહેશે. છેલ્લા કેટલાક મહિનાઓમાં મોંઘવારી આરબીઆઈના ૪ ટકાના મધ્યમ ગાળાના લક્ષ્યાંકથી નીચે રહી હતી, પરંતુ હવે તે રાહતનો સમય પૂરો થતો જણાય છે.મોંઘવારીનો ગ્રાફ વધારવા પાછળનું સૌથી મોટું કારણ કાચું તેલ છે. એપ્રિલની સમીક્ષામાં અંદાજ હતો કે આ વર્ષે ક્રૂડ ઓઈલ સરેરાશ ૮૭-૮૮ ડોલર પ્રતિ બેરલ રહેશે, પરંતુ છેલ્લા બે મહિનામાં ભારતીય બાસ્કેટમાં તેની કિંમત ૧૧૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી છે. આ આંતરરાષ્ટ્રીય ભાવ હવે સ્થાનિક બજાર પર સીધી અસર કરી રહ્યા છે. મે મહિનાથી જ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં તેનો આંશિક બોજ ગ્રાહકો પર નાખવાનું શરૂ કરી દેવાયું છે.

આ સાથે જ, આરબીઆઈએ ચેતવણી આપી છે કે ચોમાસામાં સંભવિત અછત અને અલ નીનોની સ્થિતિ ઊભી થવાની આશંકા છે. જો આમ થશે તો કૃષિ ઉત્પાદન, ખાદ્ય પુરવઠો અને ગ્રામીણ માંગ પર તેની માઠી અસર પડશે. જો કે, દેશમાં અનાજનો પૂરતો સ્ટોક અને જળાશયોમાં પાણીનું સારું સ્તર આ સંકટને થોડું હળવું કરવામાં મદદરૂપ થઈ શકે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વેતન વધારાની માંગ અને પ્રોડક્ટ્સના ભાવમાં થનારા કાયમી વધારાને લઈને પણ સરકાર અને બેંકિંગ ક્ષેત્ર સતર્ક છે. આગામી સમયમાં ગ્રાહકોએ આર્થિક રીતે વધુ સાવધ રહેવું પડશે, કારણ કે જીવન જરૂરિયાતની વસ્તુઓ મોંઘી થવાની પૂરેપૂરી શક્યતા છે.

## રાજેશ એક્સપોર્ટ્સ વિવાદમાં ફસાયું આવકના આંકડા પર સવાલો

બેંગલુરુ : કોર્પોરેટ જગતમાં એક સમયે સોનાના સામ્રાજ્ય તરીકે જાણીતી 'રાજેશ એક્સપોર્ટ્સ લિમિટેડ' હાલમાં ભારતીય ઈતિહાસના સૌથી મોટા નાણાકીય વિવાદોમાંની એક બની ગઈ છે. સેબી દ્વારા કંપની અને તેના ચેરમેન રાજેશ મહેતા પર રૂ. ૧૫.૧૫ લાખ કરોડની કથિત આવકની હેરાફેરી અને છેતરપિંડીના ગંભીર આરોપો સાથે વચગાળાનો પ્રતિબંધ મૂકવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. આ આંકડો કેટલાય નાના દેશોના કુલ જીડીપી કરતા પણ વધુ હોવાથી બજારના નિષ્ણાતો પણ ચોંકી ઉઠ્યા છે.આ વિવાદની શરૂઆત માર્ચ ૨૦૨૪માં એક શેરધારકની ફરિયાદથી થઈ હતી, જેમાં કંપનીના અસામાન્ય વેપાર પ્રાપ્તિપત્રો (Trade Receivables) પર શંકા વ્યક્ત કરવામાં આવી હતી. તપાસમાં એવું બહાર આવ્યું છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ દરમિયાન કંપનીએ તેની એકીકૃત આવકમાં રૂ. ૧૫.૧૫ લાખ કરોડની વિસંગતતા દર્શાવી હતી. સેબીના અહેવાલ મુજબ, કંપનીની ૯૭% થી ૯૯% આવક વિદેશી પેટા કંપનીઓ, ખાસ કરીને 'વાલ્કેમ્બી'માંથી આવતી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું, પરંતુ ઓડિટમાં આ આંકડા અને વાસ્તવિક રેકોર્ડ વચ્ચે ૯૯.૮% જેટલી મોટી ખાઈ જોવા મળી હતી. આ ઉપરાંત, કંપની અને તેના ઓડિટરો દ્વારા તપાસમાં અસહકાર દાખવવામાં આવ્યો હોવાનો આરોપ પણ સેબીએ મૂક્યો છે. સેબીની તપાસમાં માત્ર આવકની હેરાફેરી જ નહીં, પણ અન્ય શંકાસ્પદ વ્યવહારો પણ સામે આવ્યા છે:

આફ્રિકન ગોલ્ડ માઈન: કંપનીએ આફ્રિકામાં રૂ. ૧,૦૩૫ કરોડના રોકાણનો દાવો કર્યો હતો, જેના પુરાવા તપાસમાં મળ્યા નથી.

એફ્લુઅન્સ શેર્સ પઝલ: રાજેશ એક્સપોર્ટ્સ દ્વારા નોંધાયેલા રૂ. ૧૧,૪૮૭ કરોડના વેચાણ અને ખરીદીના વ્યવહારોને 'એફ્લુઅન્સ શેર્સ એન્ડ સ્ટોક્સ' નામની કંપનીએ પોતે ક્લાયન્ટ ન હોવાનું કહીને નકારી કાઢ્યા છે.ફંડ ડાયવર્ઝન: કંપનીના રૂ. ૭.૪ કરોડના ભંડોળનો ઉપયોગ રાજેશ મહેતા દ્વારા વ્યક્તિગત ડેરિવેટિવ ટ્રેડિંગ માટે કરવામાં આવ્યો હોવાના ગંભીર આરોપો છે.આ આદેશ બાદ રાજેશ એક્સપોર્ટ્સના શેરમાં ૫%ની લોઅર સર્કિટ લાગી છે. LIC જેવી મોટી સંસ્થાઓ, જે કંપનીમાં ૧૦.૮૦% હિસ્સો ધરાવે છે, તેમને પણ મોટું આર્થિક નુકસાન સહન કરવું પડ્યું છે.

## News Brief

### કૃત્રિમ બુદ્ધિમત્તાના બેકાબૂ વિકાસથી માનવજાત માટે મોટું જોખમ

સાન ફ્રાન્સિસ્કો : ટેકનોલોજીની દુનિયામાં એક અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. વિશ્વની અગ્રણી કૃત્રિમ બુદ્ધિમત્તા કંપનીઓમાંની એક એવી એન્થ્રોપિકે એક ચોંકાવનારો અહેવાલ બહાર પાડતા ચેતવણી આપી છે કે, અત્યારે જે ઝડપે કૃત્રિમ બુદ્ધિમત્તા વિકસી રહી છે, તે હવે એવી સીમારેખા પર પહોંચી ગઈ છે કે જેમાં તે પોતાનું વધુ શક્તિશાળી અને આધુનિક સંસ્કરણ જાતે જ તૈયાર કરવા સક્ષમ બની શકે છે. આ કંપનીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે જો આપણે આ પ્રક્રિયાને યોગ્ય સમયે નિયંત્રિત નહીં કરીએ, તો માનવજાત ટેકનોલોજી પરનો પોતાનો અંકુશ ગુમાવી શકે છે.

કંપનીએ સ્વીકાર્યું છે કે તેઓ અત્યારે કૃત્રિમ બુદ્ધિમત્તાના વિકાસની ઘણી મહત્વપૂર્ણ જવાબદારીઓ હવે તે સિસ્ટમ્સને જ સોંપી રહ્યા છે, જે તેમના કાર્યને અનેકગણી ઝડપી બનાવી રહી છે. આ પ્રક્રિયાને નિષ્ણાતો 'રિકર્સિવ સેલ્ફ-ઇમ્પ્રૂવમેન્ટ' તરીકે ઓળખે છે. આ આધુનિક ટેકનોલોજી ક્ષેત્રે કરવામાં આવેલી પ્રગતિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે કંપનીના એન્જિનિયર્સ ૨૦૨૧ થી ૨૦૨૫ સુધીના સમયગાળાની સરખામણીએ હવે એક ક્વાર્ટરમાં આઠ ગણું વધુ કોડિંગ કાર્ય પૂર્ણ કરી રહ્યા છે. આ પરિસ્થિતિ જ દર્શાવે છે કે આપણે એક એવી દિશામાં આગળ વધી રહ્યા છીએ જ્યાં ટેકનોલોજીનો વિકાસ મનુષ્યની કલ્પના કરતા પણ વધુ તેજ ગતિએ થઈ રહ્યો છે.કૃત્રિમ બુદ્ધિમત્તાના મોડેલ્સ પોતાની મેળે કાર્યો પૂર્ણ કરવાની ક્ષમતામાં દર ચાર મહિને બમણો વધારો કરી રહ્યા છે. કંપનીનું અનુમાન છે કે ૨૦૨૭ સુધીમાં આ સિસ્ટમ્સ એવા જટિલ કાર્યો કરવામાં સક્ષમ બની જશે.

## નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રે ભારતની વૈશ્વિક સ્તરે આગેકૂચ

# સૌર ઉર્જા ક્ષેત્રે ભારતની મોટી છલાંગ અમેરિકાને પાછળ છોડ્યું

### ૩૭ ગીગાવોટના વધારા સાથે સૌર ક્ષમતામાં ભારત ત્રીજા ક્રમે

(એજન્સી) નવી દિલ્હી | તા.05

છળ છોડવી એ ભારતની વધતી આર્થિક અને તકનીકી તાકાતનું પ્રમાણ છે. ભારતે વૈશ્વિક ઊર્જા નકશા પર પોતાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કર્યું છે. સૌર ઉર્જાના ક્ષેત્રમાં ભારતે એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતા અમેરિકાને પણ પાછળ છોડી દીધું છે. આંતરરાષ્ટ્રીય નવીનીકરણીય ઉર્જા એજન્સીના તાજેતરના અહેવાલ મુજબ, વાર્ષિક સૌર ક્ષમતા વધારામાં ભારત હવે ચીન બાદ વિશ્વનો બીજા ક્રમનો સૌથી મોટો દેશ બની ગયો છે. ભારતે ગયા વર્ષે ૩૭ ગીગાવોટ ક્ષમતા ઉમેરી હતી, જે અમેરિકાના ૩૪ ગીગાવોટના વધારા કરતા વધુ છે.સૌથી ઝડપથી વિકસતા મુખ્ય સૌર બજાર તરીકે ભારત સતત પોતાની મર્યાદાઓ તોડી રહ્યું છે. મજબૂત નીતિ સમર્થન, સતત નવીનતા અને વિશ્વ-સ્તરીય માળખાગત સુવિધાઓને કારણે આ રેકોર્ડ ક્ષમતા વધારો શક્ય બન્યો છે. જો પાછલા વર્ષોના આંકડા જોઈએ તો, ભારતે ૨૦૨૩માં ૯.૬ ગીગાવોટ અને ૨૦૨૪માં ૨૫.૪ ગીગાવોટનો ઉમેરો કર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ



વિકાસની ગતિ જાન્યુઆરી ૨૦૨૫ થી માર્ચ ૨૦૨૬ સુધીના માત્ર ૧૪ મહિનામાં વધુ ૫૦ ગીગાવોટના ઉમેરા સાથે ટોચ પર પહોંચી છે. એપ્રિલ ૨૦૨૬ સુધીમાં, ભારતની કુલ સ્થાપિત સૌર ઉર્જા ક્ષમતા ૧૫૪ ગીગાવોટ સુધી પહોંચી છે.કુલ સ્થાપિત ક્ષમતાની દ્રષ્ટિએ પણ ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે. ૨૦૨૪માં ભારતે જાપાનને પાછળ છોડીને વૈશ્વિક સ્તરે સૌર ઉર્જાનો ત્રીજો સૌથી મોટો ઉત્પાદક દેશ બનવાનું ગૌરવ મેળવ્યું છે. છેલ્લા એક દાયકામાં ભારતે સ્થાપિત ક્ષમતામાં જે રીતે વધારો કર્યો છે તે અભૂતપૂર્વ છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં ભારતે ૩૪ ગીગાવોટના લક્ષ્યાંક સામે ૪૪.૬૧ ગીગાવોટનો વધારો નોંધાવ્યો હતો, જે અગાઉના વર્ષના ૨૩.૮૩ ગીગાવોટના રેકોર્ડ કરતા લગભગ બમણો છે.ભારતનું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ નવીનીકરણીય ઉર્જા ક્ષમતા પ્રાપ્ત કરવાનું છે. અત્યારે દેશની કુલ સ્થાપિત ક્ષમતાનો અડધો ભાગ એટલે કે ૨૮૮ ગીગાવોટ બિન-અશ્મિભૂત સ્ત્રોતોમાંથી આવે છે. આ ક્ષમતામાં પવન ઉર્જાનો ૫૬ ગીગાવોટ, મોટા જળવિદ્યુત પ્લાન્ટનો ૫૧ ગીગાવોટ, પરમાણુ ઉર્જાનો ૮.૮ ગીગાવોટ અને બાયોએનર્જીનો ૧૧ ગીગાવોટથી વધુનો હિસ્સો સમાવિષ્ટ છે.જોકે ભારત આ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમે છે, તેમ છતાં વાસ્તવિક વીજળી ઉત્પાદનમાં બિન-અશ્મિભૂત સ્ત્રોતોનો ફાળો હજુ ૩૦ ટકાથી ઓછો છે. ચીન હજુ પણ ૩૧૫ ગીગાવોટના વાર્ષિક ઉમેરા સાથે આ ક્ષેત્રમાં ઘણું આગળ છે. જોકે, ભારતની જે રીતે પ્રગતિ થઈ રહી છે તે જોતા આગામી સમયમાં દેશ આત્મનિર્ભર અને હરિત ઊર્જામાં અગ્રેસર બનશે તે નિશ્ચિત છે. અમેરિકા જેવી મોટી અર્થવ્યવસ્થાઓને પાછળ છોડવી એ ભારતની વધતી આર્થિક અને તકનીકી તાકાતનું પ્રમાણ છે.

## એચડીએફસી બેંકને બદનામ કરવાનું ષડયંત્ર સામે આવ્યું સત્ય બહાર

મુંબઈ : દેશની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની બેંક, જે કરોડો થાપણદારો, રોકાણકારો અને વેપારીઓનો અતૂટ વિશ્વાસ ધરાવે છે, તે છેલ્લા કેટલાક સમયથી સતત અને વ્યવસ્થિત રીતે ફેલાવવામાં આવતા ખોટા પ્રચારનો શિકાર બની રહી છે. એચડીએફસી બેંક સામે શાસન વ્યવસ્થા અને ગવર્નન્સને લઈને જે પ્રકારના આક્ષેપો થઈ રહ્યા છે, તે આશ્ચર્યજનક છે. જોકે, તાજેતરના તથ્યો અને નિયમનકારી તપાસે આ તમામ અફવાઓને પાયાવિહોણી ઠેરવી છે. અદાલતોના આદેશ અને કેન્દ્રીય બેંકની સ્પષ્ટતા છતાં, બેંકની સ્થિતિ અંગે જે રીતે નકારાત્મક વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે, તે અનેક ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.ઘટનાક્રમ પર નજર કરીએ તો, આ સમગ્ર મામલાની શરૂઆત લીલાવતી ટ્રસ્ટના વિવાદથી થઈ હતી. બેંકના એમડી અને સીઈઓ શશીધર જગદીશન પર લાંચ લેવાના આરોપો મૂકવામાં આવ્યા હતા. પરંતુ, ૬ મે, ૨૦૨૬ના રોજ બોમ્બે હાઈકોર્ટે આ લાંચ અને છેતરપિંડીના મામલામાં દાખલ થયેલી ફરિયાદને રદ કરી હતી. કોર્ટે પોતાના અવલોકનમાં જણાવ્યું હતું કે આ ફરિયાદ બેંક દ્વારા ૬૫ કરોડ રૂપિયાથી વધુની લેણી રકમ વસૂલવાના પ્રયાસો સામે બદલાની ભાવનાથી પ્રેરાઈને કરવામાં આવી હતી. કોર્ટે આ કેસને ફોજદારી પ્રક્રિયાનો દુરુપયોગ ગણાવ્યો હતો. આ ચુકાદો જ સાબિત કરે છે કે બેંકના વડા સામેના આરોપો કેટલા પાયાવિહોણા હતા.બીજો મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે બેંકના પાર્ટ-ટાઈમ ચેરમેન અતાનુ ચક્રવર્તીએ રાજીનામું આપ્યું. મીડિયામાં આ ઘટનાને એક મોટી કટોકટી તરીકે રજૂ કરવામાં આવી, જેનાથી રોકાણકારોમાં ગભરાટ ફેલાયો. પરંતુ, બીજા જ દિવસે, અતાનુ ચક્રવર્તીએ એક ઈન્ટરવ્યુમાં સ્પષ્ટ કર્યું કે આ રાજીનામું એક સામાન્ય અને રૂટિન પ્રક્રિયા છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે આમાં કોઈ મોટી ચિંતાનો વિષય નથી. આ ઉપરાંત, ભારતીય રિઝર્વ બેંકે પણ ૧૯ માર્ચ, ૨૦૨૬ના રોજ જાહેર કરેલા નિવેદનમાં સ્પષ્ટ કર્યું હતું કે બેંકની નાણાકીય સ્થિતિ અત્યંત મજબૂત છે.

## આરબીઆઈની સાવચેતીભરી નીતિ

### રેપો રેટ યથાવત રાખવા RBIનો નિર્ણય અર્થતંત્રને મળશે રાહત

મુંબઈ : રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરી પોલિસી કમિટીની મહત્વપૂર્ણ બેઠક બાદ આર્થિક જગતની નજર રેપો રેટ પર ટકેલી છે. વર્તમાન વૈશ્વિક અને સ્થાનિક આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખતા, નિષ્ણાતોનો એકસૂર મત છે કે રિઝર્વ બેંક હાલના તબક્કે રેપો રેટને ૫.૨૫ ટકાના સ્તરે યથાવત રાખશે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને ક્રૂડ ઓઈલના વધતા ભાવ વચ્ચે આર્થિક વિકાસ અને ફુગાવાને સંતુલિત રાખવો એ મધ્યસ્થ બેંક માટે સૌથી મોટો પડકાર છે.દેશના અર્થતંત્ર સામે અનેક પડકારો આવી રહ્યા છે. રૂપિયામાં જોવા મળતી નબળાઈને કારણે ક્રૂડ ઓઈલની આયાત મોંઘી બની છે, જેની સીધી અસર ફુગાવા પર પડે તેમ છે. એસબીઆઈના વિશ્લેષક સૌમ્ય કાંતિ ઘોષના મતે, રૂપિયાને વધુ પડતો ઘટતો અટકાવવો એ સમયની માંગ છે, કારણ કે આયાતી મોંઘવારી દેશમાં ભાવ વધારાને વેગ આપી શકે છે. વધુમાં, ચાલુ વર્ષના ચોમાસાના વરતારા મુજબ વરસાદ સરેરાશ કરતા ઓછો રહેવાની સંભાવના છે, જે ખરીફ પાકના ઉત્પાદન પર અસર કરી શકે છે. જો અનાજના ભાવ વધે, તો તે ફુગાવાને ફરીથી નિર્ધારિત લક્ષ્યાંકની ઉપર લઈ જઈ શકે છે. એચએસબીસી હોલ્ડિંગ્સની એક નોંધ મુજબ, હાલમાં ફુગાવો ૪ ટકાના લક્ષ્યાંકની નીચે હોવાથી રિઝર્વ બેંક માટે વ્યાજ દરમાં ફેરફાર ન કરવો એ જ સૌથી યોગ્ય વિકલ્પ છે. વ્યાજ દરમાં વધારો કરીને અર્થતંત્રની વૃદ્ધિને નુકસાન પહોંચાડ્યા વિના ફુગાવાને કાબૂમાં રાખવો એ અત્યંત નાજુક પ્રક્રિયા છે. જો ફુગાવો સતત ઊંચો રહે છે, તો વર્ષના અંત સુધીમાં વ્યાજ દરમાં ફેરફાર કરવાની જરૂર પડી શકે છે, પરંતુ હાલના સંજોગોમાં સ્થિરતા જાળવવી હિતાવહ છે.મધ્ય પૂર્વના સંઘર્ષના કારણે વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. પરિણામે, ઘણી રિસર્ચ સંસ્થાઓએ ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતના આર્થિક વિકાસ દરના અંદાજમાં ઘટાડો કર્યો છે. આવી સ્થિતિમાં દેશમાં મૂડીખર્ચ વધારવાની અત્યંત આવશ્યકતા છે. નિષ્ણાતો માને છે કે જો આરબીઆઈ રેપો રેટ યથાવત રાખે છે, તો તે ઉદ્યોગો અને ગ્રાહકો બંનેને જરૂરી પ્રોત્સાહન પૂરું પાડશે.આમ, આરબીઆઈની આગામી નાણાકીય નીતિની સમીક્ષા અત્યંત મહત્વની સાબિત થશે. શું રિઝર્વ બેંક ખરેખર પોતાના 'ન્યુટ્રલ' વલણને વળગી રહેશે કે પછી વધતા ફુગાવાના જોખમને જોતા કોઈ નવો રસ્તો અપનાવશે, તે તો આવનારો સમય જ બતાવશે. હાલ પૂરતું તો, વ્યાજ દરોમાં કોઈ ફેરફાર ન થાય તેવી જ વ્યાપક શક્યતા જોવાઈ રહી છે.

## ભારતીય કંપનીઓની કમાણીમાં મોટો તફાવત સેક્ટર્સમાં મિશ્ર ચિત્ર

અમદાવાદ : નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ત્રિમાસિક ગાળાના (Q4FY26) ભારતીય કંપનીઓના પરિણામો જાહેર થયા છે, જેમાં નોંધપાત્ર ક્ષેત્રીય તફાવત જોવા મળ્યો છે. એક તરફ નાણાકીય સેવાઓ, સિમેન્ટ, પાવર અને ધાતુ જેવા ક્ષેત્રોએ રોકાણકારોને મજબૂત કમાણીનો આનંદ આપ્યો છે, તો બીજી તરફ બેંકિંગ, આઈટી (IT) અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ક્ષેત્રોએ નબળું પ્રદર્શન કરતા ચિંતા વધારી છે.સમગ્ર ભારતીય કોર્પોરેટ જગતની સ્થિતિ જોઈએ તો, કુલ ૨૦૧૩ લિસ્ટેડ કંપનીઓના સંયુક્ત સમાયોજિત ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે ૧૬.૯ ટકાનો નોંધપાત્ર વધારો નોંધાયો છે. આ કંપનીઓના કુલ વેચાણમાં પણ ૧૧.૪ ટકાનો વધારો જોવા મળ્યો છે, જે ભારતીય અર્થતંત્રની સ્થિતિસ્થાપકતા દર્શાવે છે.ધાતુ અને તેલ ક્ષેત્રનું વર્ચસ્વ: વૈશ્વિક સ્તરે ધાતુના ભાવમાં થયેલો વધારો અને સુધારેલા માર્જિનને કારણે ધાતુ અને ખાણકામ કંપનીઓએ શાનદાર કમાણી કરી છે. આ ક્ષેત્રના વેચાણમાં ૧૯.૯ ટકા અને નફામાં ૨૨.૮ ટકાનો ઉછાળો આવ્યો છે. તે જ રીતે, જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓ માટે આ સમયગાળો અત્યંત લાભદાયી રહ્યો છે, જ્યાં સંયુક્ત નફામાં ૧૯.૨ ટકાનો મોટો વધારો થયો છે. પાવર અને અન્ય ક્ષેત્રો: પાવર સેક્ટરની કંપનીઓએ પણ ૨૬.૧ ટકાના મજબૂત નફા સાથે પ્રદર્શનમાં બાજી મારી છે. કેપિટલ ગુડ્સ અને સંરક્ષણ ક્ષેત્રની કંપનીઓએ પણ સારી વૃદ્ધિ નોંધાવી છે, જ્યારે એફએમસીજી (FMCG) કંપનીઓએ ૧૧ ટકાની આવક વૃદ્ધિ નોંધાવી છે, જે મુખ્યત્વે વોલ્યુમ વૃદ્ધિ અને જીએસટી ઘટાડાને કારણે શક્ય બની છે.આ સમયગાળા દરમિયાન બેંકિંગ ક્ષેત્ર થોડું નિષ્પ્રભ રહ્યું છે. બેંકોનો સંયુક્ત ચોખ્ખો નફો ૧૨.૫ ટકા વધ્યો હોવા છતાં, કુલ વ્યાજ આવકમાં માત્ર ૩.૫ ટકાનો સામાન્ય વધારો થયો છે. બોન્ડ યીલ્ડમાં વધારો થવાને કારણે ટ્રેઝરી આવક પર દબાણ આવ્યું હતું.

## વૈશ્વિક પડકારો વચ્ચે ભારતીય અર્થતંત્ર બનશે વિશ્વનું નવી શક્તિ

નાગપુર: આદિત્ય બિરલા સમૂહના અધ્યક્ષ કુમાર મંગલમ બિરલાએ નાગપુર ખાતે આયોજિત એક જાહેર કાર્યક્રમમાં ભારતના આર્થિક ભવિષ્ય અંગે અત્યંત સકારાત્મક મત વ્યક્ત કર્યો છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, આ સમયગાળો ભારતની આર્થિક સફર માટે અત્યંત નિર્ણાયક છે અને ગમે તેવા વૈશ્વિક સંઘર્ષો કે ભૂ-રાજકીય તણાવ વચ્ચે પણ ભારત અભૂતપૂર્વ વિકાસ સાધવા માટે સંપૂર્ણ સક્ષમ છે.

હાલમાં વિશ્વ જ્યારે મહાસત્તાઓની ખેંચતાણ અને બદલાતા વૈશ્વિક સમીકરણો વચ્ચે ફસાયેલું છે, ત્યારે ભારત પોતાની એક અલગ ઓળખ ઊભી કરવામાં સફળ રહ્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, બિરલાએ ભારપૂર્વક કહ્યું કે ભારત અત્યારે વિશ્વની છઠ્ઠી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને આપણે ખૂબ જ મજબૂત ગતિએ આગળ વધી રહ્યા છીએ. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં થતી વધઘટ અને પુરવઠા શૃંખલામાં આવતા અવરોધો જેવી મુશ્કેલીઓ છતાં, ભારતનું અર્થતંત્ર પોતાની ચાલ બદલવા તૈયાર નથી. છેલ્લા ત્રણ વર્ષમાં વિશ્વમાં ઘણી ઉથલપાથલ જોવા મળી છે, છતાં ભારતીય અર્થતંત્રના પાયા અડગ રહ્યા છે. દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે કુમાર મંગલમ બિરલાએ કેટલાક મહત્વના મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમના મતે, ભારત પાસે અત્યારે એવી દુર્લભ તકોનો સંગમ છે જે રાષ્ટ્રના જીવનમાં ભાગ્યે જ ક્યારેક આવે છે. આ તકોમાં વસ્તી વિષયક લાભાંશ, આર્થિક અનુકૂળ પવનો, મજબૂત માળખાકીય સુવિધાઓ, ડિજિટલ માળખું અને નાણાકીય સેવાઓનો વિસ્તાર સામેલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉલ્લેખિત 'અમૃત કાળ'ને બિરલાએ એક પરિવર્તનકારી તબક્કો ગણાવ્યો છે, જે ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે તૈયાર છે. આ તબક્કો માત્ર આર્થિક જ નહીં, પરંતુ સામાજિક અને તકનીકી પરિવર્તનનો પણ છે.

## ટેકનોલોજી શેર માં મોટો ઘટાડો આવતા રોકાણકારોમાં ભારે ચિંતા

સિયોલ: વિશ્વભરના શેરબજારોમાં અત્યાર સુધી જે ટેકનોલોજી શેરોની તેજી જોવા મળી રહી હતી, તેને શુક્રવારે મોટો ઝટકો લાગ્યો છે. અમેરિકી બજારમાં કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સંબંધિત શેરોમાં થયેલા ઘટાડાની અસર એશિયાઈ બજારો પર સ્પષ્ટપણે જોવા મળી હતી. આ ઘટાડાને કારણે કોરિયાના મુખ્ય ટેકનોલોજી શેરોમાં પણ કડાકો બોલાયો છે. કોરિયાના ટેકનોલોજી ક્ષેત્રના દિગ્ગજ શેરો જેવા કે સેમસંગ અને એસ.કે. હાયનિક્સમાં ૮ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો, જેના કારણે સ્થાનિક સૂચકાંકમાં ૪ ટકાનો મોટો ઘટાડો નોંધાયો હતો. નિષ્ણાતોનું માનવું છે કે આ કંપનીઓએ ખૂબ જ ટૂંકા ગાળામાં જે રીતે ટ્રિલિયન ડોલરનું મૂલ્ય પ્રાપ્ત કર્યું હતું, તેના પછી રોકાણકારો હવે સાવચેતીભર્યું વલણ અપનાવી રહ્યા છે.ટેકનોલોજી શેરોમાં આ વેચવાલી પાછળ અમેરિકી ચિપ બનાવતી કંપની બ્રોડકોમના બીજા ક્વાર્ટરના પરિણામો મુખ્ય કારણ માનવામાં આવે છે. બ્રોડકોમે ૨૨.૧૯ અબજ ડોલરની આવક જાહેર કરી હતી, જે બજારના અંદાજો કરતાં ઓછી હતી. કંપનીના મુખ્ય કાર્યકારી અધિકારી હોક ટેન દ્વારા વાર્ષિક લક્ષ્યાંકમાં કોઈ વધારો ન કરવામાં આવતા રોકાણકારો નિરાશ થયા હતા. આ પરિણામોની અસર માત્ર બ્રોડકોમ પૂરતી સીમિત ન રહેતા અન્ય ટેકનોલોજી કંપનીઓ પર પણ પડી હતી. આર્મ હોલ્ડિંગ્સના શેરમાં ૪ ટકાથી વધુનો અને માઈક્રોન ટેકનોલોજીના શેરમાં લગભગ ૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. છેલ્લા કેટલાક સમયથી અમેરિકા અને એશિયાના બજારોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના નામે શેરોમાં આંધળી તેજી જોવા મળી હતી. ડેટા સેન્ટરના વિસ્તરણ અને આ ક્ષેત્રમાં થયેલા ખર્ચને કારણે આ શેરો રોકાણકારોના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

## ક્રિપ્ટોકરન્સી માર્કેટ

### બિટકોઈનમાં ભારે કડાકો ૬૨૦૦૦ ડોલરની સપાટી તોડી નીચે ગગડ્યો

મુંબઈ : વૈશ્વિક ક્રિપ્ટોકરન્સી બજારમાં હાલમાં કટોકટીનો માહોલ જોવા મળી રહ્યો છે. ચાલુ સપ્તાહમાં ક્રિપ્ટોકરન્સીઝના ભાવમાં સતત ધોવાણ ચાલુ રહેતા બિટકોઈને પોતાની મહત્વની ૬૨૦૦૦ ડોલરની સપાટી ગુમાવી છે. ગુરુવારે એશિયન ટ્રેડિંગ સેશનમાં બિટકોઈન ગગડીને ૬૧૩૨૨ ડોલરની સપાટી સુધી પહોંચી ગયો હતો, જે છઠ્ઠી ફેબ્રુઆરી બાદનો સૌથી નીચો સ્તર છે. આ સપ્તાહ દરમિયાન બિટકોઈનના ભાવમાં ૧૪ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે. આ કડાકા પાછળનું મુખ્ય કારણ સ્પેસએક્સ, ઓપનએઆઈ અને એન્થ્રોપિક જેવી દિગ્ગજ ટેક કંપનીઓના આગામી જાહેર ભરણાં (IPO) માનવામાં આવી રહ્યા છે. એક અંદાજ મુજબ, સ્પેસએક્સ, ઓપનએઆઈ, એન્થ્રોપિક અને ગૂગલ મળીને આ વર્ષે અંદાજે ૩૫૦ અબજ ડોલરથી વધુનું ભંડોળ બજારમાંથી એકત્રિત કરવાનું આયોજન કરી રહ્યા છે. આ જાયન્ટ ટેક કંપનીઓના ભરણાં મૂડી બજારમાં આ વર્ષની સૌથી મોટી ઘટના હોવાનું મનાઈ રહ્યું છે. સંસ્થાકીય રોકાણકારો સહિતના મોટા રોકાણકારો હવે પોતાનું રોકાણ ક્રિપ્ટો જેવી જોખમી એસેટસમાંથી પાછું ખેંચીને આ ટેક કંપનીઓની ઈક્વિટીમાં રિલોકેટ કરી રહ્યા છે. બિટકોઈન, જે અત્યાર સુધી એક પસંદગીની લિક્વિડ જોખમી એસેટ ગણાતી હતી, તે હવે રોકાણકારો માટે ભંડોળ મેળવવાનો સૌથી સરળ સ્ત્રોત બની ગઈ છે.આ વેચવાલીના દબાણને કારણે ક્રિપ્ટોકરન્સીના માર્કેટ કેપમાં પણ મોટો ઘટાડો થયો છે, જે હવે ઘટીને ૨.૨૦ ટ્રિલિયન ડોલર પર આવી ગયું છે. મે મહિનાના આંકડા મુજબ, રોકાણકારોએ બિટકોઈન ઈટીએફમાંથી આશરે ૨.૩૦ અબજ ડોલર પાછા ખેંચી લીધા છે. બિટકોઈન સિવાય અન્ય ક્રિપ્ટો કરન્સીઝમાં પણ ભારે ઘટાડો જોવા મળ્યો છે. એથરમ ૬ ટકાથી વધુ તૂટીને ૧૭૬૦ ડોલર અને સોલાના ૬૮ ડોલરની સપાટી પર જોવા મળ્યા હતા.જોકે, મોડી સાંજે બિટકોઈનમાં નીચા મથાળેથી થોડી લેવાલી જોવા મળી હતી અને તે ૬૩૩૩૦ ડોલરની આસપાસ સુધર્યો હતો. બજારના વિશ્લેષકોનું માનવું છે કે જ્યાં સુધી આ ટેક જાયન્ટ્સના આઈપીઓનું આકર્ષણ રહેશે.

## મોંઘવારી | રિઝર્વ બેંકના રેપો રેટ અંગેના નિર્ણયે આશા પર પાણી ફેરવ્યું

# મોંઘવારીનો માર યથાવત રહેશે સામાન્ય માણસ પર પડશે બોજ

(એજન્સી) મુંબઈ | તા.05

ભારતીય અર્થતંત્રમાં વ્યાજ દરો અને મોંઘવારીને લઈને સૌથી મહત્વપૂર્ણ ગણાતી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરી પોલિસી કમિટીની બેઠકના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્પષ્ટ કર્યું છે કે હાલની વૈશ્વિક અસ્થિરતા અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના માહોલને ધ્યાનમાં રાખીને રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આમ, રેપો રેટ ૫.૨૫ ટકાના સ્તરે યથાવત રાખવામાં આવ્યો છે. જે લોકો લોનના હપ્તા એટલે કે ઈએમઆઈ ઘટવાની આશા રાખી રહ્યા હતા, તેમના માટે આ નિર્ણય એક મોટા ઝટકા સમાન છે.

આરબીઆઈ ગવર્નરે જણાવ્યું હતું કે, અમેરિકા, ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે



વૈશ્વિક બજારોમાં ભારે અનિશ્ચિતતા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં થઈ રહેલો વધારો અને સપ્લાય ચેઈનમાં આવતા અવરોધો સીધી રીતે ભારતીય અર્થતંત્રને પ્રભાવિત કરી રહ્યા છે. આવી સ્થિતિમાં, દેશમાં મોંઘવારીને નિયંત્રણમાં રાખવા અને આર્થિક વૃદ્ધિને સંતુલિત કરવા માટે વ્યાજ દરોમાં ફેરફાર ન કરવો તે એક સુરક્ષિત અને ડહાપણભર્યો નિર્ણય છે.

જોકે દેશમાં ગ્રાહક ભાવ સૂચકાંક આધારિત મોંઘવારી હાલમાં લક્ષ્યાંક કરતા નીચે રહી છે, પરંતુ આરબીઆઈની ચેતવણી ચિંતાજનક છે. ફેબ્રુઆરીમાં મોંઘવારી દર ૩.૨ ટકા હતો, જે એપ્રિલ સુધીમાં વધીને ૩.૫ ટકા થયો છે. ગવર્નરે પ્રોજેક્શન રજૂ કરતા જણાવ્યું કે ચાલુ વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં મોંઘવારીનો દર વધી શકે છે અને આગામી નાણાકીય વર્ષમાં સરેરાશ ૫.૧ ટકા સુધી પહોંચવાની સંભાવના છે.

વૈશ્વિક પડકારોને કારણે આરબીઆઈએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે જીડીપી વૃદ્ધિના અંદાજમાં પણ ઘટાડો કર્યો છે. અગાઉ આ વૃદ્ધિ દર ૬.૯ ટકા રહેવાનો અંદાજ હતો, જેને હવે ઘટાડીને ૬.૬ ટકા કરવામાં આવ્યો છે. ત્રિમાસિક ગાળા મુજબ જોઈએ તો, જૂન ૨૦૨૬માં ૬.૬ ટકા, સપ્ટેમ્બર ૨૦૨૬માં ૬.૩ ટકા અને ડિસેમ્બર ૨૦૨૬માં ૬.૫ ટકા જીડીપી વૃદ્ધિની ધારણા છે.રેપો રેટ યથાવત રહેવાનો સીધો અર્થ એ છે કે બેંકોના વ્યાજ દરોમાં ઘટાડો થશે નહીં. પરિણામે, હોમ લોન, ઓટો લોન કે પર્સનલ લોન લેનારા ગ્રાહકોના ઈએમઆઈમાં કોઈ ફેરફાર જોવા મળશે નહીં. મોંઘવારીના અંદાજમાં કરવામાં આવેલા વધારાને જોતા આગામી સમયમાં જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવ વધવાની શક્યતા છે, જે મધ્યમ વર્ગના રસોડાના બજેટ પર ભારે પડશે. નિષ્ણાતોના મતે, આરબીઆઈ હાલમાં 'ન્યુટ્રલ' અભિગમ અપનાવીને પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે.

# મહીસાગર જિલ્લા ન્યાયાલય ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણી

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસના પાવન અવસરે ડીસ્ટ્રીક્ટ કોર્ટ કંમ્પાઉન્ડ ખાતે પર્યાવરણ દીવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે પર્યાવરણ દીન નિમિત્તે 'પ્રકૃતિથી પ્રેરીત આબોહવા માટે, આપણા ભવિષ્ય માટે' ની થીમ સાથે આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચેરમેન તથા પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ જજ શ્રીમતી એમ. એન. ગડકરીની વિશેષ ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનના સંદેશને સાર્થક કરવામાં આવ્યો હતો.



આ વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિના કાર્યક્રમમાં ન્યાયતંત્રના વિવિધ મહાનુભાવોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ફેમીલી જજ શ્રીમતી ટી.એચ.દવે, એડી. ડીસ્ટ્રીક્ટ જજ શ્રી એન.જી.દવે, ચીફ જ્યુડી. મેજી. શ્રી એચ.એ.પંડ્યા, ફુલ ટાઈમ સેક્રેટરી શ્રી કે.ટી.ગુરનાની, એડી. સીવીલ જજ શ્રી આર.એ.પટેલ, ડી.જી. પી. શ્રી એસ.આર.ડામોર અને મહીસાગર બારના પ્રમુખશ્રી જે.જે. મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

આ મહાનુભાવો ઉપરાંત, કાર્યક્રમમાં ચીફ એલ.એ.ડી.સી., તમામ એલ.એ.ડી.સી. વકીલશ્રીઓ, અન્ય વકિલશ્રીઓ તથા ડીસ્ટ્રીક્ટ કોર્ટ ખાતેના તમામ કર્મચારી ગણ પણ મોટી સંખ્યામાં હાજર રહેલ હતા. સૌએ સાથે મળીને પર્યાવરણ સુરક્ષા અને વૃક્ષોના જતન માટે હકારાત્મક સંદેશ આપ્યો હતો.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં રમતવિરોની પુરક પરીક્ષા કેન્દ્રની મુલાકાત લેતા પરીક્ષા નિયામકશ્રી ડો.સુખડીયા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૫, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ક્ષેત્રિય વિસ્તારની વિવિધ કોલેજોનાં વિદ્યાર્થીઓ જ્યારે ઝોન કક્ષાએ, આંતર યુનિ. કે રાષ્ટ્રીય કક્ષાએ આજે ખો-ખો, કુસ્તી, સાયક્લીંગ, વેઈટ લીફ્ટીંગ, ક્રોસકંન્ટ્રી, ઝુડો જેવી વિવિધ રમતો નાં ૨૪ જેટલા વિદ્યાર્થીઓની સ્પર્ધામાં ઉપસ્થિતી નાં સંજોગો વેળાએ ચુકી જવાયેલ પરીક્ષાને કારણે તેમનાં રેગ્યુલર અભ્યાસમાં ખલેલ ના પહોંચે તે હેતુ યુનિ.નાં કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણે આવા વિદ્યાર્થીઓ માટે પરીક્ષાકક્ષની મુલાકાત લઈ પરીક્ષાર્થીઓની સવલત અને તેમની જરુરતો અને વ્યવસ્થાઓ અંગે પરીક્ષા નિયામકશ્રી ડો.ડી. એચ.સુખડીયાએ સુપરવાઈઝર સાથે પરીક્ષા સંદર્ભે જાણકારી મેળવી હતી.

# વઘઈ-સાપુતારા રોડ પર BMW કારથી ખતરનાક સ્ટંટબાજી કરનાર સુરત નો નબીરો ઝડપાયો

ડાંગ | પોતાના શાંતિપ્રિય વાતાવરણ અને પ્રકૃતિના અદભુત સૌંદર્ય માટે જાણીતો ડાંગ જિલ્લો છેલ્લા કેટલાક સમયથી અસામાજિક તત્વો અને જોખમી સ્ટંટબાજી કરનારાઓના કારણે ચર્ચામાં આવ્યો છે. પ્રવાસન સ્થળો અને જાહેર માર્ગો પર બેફામ વાહનો હંકારીને માત્ર પોતાનો જ નહીં, પરંતુ અન્ય લોકોનો જીવ પણ જોખમમાં મૂકતા તત્વો સામે ડાંગ પોલીસે કડક વલણ અપનાવ્યું છે. તાજેતરમાં જ વઘઈ-સાપુતારા ઘાટ રોડ વિસ્તારમાં એક મોંઘીદાટ BMW કાર દ્વારા કરવામાં આવેલી ખતરનાક સ્ટંટબાજીની ઘટના સામે આવી છે, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ પોલીસે ગણતરીના કલાકોમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, વઘઈથી સાપુતારા તરફ જતા બારીપાડા ગામ નજીક આવેલા એક કાચા મેદાનમાં BMW કાર (નંબર: GJ 05 JK 9036) સાથે જાહેર સુરક્ષાને જોખમમાં મૂકે તે રીતે બેફામ અને ખતરનાક સ્ટંટબાજી કરવામાં આવી હતી.આ જોખમી કરતૂતોનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ઝડપથી વાયરલ થતાં જ ડાંગ જિલ્લા ટ્રાફિક પોલીસ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ હતી.ડાંગ ટ્રાફિક શાખાના હેડ કોન્સ્ટેબલ વિજયસિંહ સરવૈયા અને તેમની ટીમે વીડિયોના આધારે ત્વરિત તપાસ શરૂ કરી હતી.ટેક્નિકલ સર્વેલન્સ અને વાહનની વિગતો મેળવ્યા બાદ ડાંગ પોલીસની તપાસનો દોર સુરત સુધી પહોંચ્યો હતો. ટ્રાફિક શાખાની ટીમે સુરત ખાતેથી સ્ટંટબાજી કરનાર ૨૦ વર્ષીય યુવક રુદ્ર રાવલને શોધી કાઢ્યો હતો અને તેની સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી હતી. ડાંગ પોલીસે આગળની ઊંડાણપૂર્વકની તપાસ અર્થે આ સમગ્ર મામલો સાપુતારા પોલીસ મથકને સોંપ્યો છે.સોશિયલ મીડિયા પર માત્ર સસ્તી લોકપ્રિયતા (લાઈક્સ અને વ્યુઝ) મેળવવા માટે જાહેર સ્થળો, પ્રવાસન ધામો અને માર્ગો પર કાયદાનો ભંગ કરનારા સ્ટંટબાજોને આ કાર્યવાહીથી કડક ચેતવણી મળી છે. જાહેર જનતાની સુરક્ષા સાથે રમત કરનારા તત્વોને ડાંગ પોલીસ કોઈપણ સંજોગોમાં સાંખી લેશે નહીં.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં બે વિદ્યાર્થીઓએ ઈકોનોમિક્સ વિષયે પીએચ.ડી. સંશોધન કાર્ય કર્યુ સંપન્ન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૦૫, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીનાં ઈકોનોમિક્સ વિષયે બે શોધસ્કોલર્સે આજે ફાઇનલ વાઈવામાં પોતાનું શોધપત્ર બાહ્ય પરિક્ષક ડો.મિનાક્ષીબેન પંચાલની ઓનલાઇન વિડીયો કોન્ફરન્સથી ઉપસ્થિતીમાં પ્રસ્તુત કરતાં ચૌહાણ ચેતનકુમાર માધવજીભાઇ અને વસાવા સતિષ રતિલાલનાં વાઈવા સફળતા પુર્વક સંપન્ન થયા હતા. વસાવા સતિષકુમારે ડો.કપિલ ગોસીયાનાં માર્ગદર્શન માં નર્મદા જિલ્લાનાં ખેડુતોને મળતી સરકારી આર્થિક સહાયનો અભ્યાસ વિષયે નર્મદા જિલ્લાના ખેડૂતો કૃષિ અને પશુપાલન માટે સરકારની વિવિધ કલ્યાણકારી આર્થિક સહાયનો લાભ જેવી કે મુખ્યત્વે પાક નુકસાની, પ્રાકૃતિક ખેતી, સાધન-સામગ્રી અને ટપક સિંચાઈ, પાક નુકસાન સહાય, પ્રાકૃતિક ખેતી પ્રોત્સાહન, સાધન અને મશીનરી સહાય, આદિજાતિ અને વનબંધુ યોજનાઓ, પાક વીમો,બિયારણ સહાય જેવી વિવિધ સરકારશ્રીની યોજનાઓની વિસ્તૃત સંશોધનાત્મક વાતો પર કાર્ય કરેલ હતુ. ચૌહાણ ચેતનકુમાર માધવજીભાઈએ ડો.રાજુભાઇ જીંજાળાનાં માર્ગદર્શનમાં ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં પસંદ કરેલા બાગાયતી પાકોનો આર્થિક અભ્યાસ વિષયે પોતાનું શોધપત્ર રજુ કર્યુ હતુ. વાઈવા દરમ્યાન ડો. ચેતન ચૌહાણે વર્ણવ્યુ હતુ કે ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં બાગાયતી ખેતી કૃષિ અર્થતંત્રનો મહત્વનો આધારસ્તંભ બની ગઈ છે.

મહીસાગર જિલ્લામાં વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણી સાથે .......

# સબલપૂર ખાતે ૧૨,૦૦૦થી વધુ વૃક્ષો વાવવાનું આયોજન કરવામાં આવ્યું

જગદીશ ત્રિવેદી | મહીસાગર

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે મહીસાગર જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પર્યાવરણ જાગૃતિ અને હરિયાળી વધારવાના ઉમદા હેતુથી વ્યાપક સ્તરે વૃક્ષારોપણ કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ્ય પર્યાવરણનું સંરક્ષણ કરવા, વૃક્ષોનું મહત્વ સમજાવવા અને સમગ્ર જિલ્લાને વધુ હરિયાળો બનાવવાનો રહ્યો હતો. આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં લોકભાગીદારી જોવા મળી હતી, જે મહીસાગર જિલ્લાની પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. લુણાવાડા તાલુકાના સબલપૂર ગામ ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવાર અને ઉપ પ્રમુખ હંસરાજ વસાવાની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે ગામની ખુલ્લી જમીનમાં ૧૨,૦૦૦થી વધુ વૃક્ષો વાવવાનું મહત્વકાંક્ષી લક્ષ્યાંક રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વન વિભાગના એ સી એફ શ્રી એ એ પટેલ, આર એફ ઓ શ્રી રોહિત પટેલ, આસપાસની ગ્રામ પંચાયતના સરપંચો, ગ્રામજનો અને વનકર્મીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉપસ્થિત સૌ નાગરિકો અને મહાનુભાવોએ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'એક પેડ મા કે નામ'ના લોક-આહવાનને અનુસરીને આ અભિયાનમાં જોડાવા માટે વૃક્ષારોપણનો મક્કમ સંકલ્પ લીધો હતો.વધુમાં, લુણાવાડાના ઐતિહાસિક કાલિકા માતા ડુંગર ખાતે વિકસાવવામાં આવેલા 'અર્બન વન કવચ' ખાતે પણ વૃક્ષારોપણનો પ્રેરક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવારની સાથે લુણાવાડાના ધારાસભ્ય ગુલાબસિંહ, લુણાવાડા તાલુકા પંચાયત પ્રમુખ તેમજ નગરપાલિકાના સભ્યોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મહાનુભાવો દ્વારા પરંપરાગત રીતે વૃક્ષારોપણ કરીને પ્રકૃતિના સંરક્ષણનો માર્ગ પ્રશસ્ત કરવામાં આવ્યો હતો. શહેરી વિસ્તારની નજીક વન કવચના નિર્માણથી સ્થાનિક પર્યાવરણમાં સુધારો થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન સંબોધન કરતા મહાનુભાવોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશભરમાં પર્યાવરણ અને વિકાસ વચ્ચે સંતુલન જળવાઈ રહે તે માટે વિવિધ અભિયાનો સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યા છે.

## નખત્રાણા નગરે આવેલ શ્રીનાથ કોમ્પ્લેક્સમાં ગંદકીનો ગંજાવો: વેપારીઓએ તંત્ર સામે ઉઠાવ્યો અવાજ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા બસ સ્ટેશન સામે આવેલ શ્રીનાથ કોમ્પ્લેક્સ વિસ્તારમાં લાંબા સમયથી વ્યાપેલી ગંદકી અને ગટર સમસ્યાએ હવે ગંભીર સ્વરૂપ ધારણ કરતાં વેપારીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. જાહેર આરોગ્યને સીધી અસર કરતી આ સમસ્યાના નિરાકરણ માટે વેપારીઓએ મામલતદાર તથા પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરી તાત્કાલિક પગલાં ભરવાની માંગ ઉઠાવી છે.આવેદનમાં જણાવાયું છે કે અગાઉ પણ આ મુદ્દે તંત્રને લેખિત જાણ કરવામાં આવી હતી, પરંતુ હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. પરિણામે કોમ્પ્લેક્સ તથા આસપાસના વિસ્તારમાં ગટરના દુર્ગંધયુક્ત પાણીના ખાબોચિયા, ગંદકીના ઢગલા અને અસ્વચ્છ વાતાવરણ યથાવત રહેતાં વેપારીઓ, ગ્રાહકો અને સ્થાનિક રહેવાસીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. વેપારીઓના જણાવ્યા મુજબ રોજબરોજ હજારો લોકોની અવરજવર ધરાવતા આ વિસ્તારમાં ગંદકીના કારણે મચ્છર અને માખીઓનો ઉપદ્રવ વધી ગયો છે. ચોમાસાની ઋતુ નજીક આવતાં મેલેરિયા, ડેન્ગ્યુ અને અન્ય ચેપી રોગો ફેલાવાની ભીતિ પણ વધી રહી છે. અનેક વેપારીઓએ જણાવ્યું હતું કે અસ્વચ્છ વાતાવરણના કારણે ગ્રાહકો પણ દુકાનો તરફ આવવાનું ટાળી રહ્યા છે.

## સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો:-પેટના દુખાવાનું બહાનું કાઢી જેલગાર્ડને ધક્કો મારી પોકસો ના આરોપી ફરાર

ડાંગ | ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલી સબ જેલમાંથી પોસ્કો (POCSO) અને હત્યા જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા બે પાકા અને કાચા કામના આરોપીઓ જેલ પ્રશાસનની ઘોર બેદરકારીનો લાભ ઉઠાવી ફરાર થઈ જતાં સમગ્ર પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ ઘટનાને પગલે જેલની સુરક્ષા વ્યવસ્થા અને ગાર્ડની સતર્કતા સામે અનેક ગંભીર સવાલો ઊભા થયા છે.મળતી માહિતી મુજબ, ગુરુવારની રાત્રે આહવા સબ જેલમાં એક ચોંકાવનારો બનાવ બન્યો હતો. જેલમાં બંધ રહેલા પોસ્કો કેસના આરોપી ગિરીશ બાગુલે અચાનક પેટમાં અસહ્ય દુઃખાવો થવાનું નાટક કર્યું હતું અને બહાનું કાઢી જેલના ગાર્ડ પાસે બેરેકનું તાળું ખોલાવ્યું હતું. આ તકનો ગેરલાભ ઉઠાવી ગિરીશ બાગુલની સાથે હત્યાના ગુનામાં સંડોવાયેલો અન્ય આરોપી વિજય ધૂમ પણ બેરેકમાંથી બહાર નીકળી આવ્યો હતો. આશ્ચર્યજનક અને ક્ષતિભરી બાબત એ સામે આવી છે કે જેલના મુખ્ય પ્રવેશદ્વાર પર પણ તે સમયે કોઈ તાળું મારેલું ન હતું અને દરવાજો માત્ર આડો કરેલો હતો. આ સુરક્ષા ખામીનો ફાયદો ઉઠાવીને બંને ગંભીર ગુનાના આરોપીઓએ ફરજ પર તૈનાત જેલગાર્ડને જોરદાર ધક્કો માર્યો હતો અને અંધારામાં નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.ફરાર થયેલા આરોપીઓ પૈકી ગિરીશ બાગુલ વર્ષ ૨૦૨૩થી પોસ્કોના ગંભીર કેસમાં જેલમાં બંધ હતો.

## "ધરતી માગે હરિયાળો શણગાર" :વિશ્વ પર્યાવરણ દિને પ્રાદેશિક માહિતી કચેરી જૂનાગઢ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૫. વિશ્વ પર્યાવરણ દિવસ અને હરિયાળા ભવિષ્યના સંદેશ સાથે પ્રાદેશિક માહિતી કચેરી, જૂનાગઢ ખાતે આજ રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. પ્રકૃતિપ્રેમ અને પર્યાવરણ જાગૃતિના હેતુથી આયોજિત કાર્યક્રમમાં અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.વિશાળે જગ વિસ્તારે, નથી એક જ માનવી પશુ છે,પંખી છે,પુષ્પો, વનોની છે વનસ્પતિ ગુજરાતી ભાષાના વિદ્વાન કવિશ્રી ઉમાશંકર જોશીની પંક્તિ ખરા અર્થમાં વિશ્વ પર્યાવરણ દિને સાર્થક થતી જોવા મળે છે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આજે વિવિધ કચેરીઓમાં અને સંસ્થાઓ દ્વારા વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જુનાગઢ પ્રાદેશિક માહિતી કચેરીને એક વર્ષ પૂર્ણ થવાના અવસરે તેમજ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણ નો કાર્યક્રમ કચેરીના પટાંગણમાં યોજવામાં આવ્યો હતો.

## જાફરાબાદ તાલુકાના લુણસાપુર ઈન્ડો એશિયા કોપર કંપની લિમિટેડ દ્વારા વિશ્વ પર્યાવરણ દિન ની ભવ્ય થી ભવ્ય વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામે આવેલી ઈન્ડો એશિયા કોપર કંપની લિમિટેડ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ ની ઉજવણી ના ભાગરૂપે ભવ્ય કાર્યક્રમ માં મંચસ્થ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી મંચસ્થ ઉપસ્થિત સૌ મહાનુભાવો નુ મહેમાનો નુ પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું ધારાસભ્ય ના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ ની વિશેષ ઉપસ્થિતિ માં કાર્યક્રમ યોજાયો આ કાર્યક્રમમાં મા રાજુલા ના બઢતી સાથે બદલી થયેલા પુર્વ પ્રાંત અધિકારી મેહુલ બરસરા અને હાલ તેમની જગ્યા એ નવા નિમણુંક થયેલા પ્રોબેશનર પ્રાંત અધિકારી આઈ એ એસ હર્ષિતાબેન ગોયેલ સહિત રાજુલા જાફરાબાદ ના સરકારી અધિકારીઓ પોલીસ સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યા હતા ઓલ ગુજરાત બજાર સમિતિ ના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ ટીંબી યાર્ડ ના ચેરમેન ઉપસ્થિત રહ્યા હતા જાફરાબાદ તાલુકાના ગ્રામ પંચાયત ના સરપંચ સભ્યો તાલુકા પંચાયત ના પ્રમુખ સભ્યો જિલ્લા પંચાયત ના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. આજ રોજ એટલે કે પાંચ જુન વિશ્વ પર્યાવરણ હોય તો આ દિવસ નિમિતે એક વૃક્ષ માં કે નામ પર ઈન્ડો એશિયા કોપર કંપની લિમિટેડ દ્વારા લુણસાપુર ગામે ગ્રામ પંચાયત દ્વારા ફાળવેલ જમીન પર વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજાયો હતો.

## આઈ.ટી.આઈ. જૂનાગઢ ખાતે કેમ્પસ ઈન્ટરવ્યૂનું સફળ આયોજન : ભરતીમા ૮૩ ઉમેદવારોની પસંદગી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા. ૦૫, રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ. ટી.આઈ.), જૂનાગઢ ખાતે આચાર્ય શ્રી ભગીરથસિંહ જાળીયા તથા આચાર્ય શ્રી પ્રિયેશ વાળાના માર્ગદર્શન હેઠળ કેમ્પસ ઈન્ટરવ્યૂનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ ભરતી પ્રક્રિયામાં વિવિધ ટ્રેડના કુલ ૯૪ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કેમ્પસ ઈન્ટરવ્યૂ દરમિયાન દેશની અગ્રણી કંપનીઓ દ્વારા ઉમેદવારોના ઈન્ટરવ્યૂ તેમજ પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. એન્ડ ટી હેવી એન્જિનિયરિંગ, હજીરા-સુરત દ્વારા એપ્રેન્ટિસશિપ ભરતી માટે લેખિત પરીક્ષા લેવામાં આવી હતી, જેમાં કુલ ૩૫ ઉમેદવારો સફળતાપૂર્વક પાસ થયા છે. આ ઉમેદવારોને આઈ.ટી.આઈ.ની અંતિમ પરીક્ષા પૂર્ણ થયા બાદ કંપનીમાં ફાઈનલ જોડાણ આપવામાં આવશે. ઉપરાંત, સિનોવા ગિયર્સ એન્ડ ટ્રાન્સમિશન્સ પ્રા. લિ. દ્વારા હાથ ધરાયેલી ભરતી પ્રક્રિયામાં કુલ ૪૮ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે. આ સફળ ભરતી આયોજન બદલ આચાર્ય શ્રી ભગીરથસિંહ જાળીયા, આચાર્યશ્રી પ્રિયેશ વાળા, ફોરમેન ઈન્સ્ટ્રક્ટરશ્રીઓ તેમજ સમગ્ર આઈ. ટી.આઈ. પરિવાર દ્વારા પસંદગી પામેલા તમામ ઉમેદવારોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

## જૂનાગઢ ચાઈલ્ડ હેલ્પલાઇન પ્રોજેક્ટ ટીમ દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની પ્રેરણાદાયી ઉજવણી: વૃક્ષારોપણ કરી પર્યાવરણ બચાવવાનો સંદેશ આપ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.5. સમગ્ર વિશ્વમાં જ્યારે પર્યાવરણની સુરક્ષા અને પ્રકૃતિના જતન માટે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે, ત્યારે જૂનાગઢ ચાઈલ્ડ હેલ્પલાઈન પ્રોજેક્ટ દ્વારા પણ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉત્સાહભેર અને સાર્થક ઉજવણી કરવામાં આવી હતી. આ વિશેષ ઉજવણી અંતર્ગત ટીમ દ્વારા પર્યાવરણની જાળવણી અને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીના ભાગરૂપે પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢ ચાઈલ્ડ હેલ્પલાઈન પ્રોજેક્ટના પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર શીતલબેન મારૂ તથા તેમની સમગ્ર ટીમ દ્વારા આ પ્રસંગે પર્યાવરણની શુદ્ધિ અને હરિયાળી ક્રાંતિના સંકલ્પ સાથે વિશેષ વૃક્ષારોપણ (વૃક્ષારોપણ અભિયાન) કરવામાં આવ્યું હતું. ટીમની બહેનો દ્વારા ઉત્સાહપૂર્વક છોડ વાવીને, તેને પાણી પાઈને પ્રકૃતિના જતન માટેની પોતાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ તકે પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર શીતલ મારૂએ જણાવ્યું હતું કે, 'બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને સુરક્ષા માટે જેટલી ચાઈલ્ડ હેલ્પલાઈન જરૂરી છે, તેટલું જ તેમના સ્વસ્થ જીવન માટે શુદ્ધ પર્યાવરણ પણ અનિવાર્ય છે. 'આપણું પર્યાવરણ, આપણી જવાબદારી' સમજીને જો આપણે અત્યાર થી જ વૃક્ષોનું વાવેતર અને જતન કરીશું, તો જ આવનારી પેઢીને એક તંદુરસ્ત અને હરિયાળી પૃથ્વી ભેટમાં આપી શકીશું.

## વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વીરડી ખાતે સર્વરોગ નિદાન, રક્તદાન અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૦૫ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના અવસરે માળિયા હાટીના તાલુકાના વીરડી ગામે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એન.જી. ડાભીના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અમરાપુર તથા તાલુકા પરિવાર-માળિયા હાટીનાના સંયુક્ત ઉપક્રમે સર્વરોગ નિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી આરોગ્ય સેવાનો લાભ લીધો હતો. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં હરિયાળી વધે, પર્યાવરણનું જતન થાય તેમજ આગામી પેઢીને સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ મળી રહે તે હેતુથી વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવો અને આરોગ્ય વિભાગના અધિકારીઓએ પર્યાવરણ સંરક્ષણ માટે વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા અપીલ કરી હતી.આ પ્રસંગે જૂનાગઢના સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા, માંગરોળના ધારાસભ્યશ્રી ભગવાનજીભાઈ કરગઠીયા, તાલુકા પંચાયત માળિયા હાટીનાના પ્રમુખશ્રી દિલીપસિંહ સિસોદિયા, ઉપપ્રમુખ કાનાભાઈ જોટવા, કારોબારી ચેરમેન યશભાઈ ભાડજા, જિલ્લા પંચાયત સદસ્ય શ્રી રામભાઈ વાળા, નાનુભાઈ. સિંધવ, શ્રી રામસિંહ ભાઈ ચૌહાણ, તાલુકા ભાજપ પ્રમુખશ્રી કલ્પેશભાઈ ઝણકાટ, બહાદુર સિંહ કાગડા, રામસિંહ ભાઈ ડોડીયા સહિત ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## વિશ્વ પર્યાવરણ દિવસ ની ઉજવણી ના ભાગરૂપે જાફરાબાદ કોર્ટના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું : પ્રિન્સિપાલ સિવિલ જજ શ્રી પી. એમ.કામદાર સાહેબ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

વિશ્વ પર્યાવરણ દિવસ દર વર્ષે ૫ જૂનના રોજ ઉજવવામાં આવે છે અને તે પર્યાવરણની સુરક્ષા માટે જાગૃતિ અને કાર્યવાહીને પ્રોત્સાહન કરવા માટેનું સંયુક્ત રાષ્ટ્રનું મુખ્ય સાધન છે. ૧૯૭૩ માં સૌ પ્રથમ વખત યોજાયેલી આ ઉજવણી દરિયાઈ પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગ, સાતત્યપૂર્ણ વિકાસ અને વન્યજીવન અપરાધ જેવા પર્યાવરણીય મુદ્દો ઓ પર જાગૃતિ લાવવા માટે નું એક મંચ રહ્યું છે. વિશ્વ પર્યાવરણ દિવસ જાહેર જનતા સુધી પહોંચવા માટેનું એક વૈશ્વિક મંચ છે. જેમાં દર વર્ષે ૧૪૩ થી વધારે દેશો ભાગ લે છે. દર વર્ષે આ કાર્યક્રમ દ્વારા વ્યાવસાયિક બિન - સરકારી સંસ્થાઓ, સમુદાયો, સરકારો અને જાણીતી હસ્તીઓ માટે પર્યાવરણીય કારણોની હિમાયત કરવા માટે એક વિષય અને મંચ પ્રદાન કરવામાં આવે છે. વિશ્વ પર્યાવરણ દિનવસના ભાગરૂપે તા ૦૫/૦૬/૨૦૨૬ ના વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે જાફરાબાદ કોર્ટના પ્રાંગણમાં વૃક્ષારોપણ તેમજ મરીન પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં તથા J.M.F.C. માં જાફરાબાદ કોર્ટ કેમ્પસ માં વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવેલ.

# તું વારંવાર થાકી જાય છે એટલે હાર્ટ નો ઈશ્યું વધ્યો તો નથી ને..



ફ્રેન્ડશિપ

- રુપાલી દવે

......હે!!!! હાઈ,આશી, કેમ છો?ક્યાં ભવન માં ખોવાઈ ને રહે છે? સાવ ગુમ જ થઇ ગઈ છે એવી તો અદ્દશ્ય થઈ ગઇ છો ને દેખાતી જ નથી..હમણાં થી તો તે ક્લબ માં આવવાનું જ બંધ કરી દીધું છે,તબિયત તો સારી છે ને શું થયું છે? દીકરી ના લગ્ન બાદ તું દુઃખી હોઈશ એ સમજી શકાય છે.. તું વારંવાર થાકી જાય છે એટલે હાર્ટ નો ઈશ્યું વધ્યો તો નથી ને..

નો.. નો..યાર!!અદિતિ,આઈ એમ ફિટ & ફાઈન લૅટ્સ મીટ..

ઓહ!!આશી યાર!!!યુ લૂકિંગ સો ગોર્જીયસ,તું આટલી સુંદર તો તું યુવાની માં પણ નહતી લાગતી..મતલબ કે સુંદર તો તું પહેલે થી જ છો પરંતુ તારા ગાલ ની લાલિમા ને તારા હોઠ પરનું મંદ મંદ સ્મિત માં તું વધારે સુંદર લાગે છે...યાર!!!બોલ..બોલ ને શું રહસ્ય છે? મને ટિપ્સ આપ તો હું પણ ટ્રાય કરું..આશી કશું બોલવા ને બદલે અદિતિ ની વાત સાંભળીને શરમાઈ ને નીચું જોઈને હસવા લાગી. અદિતી ને આશી નું 16વર્ષ ની ટી નેજર ની માફક સ્માઈલ કરતા જોઈને થયું કે નક્કી..આશી એનાથી કંઈક છુપાવે છે..૫૦ વર્ષ ની ઉંમર એ સ્ત્રીઓ ને માટે પ્રેમ માં પડવું અશક્ય છે. પણ પ્રેમ ઉંમર જોઈને થતો નથી.વળી નજર નું તો એવું છે ને કે જેની સાથે એકવાર મળી ગઈ એ પછી પાછી ફરતી નથી...આશી,શું છૂપાવી રહી છે? મારાથી..

અદિતી એ આશી નો પોતાના હાથ લેતા ધીમેથી પૂછ્યું કે યાર!! ખરાબ ના લગાડતી પણ તારુ સ્માઈલ 16વર્ષ ની ટી નેજર માફક લજ્જાભર્યું લાગ્યું એટલે..પૂછું છું કેતારા દિલ ના દરવાજા પર દસ્તક દેનાર આગંતુક કોણ છે?..

આશી એ અદિતી નો હાથ પકડી ને ક્લબ ના સોફા પર બેસાડતા કહ્યું કે ઘણા વખત બાદ મળીયા છીએ તો ક્લબ ની ટેસ્ટી કૉફી નો ટેસ્ટ માણીયે..

આશી એ બે કોફી અને સેન્ડવિચનો ઓર્ડર આપી ને અદિતી સામુ જોઈને કહ્યું કે

યાર!!ઘણીવાર લાઈફ માં આવતી અણધારી એકધારી એકલતા સ્ત્રીઓની ઈચ્છાઓ અને આંતરિક આનંદ ને મારી નાખતી હોય છે. એકલતા એવી સમસ્યા છે કે ખુદના માટે જીવવાનું પણ મન થતું નથી.

ઊંડો!!નિસાસો નાખતા આશી એ કહ્યું કે યાર!!નમિતા નાં લગ્ન બાદ તો મારું જીવન સાવ એકલતા ના અંધારા માં ગુમ થવા લાગ્યું હતું.

શું કરું? તમને બધાને ફોન લગાવતી તો તમારા ફોન વ્યસ્ત આવતા હતા. લગ્ન બાદ નિમિતા એના ગૃહસ્થ લાઈફ માં વ્યસ્ત થઈ ગઇ હતી એટલે હું એકદમ એકલી પડી ગઈ હતી.

તને તો ખબર છે કે નિમિતા લગ્ન બાદ પંદર વીસ દિવસ માં પતિ સાથે યુ.એસ જવા રવાના થઈ ગઈ હતી.

આટલા મોટા બંગલા માં દીવાલ સાથે વાતો કરતા કરતા થાકી હતી.

.. સંજય સાથે લગ્ન કર્યા ત્યાર થી અત્યાર સુધીમાં સંજય ના જીવનમાં ખાસ ફર્ક પડ્યો નથી એને જીવનમાં બિઝનેસ સામે પત્ની કે દીકરી ક્યારેય દેખાયા જ નથી એટલે એનો મોટાભાગ નો સમય ટુર માં વ્યસ્ત રહેતો હોય છે..

દિવસ તો મારો પ્રવૃતિઓ કીટી પાર્ટી અને એન.જી.ઓ ના વર્ક માં પસાર થઇ જાય છે પણ રાત પડતા બંગલા ના બેડરૂમ ની ચાર દીવાલ ખાવા દોડે છે..

યાર!! નિમિતા ના લગ્ન બાદ મને મારી દીકરી ની કંપની નું મહત્વ સમજાય છે. મહિનાઓ બાદ બિઝનેસ ટૂર માં સંજય જતો રહેતો હતો તોય મને નિમિતા ની કંપની ને લીધે ફર્ક પડતો નહોતો.

અદિતી એ સહેજ ગુસ્સા માં સ્માઈલ કરતા અદિતિ સામુ નજર કરતા બોલી કે ઓય!!તારા સુખી લગ્ન જીવનની અમર કહાની સંભળાવવા નું બંધ કર. તારા મુખ પર નવી નવેલી દુલ્હન જેવું શરમાળ હાસ્ય નું રાજ જલ્દી બક.

આશીએ કોફી ની ચૂસકી ભરીને હસતા હસતા અદિતિ ને કહ્યું કે ચુડેલ,તુ ટૂંક મા સમજ કે તારી ફ્રેન્ડ ના દિલ માં કોઈ વસી ગયું છે ને એના દિલ ને કોઈની સાથે પ્રેમ થઈ ગયો છે...

અદિતી એ ઉત્સાહ માં આવી ને આશી ને પૂછ્યું કોની સાથે પ્રેમ થયો છે? એવું વળી કોણ તારા જેવી બોરિંગ લેડી ને મળી ગયું.

પ્લીઝ..પ્લીઝ..આશી.. આશી..તારા ફિલ્મી હીરોનો પિક બતાવ...બતાવ..

અદિતિ એ આશી ના હાથ માંથી એનો મોબાઈલ આંચકી લીધો..મોબાઈલ માં આશી નું wp ઓપન કરતા જ 'રાજહંસ' નામ વાંચતા જ સમજી ગઈ કે આશી નો ફિલ્મી હીરો પ્રેમહંસ માં છુપાયો લાગે છે..

અદિતિ એ 'રાજહંસ' પર ક્લિક કરતા ની સાથે જ એકાઉન્ટ ઓપન થતા જ 'બોરિંગ આશી ના હીરો નો પિક દેખાયો...

દિતી ની નજર આશી ના હીરો ના પર નજર પડતાં જ એ ખડખડાટ હસતા હસતાં બોલી કે યાર!!મને તો એમ હતું કે બોરિંગ આશી ની પસંદ ઠીકઠાક હશે પણ તારા હીરો..મતલબ એકદમ પરફેક્ટ હેન્ડસમ છે

અદિતિ ઉત્સાહ માં આવી ને બોલી કે વાહ!!આશી, બકરો તો ખાસ્સો હેન્ડસમ છે.. પણ શોધ્યો ક્યાંથી છે કોણ?

આશી એ કહ્યું કે હું અને સિદ્ધેશ એન. જી.ઓના સેમિનાર માં મળીયા હતા. આ સેમીનાર માં મુલાકાત બાદ અમારી નિયમિત wp પર વાતો થયા કરતી હતી. એની પત્ની પચીસ વર્ષ પહેલા ડિલિવરી દરમિયાન મૃત્યુ પામી છે ને દુઃખ ની વાત એ છે કે બેબી પણ પત્ની સાથે મૃત્યુ પામ્યું હતું. પત્ની અને બાળક ના મૃત્યુ ના આઘાત ને લીધે રિદ્ધેશ એ પુનઃ લગ્ન કરવાં નો પ્રયાસ કે વિચાર કર્યો નહતો. મારી અને સિદ્ધેશ ની હોબી થી લઈને સ્વપ્ના,ફૂડ બધુજ આ ઉપરાંત અમે બન્ને બુક લવર છીએ.. અમારે બન્ને ને એકબીજા સાથે સારું બને છે અમે બન્ને પ્રેમી પ્રેમિકા કરતા વધારે બેસ્ટ m બેસ્ટ ફ્રેન્ડ છીએ અમે એકબીજા સાથે વાતચીત કરતા કરતા એટલા ખોવાઈ જઈએ છીએ કે સમય નું પણ ભાન નથી રહેતું. અદિતિ,મે સિદ્ધેશ સાથે વાતો કરતા કરતા અનુભવ્યું કે પ્રેમ ના માધ્યમ કરતા દોસ્તી નું માધ્યમ એ દિલ સાથે અતૂટ બંધન નો જીવનભર સાથે ચાલતો ખાસ સબંધ છે. સિદ્ધેશ સાથે ની દોસ્તીના લીધે જ ખુદ ને હું કોલેજની અલ્લડ તોફાની સ્વપ્નમાં જીવતી યુવતી સમજવા લાગી છું....એ હેન્ડસમ ની સાથેની દિલ ની દોસ્તી એ મારા દિલ માં નિમીતા ના નામની ખાલી જગ્યા ભરી દીધી છે..અદિતિ એ સહેજ સ્મિત ફરકાવતા આશી ને કહ્યું કે ખરેખર,લાઈફ ને ખુશખુશાલ રાખવા માટે 'હર એક દોસ્ત જરૂરી હોતા હૈ..'..

# સલમાન ખાન અને 'કાલા હિરણ' વિવાદમાં અંડરવર્લ્ડની એન્ટ્રી!

## પ્રોડ્યુસરનો દાવો- 'ડી-કંપનીએ પરિવારને ખતમ કરી દેવાની ધમકી આપી'; લીગલ નોટિસને ફાડી નાખી

(એજન્સી) મુંબઇ | તા 05

ફિલ્મ 'કાલા હિરણ'ને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે ફિલ્મના પ્રોડ્યુસર અમિત જાનીએ સલમાન ખાન તરફથી મળેલ લીગલ નોટિસ ફાડી નાખી છે. અમિત જાનીએ પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો. વીડિયોમાં તેમણે કહ્યું,

દરેક જણ મને પૂછી રહ્યું છે, મીડિયા, મિત્રો, કે સલમાન ખાનની નોટિસ પર તમારે શું કહેવું છે? આ નોટિસ પર હું શું કહું? છેલ્લા 36 કલાકથી તેમની ડોંગરી, ધારાવી, જોગેશ્વરીના મુસ્લિમ છોકરાઓની ફેન ફોલોઈંગ, તેમના ટૂલકિટે મને જાનથી મારી નાખવા, મુંબઈ આવવા અને માથું વાઢી નાખવાના હજારો મેસેજ મોકલ્યા છે અને તેમના ટૂલકિટ દ્વારા એક મેસેજ, ભલે તે અસલી હોય કે નકલી, મને ખબર નથી, ડી-કંપનીના નામથી મોકલવામાં આવ્યો છે. ડી-કંપની છોડશે નહીં. જાનીએ આગળ કહ્યું કે, 'તો હું કોનો જવાબ આપું? શું હું સલમાન ખાનની ટૂલકિટ દ્વારા અપાયેલી હજારો ગાળો અને ધમકીઓનો જવાબ આપું? શું હું આ નોટિસનો જવાબ આપું?'

હવે રહી તમારી ધમકીઓ. તમારી જે ધમકી આપતી ટૂલકિટ છે, જે ગેંગ છે, તમારા જે બદતમીઝ ફેન છે, અને ધારાવીમાં ઉછરેલા કહેવાતા ગુંડાઓ છે, અથવા તમારા તે કહેવાતા ફેન જે જોગેશ્વરી અને ડોંગરીમાં રહે છે.

અને ડી-કંપની તરફથી જે પ્રકારના મેસેજ આવી રહ્યા છે કે પરિવારને ખતમ કરી દઈશું નોટિસ, મેં તમને તમારો જવાબ આપી દીધો છે. હવે અમે ડી-કંપનીને જોઈશું. મોકલો, જેને મોકલવા હોય.



### 20 જૂને ટીઝર આવવાનું છે

સલમાન સાથે સંકળાયેલા કાળા હરણ શિકાર કેસ પર આધારિત ફિલ્મ 'કાલા હિરણ'નું પોસ્ટર ગયા શુક્રવારે રિલીઝ કરવામાં આવ્યું હતું. ત્યારે કહેવામાં આવ્યું હતું કે, ફિલ્મનો ફર્સ્ટ લુક અને ટીઝર 20 જૂને રિલીઝ કરવામાં આવશે.

ફિલ્મમાં સલમાન અને ગેંગસ્ટર લોરેન્સ વચ્ચેના વિવાદને દર્શાવવામાં આવશે. જોકે, આ માહિતી સામે આવી ન હતી કે તેમાં કોણ લીડ રોલમાં છે. ત્યારે, તેના પોસ્ટરમાં જે અભિનેતા દેખાય છે, તે જાણીતો નથી.

સલમાન ખાન સાથે સંકળાયેલો કાળિયાર શિકાર કેસ વર્ષ 1998માં સામે આવ્યો હતો, જ્યારે તે રાજસ્થાનના જોધપુરમાં ફિલ્મ 'હમ સાથ-સાથ હૈં'નું શૂટિંગ કરી રહ્યો હતો. સલમાન વિરુદ્ધ કુલ ચાર કેસ નોંધવામાં આવ્યા હતા. આમાં બે ચિંકારા શિકાર કેસ, એક કાંકાણી કાળિયાર શિકાર કેસ અને એક આર્મ્સ એક્ટનો કેસ સામેલ હતો.

કાળિયાર શિકાર કેસમાં બિશ્નોઈ સમુદાયની ફરિયાદ પર સલમાન સાથે સૈફ અલી ખાન, તબ્બુ, સોનાલી બેન્દ્રે અને નીલમ વિરુદ્ધ પણ કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસોમાં 12 ઓક્ટોબર 1998ના રોજ સલમાન ખાનની પહેલીવાર ધરપકડ કરવામાં આવી હતી, જોકે બાદમાં તેને જામીન મળી ગયા હતા. એપ્રિલ 2006માં ચિંકારા શિકાર કેસોમાં સલમાનને સજા સંભળાવવામાં આવી હતી. જાન્યુઆરી 2017માં તેમને આર્મ્સ એક્ટ કેસમાં નિર્દોષ છોડી દેવામાં આવ્યો હતો.



# 'ગોલમાલ 5'માં અક્ષય બનશે 'બાદશાહ'!

## 'બાલા' જેવા અંદાજમાં અજય દેવગણ સામે લડાઈ લડશે, સુપરપાવર્સવાળી બાળકી હશે વાર્તાનું કેન્દ્ર

મુંબઈ | રોહિત શેટ્ટીની કોમેડી ફ્રેન્ચાઇઝ 'ગોલમાલ'ની પાંચમી કીસ્તને લઈને ઈન્ડસ્ટ્રીમાં ચર્ચાઓ તેજ છે. ફિલ્મ હજુ બનવાની પ્રક્રિયામાં છે, પરંતુ પ્રોડક્શન અને ક્રૂ સાથે સંકળાયેલા સૂત્રોના હવાલાથી તેના શેડ્યૂલ, સ્ટારકાસ્ટ, વાર્તા અને પાત્રો સાથે જોડાયેલી ઘણી મહત્વપૂર્ણ માહિતી સામે આવી છે.

આ વખતે ફિલ્મમાં અક્ષયની એન્ટ્રી સૌથી મોટું આકર્ષણ હશે, જ્યારે વાર્તા હોરર-કોમેડી અને સુપરનેચરલ તત્વોની આસપાસ ગૂંથવામાં આવી છે.

ફિલ્મનો લગભગ 80 થી 85 ટકા ભાગ મુંબઈના સ્ટુડિયો અને અલગ-અલગ લોકેશન્સ પર શૂટ થઈ રહ્યો છે. એક્ટર્સને તેમના પાત્રો અનુસાર 10 થી 15 દિવસના સ્લોટમાં બોલાવવામાં આવી રહ્યા છે. પ્રથમ મુખ્ય શેડ્યૂલ ઊટીમાં પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યાં કેટલાક ગીતો અને પેચવર્કનું શૂટિંગ કરવામાં આવ્યું. આ ઉપરાંત ગોવા પણ ફિલ્મની વાર્તાનો મહત્વનો ભાગ રહેશે. જુલાઈથી આગામી મોટો શેડ્યૂલ શરૂ થશે.

ફિલ્મમાં અક્ષય કથિત રીતે મુખ્ય વિલન કે એન્ટી-હીરોની ભૂમિકામાં જોવા મળી શકે છે. સૂત્રો અનુસાર, તેનું પાત્ર 'હાઉસફુલ 4'ના ચર્ચિત 'બાલા' અવતારથી પ્રેરિત હોઈ શકે છે. વાર્તામાં આ પાત્રને તમિલનાડુની પૃષ્ઠભૂમિવાળા 'બાદશાહ' નામથી રજૂ કરવાની ચર્ચા છે. અક્ષય અને અજય દેવગન-અરશદ વારસીની ગેંગ વચ્ચે એક મોટો એક્શન-કોમેડી સિક્વન્સ પહેલેથી જ શૂટ કરવામાં આવ્યો છે, જેને ફિલ્મનું મુખ્ય આકર્ષણ માનવામાં આવી રહ્યું છે.

પહેલી 'ગોલમાલ' પછી ફ્રેન્ચાઇઝથી અલગ થયેલા શરમન જોશી આ વખતે વાપસી કરી રહ્યો છે. તે પોતાના જૂના પાત્ર અને તે જ ઓળખ સાથે વાર્તામાં પાછો ફરશે. જોકે, આ વખતે તેનો ઝુકાવ ગોપાલની ટીમ કરતાં અક્ષયના પાત્ર તરફ દેખાઈ શકે છે, જેનાથી વાર્તામાં નવો સંઘર્ષ પેદા થશે. 'ગોલમાલ અગેઈન'ની હોરર-કોમેડી સફળતા પછી રોહિત શેટ્ટી તે જ શૈલીને નવી રીતે આગળ વધારી રહ્યા છે. વાર્તા એક એવી બાળકીની આસપાસ ફરશે, જેને રહસ્યમય શક્તિઓ પ્રાપ્ત થાય છે. આ ભૂમિકા માટે કોઈ સ્ટારકિડને ન પસંદ કરીને મુંબઈ બહારની એક નવી બાળ કલાકારને પસંદ કરવામાં આવી છે.

### રોહિતના કોપ યુનિવર્સમાંથી રણવીર સિંહના કેમિયોની પણ ચર્ચા છે

પરિણીતિ ચોપરા આ વખતે પ્રોજેક્ટનો ભાગ નથી. તબુની હાજરી અંગે પણ સ્થિતિ સ્પષ્ટ નથી. જ્યારે અજય તેના ક્લાસિક 'ગોપાલ' લુકમાં જ જોવા મળશે. ફિલ્મમાં રોહિતના કોપ યુનિવર્સમાંથી રણવીર સિંહના સંભવિત સ્પેશિયલ અપિયરન્સ અને ક્લાઈમેક્સમાં કેટલીક સરપ્રાઇઝ એન્ટ્રીની પણ ચર્ચાઓ છે.

# 'પેડ્ડી'એ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી, પહેલી દિવસે જ ભારતમાં 50 કરોડ તો વર્લ્ડવાઈડ 100 કરોડની કમાણી કરી

(એજન્સી) મુંબઇ | તા 05



સાઉથના સુપરસ્ટાર રામ ચરણની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'પેડ્ડી' 4 જૂન 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચૂકી છે અને રિલીઝ થતાની સાથે જ બોક્સ ઓફિસ પર કમાણીનું વાવાઝોડું આવી ગયું છે. આ ફિલ્મમાં બોલિવૂડ અભિનેત્રી જાહ્નવી કપૂર લીડ રોલમાં હોવાના કારણે છેલ્લા ઘણા સમયથી બોલિવૂડમાં પણ તેની જોરદાર ચર્ચા હતી.

હવે આ ફિલ્મે પહેલા જ દિવસે ઘણો સારો દેખાવ કર્યો છે. બોક્સ ઓફિસ ટ્રેકિંગ કરનાર પ્રારંભિક આંકડાઓ અનુસાર, 'પેડ્ડી' ફિલ્મે ભારતમાં નેટ કલેક્શનમાં 50 કરોડનો આંકડો પાર કરી લીધો છે, જ્યારે વર્લ્ડવાઈડ કલેક્શન 100 કરોડને પાર પહોંચી ગયું છે. જોકે અન્ય ભાષાઓની સરખામણીમાં હિન્દી બેલ્ટમાં ફિલ્મનું કલેક્શન ઘણું ઓછું જોવા મળ્યું છે. એક અહેવાલ મુજબ 'પેડ્ડી' ફિલ્મે પહેલા દિવસે 12,412 શોઝ દ્વારા 51 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું છે. પ્રી-પ્રિવ્યૂ શોઝની કમાણી ઉમેરતા આ નેટ કલેક્શન 69.50 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. ફિલ્મનું ઈન્ડિયા ગ્રોસ કલેક્શન 82.49 કરોડ રૂપિયા રહ્યું છે, જ્યારે ઓવરસીઝ ફિલ્મે 30 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ સાથે જ ફિલ્મનું કુલ વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન 112.49 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે.

# આલિયા તથા હુમા બંનેને કિલર તરીકે દર્શાવતી ફિલ્મો એક જ દિવસે રજૂ થશે





મુંબઈ : આલિયા ભટ્ટની 'આલ્ફા' તથા હુમા કુરેશીને 'બેબી ડુ ડાઈ ડુ' બંને આગામી ત્રીજી જુલાઈએ એક જ દિવસે રીલિઝ થવાની છે. એક સંયોગ એ પણ છે કે આ ફિલ્મોમાં બંને હિરોઈનો ખૂનીની ભૂમિકા ભજવી રહી છે. 'આલ્ફા' ફિલ્મ લેડી સ્પાય પર આધારિત હોવાનું મનાતું હતું. જોકે, તાજેતરમાં દાવો કરાયો હતો કે વાસ્તવમાં ફિલ્મમાં આલિયા એક શાર્પ શૂટરની ભૂમિકામાં છે. બીજી તરફ 'બેબી ડુ ડાઈ ડુ'માં હુમા કુરેશી પણ હત્યાઓ કરનારી એક સ્ત્રી તરીકે દર્શાવાઈ છે.

આલિયાની ફિલ્મ યશરાજ બેનરની હોવાથી તે દિવસે હુમાની ફિલ્મને પૂરતાં સ્ક્રીન મળશે કે કેમ તે પણ એક સવાલ છે.



# 'લોકોએ તો હદ વટાવી દીધી છે'

## RCB વાળા વીડિયો પર ટ્રોલ થતાં નુસરત ભરૂચા ભડકી, કહ્યું- 'પોતાના મગજનું ફિતૂર શાંત રાખજો...'

(એજન્સી) મુંબઇ | તા 05

બોલિવૂડ એક્ટ્રેસ નુસરત ભરૂચા તાજેતરમાં IPL (ઇન્ડિયન પ્રીમિયર લીગ)માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ની જીત બાદ સોશિયલ મીડિયા પર એક વિવાદને કારણે ચર્ચામાં આવી ગઈ હતી.

RCBની ખિતાબી જીત બાદ નુસરતે ઉજવણી કરતા પોતાના ટીવી સ્ક્રીનનો એક વીડિયો ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કર્યો હતો. વીડિયોના બેકગ્રાઉન્ડમાં કેટલાક અવાજો સંભળાયા હતા, જેને કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે ખોટી રીતે સમજી લીધા હતા. ત્યારબાદ સોશિયલ મીડિયા પર અફવાઓ ફેલાવા લાગી. થોડી જ મિનિટો પછી નુસરતે તે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી ડિલીટ કરી દીધી.

ટ્રોલિંગ બાદ નુસરત ભરૂચાએ સોશિયલ મીડિયા પર આ મામલે સ્પષ્ટતા કરી. તેણે જણાવ્યું કે, તે પોતાના એક મિત્રના ઘરે મેચ જોઈ રહી હતી અને વીડિયોમાં સંભળાતા અવાજો તેના મિત્રના નાના પપી (પાલતું શ્વાન)ના હતા.


નુસરત મુજબ, બહાર થઈ રહેલી ભારે આતિશબાજીના કારણે પપી ડરી ગયું હતું અને રડી રહ્યું હતું. તેણે તે રાતના કેટલાક અન્ય વીડિયો પણ શેર કર્યા, જેમાં પપી દેખાઈ રહ્યું છે અને તેવા જ અવાજો સંભળાઈ રહ્યા છે.

નુસરતે ટ્રોલિંગને લઈને લખ્યું, 'કેટલાક લોકોએ તો હદ જ કરી દીધી છે. એક પપીના રડવાના અવાજ પર આટલો હોબાળો મચાવી દીધો. પોતાના મગજના ફિતૂરને શાંત રાખો અને વિચાર્યા વગર કોઈ વાતને ન ફેલાવો.'

નુસરત ભરૂચા 'પ્યાર કા પંચનામા' અને 'સોનુ કે ટીટુ કી સ્વીટી' જેવી ફિલ્મો માટે જાણીતી છે. તે છેલ્લે ફિલ્મ 'ઉફ્ફ યે સિયાપા'માં જોવા મળી હતી. ફિલ્મનું ડિરેક્શન જી. અશોકે કર્યું હતું. જ્યારે, તેનું નિર્માણ લવ રંજન અને અંકુર ગર્ગની લવ ફિલ્મ્સ દ્વારા કરવામાં આવ્યું હતું.

ફિલ્મનું સંગીત એ.આર. રહેમાને આપ્યું હતું. નુસરત ઉપરાંત, ફિલ્મમાં સોહમ શાહ, નોરા ફતેહી, ઓમકાર કપૂર અને શારિબ હાશ્મી પણ હતા. આ ફિલ્મ 5 સપ્ટેમ્બર 2025ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી.

જોકે, રિલીઝ પછી ફિલ્મ બોક્સ ઓફિસ પર કોઈ ખાસ કમાલ કરી શકી નહીં અને ફ્લોપ સાબિત થઈ. ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર તેના સમગ્ર પ્રદર્શનમાં માત્ર 5 લાખ રૂપિયાની કમાણી કરી હતી.



# આમિર ખાન દ્વારા ત્રીજા લગ્નની ખબર કન્ફર્મ કરવામાં આવી...

## 5 જુલાઈએ ગર્લફ્રેન્ડ ગૌરીને જીવન સંગીની બનાવશે, 2025માં રિલેશનશીપ જાહેર કરી હતી

(એજન્સી) મુંબઇ | તા 05

આમિર ખાને ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે લગ્નના સમાચાર ગુરુવારે કન્ફર્મ કર્યા. આમિરના આ ત્રીજા લગ્ન હશે. વેરાયટી ઈન્ડિયા સાથે વાત કરતા તેણે કહ્યું, 'હું અત્યારે અમેરિકામાં છું. લગ્નના સમાચાર સાચા છે. અમારા લગ્ન 5 જુલાઈએ થશે.'

થોડા મહિના પહેલા આમિરે કહ્યું હતું કે લગ્ન તેની પ્રાથમિકતા નથી અને તે ગૌરી સાથે આમ જ ખુશ છે, પરંતુ હવે તેનું કહેવું છે કે સમયની સાથે બંનેની ભાવનાઓ બદલાઈ ગઈ છે. આમિરે કહ્યું, 'હવે અમને બંનેને લાગે છે કે અમારા સંબંધને આગલા સ્તર પર લઈ જવાનો સમય આવી ગયો છે.'

તેણે આગળ કહ્યું, 'ગૌરી અને હું એકબીજા પ્રત્યે સિરીયસ છીએ. અમે એક પાવરફૂલ રિલેશનશિપમાં છીએ. મારા દિલમાં તો હું પોતાને પહેલાથી જ તેનો પતિ માનું છું. હવે આ સંબંધને લગ્નનું નામ આપવું એ અમારા સાથની એક સ્વાભાવિક આગામી શરૂઆત છે.'

આમિરે પહેલા લગ્ન વર્ષ 1986માં ફિલ્મ પ્રોડ્યુસર રીના દત્તા સાથે કર્યા હતા. વર્ષ 2002માં રીનાથી અલગ થયા પછી આમિરે વર્ષ 2005માં ડિરેક્ટર કિરણ રાવ સાથે બીજા લગ્ન કર્યા હતા. વર્ષ 2021માં કિરણ અને આમિરના છૂટાછેડા થઈ ગયા હતા.

ગૌરી સ્પ્રેટ બેંગલુરુની રહેવાસી સલૂન આંત્રપ્રિન્યોર અને ફેશન પ્રોફેશનલ છે. તે એક મિશ્ર સંસ્કૃતિના પરિવારમાંથી આવે છે, જેમાં તેના પિતા તમિલ-બ્રિટિશ મૂળના અને માતા પંજાબી-આઈરિશ મૂળના છે. ગૌરી 1920ના દાયકામાં ભારતના સ્વતંત્રતા આંદોલન સાથે સંકળાયેલા બ્રિટિશ સામ્યવાદી ફિલિપ સ્પ્રેટની પૌત્રી છે.

તેણે યુનિવર્સિટી ઓફ ધ આર્ટ્સ લંડનમાંથી ફેશન અને સ્ટાઈલિંગનો અભ્યાસ કર્યો છે. હાલમાં તે મુંબઈમાં 'બીબ્લન્ટ' (BBlunt) સલૂન ચલાવે છે અને આ પહેલા બેંગલુરુમાં પણ સલૂન ચેઈન સાથે સંકળાયેલી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર તે હવે આમિર ખાન પ્રોડક્શન્સ સાથે પણ કામ કરી રહી છે. આમિર ખાનની જેમ ગૌરી પણ પહેલા પરિણીત હતી અને તેને 7 વર્ષનો એક દીકરો છે. બંને છેલ્લા બે વર્ષથી વધુ સમયથી મુંબઈમાં સાથે રહી રહ્યા છે.




# અફઘાનિસ્તાન ટેસ્ટ માટે ભારતની પ્લેઈંગ-11 શું હશે?

## હર્ષ દુબે-માનવ સુથાર ડેબ્યૂ કરી શકે; નંબર-3 પર કોને રમાડવો એ કેપ્ટન-કોચ માટે માથાનો દુખાવો

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે એકમાત્ર ટેસ્ટ મેચ 6 જૂનથી ન્યૂ ચંદીગઢમાં રમાશે. ભારતીય ટીમ લગભગ 6 મહિના પછી કોઈ ટેસ્ટ મેચ રમશે. આ મેચમાં ભારતના બે ખેલાડીઓ ડેબ્યૂ કરી શકે છે. તેમજ, ત્રીજા સ્પિનરને લઈને કેપ્ટન શુભમન ગિલ સામે કેટલાક મોટા સવાલો પણ છે. સ્ટોરીમાં આગળ જાણીશું કે આ ટેસ્ટ મેચમાં ભારતની પ્લેઈંગ-11 શું હોઈ શકે છે.

યશસ્વી જયસ્વાલ અને વાઈસ કેપ્ટન કેએલ રાહુલ ઈનિંગ્સની શરૂઆત કરતા જોવા મળશે. રાહુલે ગયા વર્ષે ઈંગ્લેન્ડ સામે 5 મેચમાં 539 રન બનાવ્યા હતા. તેનું તાજેતરનું ફોર્મ પણ શાનદાર રહ્યું છે. આ સીઝનની IPLમાં તેણે દિલ્હી કેપિટલ્સ માટે 593 રન બનાવ્યા હતા. બીજી તરફ, જયસ્વાલે રાજસ્થાન રોયલ્સ માટે 427 રન બનાવ્યા. તેણે સીઝન દરમિયાન કેટલીક મેચમાં ટીમની કેપ્ટનશીપ પણ કરી હતી.

નંબર-3 માટે સાઈ સુદર્શન અને દેવદત્ત પડિકલ વચ્ચે મુકાબલો છે. જોકે તાજેતરનું ફોર્મ અને આજે પ્રેસ કોન્ફરન્સમાં હેડ કોચ ગૌતમ ગંભીરે પણ કહ્યું કે સાઈ સુદર્શનને ત્રીજા નંબરે બેટિંગ કરવાની યોગ્ય તક મળી નથી અને તેમણે સંકેત આપ્યો હતો કે અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ પહેલા દેવદત્ત પડિકલની સરખામણીએ આ લેફ્ટી બેટરને પ્રાધાન્ય આપવામાં આવશે. તેનાથી હવે તેનું રમવું નિશ્ચિત મનાઈ રહ્યું છે. જોકે IPL 2026માં 722 રન બનાવનાર સાઈ સુદર્શન ટેસ્ટ ક્રિકેટમાં હજુ સુધી પોતાને સાબિત કરી શક્યો નથી. તેણે 6 ટેસ્ટમાં 302 રન બનાવ્યા છે. બીજી તરફ, કર્ણાટકના કેપ્ટન પડિકલે ગત રણજી સીઝનમાં 5 મેચમાં 532 રન બનાવ્યા હતા, જેમાં ઉત્તરાખંડ સામે 232 રનની ઈનિંગ્સ પણ સામેલ હતી. જ્યારે કેપ્ટન શુભમન ગિલ નંબર-4 પર બેટિંગ કરશે.

રિષભ પંત નંબર-5 પર બેટિંગ કરશે. પંત માટે IPL 2026 તેની કારકિર્દીની સૌથી ખરાબ સીઝનમાંથી એક રહી. તેણે લખનઉ સુપર જાયન્ટ્સ માટે 312 રન બનાવ્યા. ખરાબ પ્રદર્શન બાદ તેની પાસેથી ટેસ્ટ ટીમની વાઈસ કેપ્ટનશીપ પણ પાછી ખેંચી લેવામાં આવી અને આ જવાબદારી કેએલ રાહુલને સોંપવામાં આવી. જોકે, ટેસ્ટ ક્રિકેટમાં પંતનો રેકોર્ડ હજુ પણ શાનદાર છે. 2018માં ડેબ્યૂ કર્યા પછી ભારત માટે કોઈ પણ બેટરે તેનાથી વધુ ટેસ્ટ રન બનાવ્યા નથી. ગયા વર્ષે ઈંગ્લેન્ડ પ્રવાસ પર તેણે 68.43ની સરેરાશથી 479 રન બનાવ્યા હતા અને આ જ પ્રદર્શનના આધારે તેને વિઝડનના ફાઈવ ક્રિકેટર્સ ઓફ ધ યરમાં પસંદ કર્યો હતો.

વોશિંગ્ટન સુંદર અને નીતિશ કુમાર રેડ્ડી ટીમના બે મુખ્ય ઓલરાઉન્ડર હશે. સુંદરે છેલ્લી ટેસ્ટ સિરીઝમાં સાઉથ આફ્રિકા સામે નંબર-3 પર બેટિંગ પણ કરી હતી. જ્યારે, નીતિશ કુમાર રેડ્ડી સતત પોતાની બોલિંગમાં સુધારો કરી રહ્યો છે. IPL 2026માં તેણે 135 કિમી પ્રતિ કલાકથી વધુની ઝડપે બોલિંગ કરી હતી. તેની હાજરી ટીમને વધારાનો ઝડપી બોલિંગનો વિકલ્પ પણ આપશે. રવીન્દ્ર જાડેજા અને અક્ષર પટેલને આરામ આપ્યા બાદ ભારતને લેફ્ટ આર્મ સ્પિન ઓલરાઉન્ડરની શોધ છે. વિદર્ભના હર્ષ દુબે અને રાજસ્થાનના માનવ સુથારમાંથી કોઈ એકને ટેસ્ટ ડેબ્યૂની તક મળી શકે છે.

હર્ષ દુબેએ રણજી ટ્રોફી 2024-25માં સૌથી વધુ 69 વિકેટ લઈને વિદર્ભને ચેમ્પિયન બનાવ્યું હતું. માનવ સુથાર લાંબા સમયથી ઈન્ડિયા-Aનો ભાગ રહ્યો છે. ટીમના આસિસ્ટન્ટ કોચ રાયન ટેન ડોશેટે પણ જણાવ્યું છે કે દુબે કે સુથારમાંથી એક ખેલાડી પ્લેઈંગ-11નો ભાગ બની શકે છે.

**પ્રસિદ્ધ-ગુરનૂરમાં બીજા પેસરની જંગ |** જસપ્રીત બુમરાહને આરામ આપવામાં આવતા સિરાજ પેસ બોલરોનું નેતૃત્વ કરશે. બીજા ઝડપી બોલર તરીકે પ્રસિદ્ધ ક્રિષ્ના મજબૂત દાવેદાર છે. પંજાબના ગુરનૂર બરાર પણ આ રેસમાં છે. ગુરનૂરે શેર-એ-પંજાબ T20 લીગમાં સૌથી વધુ 22 વિકેટ લીધી હતી.

અફઘાનિસ્તાન ટીમની કમાન હશમતુલ્લાહ શાહિદી સંભાળશે. ટીમમાં અબ્દુલ મલિક, સેદીકુલ્લાહ અટલ, રહમત શાહ અને વિકેટકીપર રહેમાનુલ્લાહ ગુરબાઝ બેટિંગની જવાબદારી નિભાવી શકે છે. ઓલરાઉન્ડર તરીકે અઝમતુલ્લાહ ઓમરઝાઈ, અફસર ઝઝાઈ અને શરાફુદ્દીન અશરફને તક મળી શકે છે.

**અફઘાનિસ્તાનની સંભવિત પ્લેઈંગ-11 |** હશમતુલ્લાહ શાહિદી (કેપ્ટન), અબ્દુલ મલિક, સેદીકુલ્લાહ અટલ, રહમત શાહ, રહેમાનુલ્લાહ ગુરબાઝ (વિકેટકીપર), અઝમતુલ્લાહ ઓમરઝાઈ, અફસર ઝઝાઈ, શરાફુદ્દીન અશરફ, નાંગેયાલિયા ખારોટે, કાયસ અહેમદ અને બિલાલ સામી.

અન્ય વિકલ્પો: ઈકરામ અલીખિલ, રહેમાનુલ્લાહ ઝાદરાન, ઝિયા શરીફી અને સલીમ સફી.

ટેસ્ટ બાદ 3 વન-ડે રમાશે ટેસ્ટ બાદ બંને ટીમ વચ્ચે 3 મેચની વન-ડે સિરીઝ રમાશે. પહેલી વન-ડે 14 જૂને ધર્મશાલામાં, બીજી 17 જૂને લખનઉમાં અને ત્રીજી 20 જૂને ચેન્નઈમાં રમાશે. ત્રણેય વન-ડે મેચ બપોરે 1:30 વાગ્યે શરૂ થશે.

# શ્રેયસ અય્યર ભારતનો T20 કેપ્ટન બનશે

## સૂર્યકુમાર યાદવને હટાવાયો, તિલક વાઈસ કેપ્ટન; વૈભવ સૂર્યવંશીને પહેલીવાર તક મળશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

શ્રેયસ અય્યર ભારતનો નવો T20 કેપ્ટન બની શકે છે. ન્યૂઝ એજન્સી ANI અનુસાર સૂર્યકુમાર યાદવને કેપ્ટનશીપ પરથી હટાવી દેવામાં આવ્યો છે. જ્યારે બેટર તિલક વર્માને વાઈસ કેપ્ટન બનાવવામાં આવે તેવી સંભાવના છે. ભારતીય ટીમની જાહેરાત શનિવારે આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે કરવામાં આવશે.

IPL 2026માં સૌથી વધુ રન બનાવનાર 15 વર્ષના વૈભવ સૂર્યવંશીને પણ ટીમમાં સામેલ કરવામાં આવશે. 6 જૂને યોજાનારી સિલેક્શન કમિટીની મિટિંગમાં અય્યર પણ સામેલ થઈ શકે છે.

શ્રેયસે ભારત માટે પોતાની છેલ્લી T20 મેચ ડિસેમ્બર 2023માં ઓસ્ટ્રેલિયા સામે બેંગલુરુમાં રમી હતી. ટીમ કોમ્બિનેશનના કારણે તે ટીમમાંથી બહાર હતો. આ જ વર્ષે જાન્યુઆરીમાં ન્યૂઝીલેન્ડ સામેની હોમસિરીઝમાં તેને ઈન્જરી રિપ્લેસમેન્ટ તરીકે સામેલ કર્યો હતો, પરંતુ વર્લ્ડ કપની તૈયારીઓના કારણે તેને પ્લેઈંગ-11માં તક મળી નહોતી. હવે લગભગ અઢી વર્ષ પછી તે નેશનલ ટીમમાં પરત ફરી શકે છે.

શ્રેયસે પંજાબ કિંગ્સ (PBKS) માટે હાલમાં સમાપ્ત થયેલી IPL 2026માં 168.81ની સ્ટ્રાઈક રેટથી 498 રન બનાવ્યા હતા. તે વર્ષ 2025માં પણ પંજાબ કિંગ્સને ફાઈનલ સુધી લઈ ગયો હતો, જ્યાં તેણે 604 રન બનાવ્યા હતા. આ પહેલા તેણે 2024માં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ને ટાઈટલ જીતાડ્યું હતું અને 2020માં દિલ્હી કેપિટલ્સ (DC)ને ફાઈનલમાં પહોંચાડી હતી.

બિહારના 15 વર્ષના વૈભવ સૂર્યવંશીને પહેલીવાર ભારતીય સિનિયર ટીમમાં સામેલ કરવામાં આવશે. તે 1980ના દાયકાના અંતમાં સચિન તેંડુલકરની પસંદગી પછી ભારતીય મેન્સ ટીમમાં પસંદ થનાર સૌથી યુવા ખેલાડી બનશે.

વૈભવે IPL 2026માં 237.30ના સ્ટ્રાઈક રેટથી 776 રન બનાવ્યા છે. સિનિયર પ્રવાસ પહેલા તે 9 થી 21 જૂન સુધી શ્રીલંકામાં અફઘાનિસ્તાન સાથે યોજાનારી ટ્રાઈ-સીરીઝમાં ઈન્ડિયા-A માટે રમશે.

### વર્લ્ડ કપ જીતાડ્યા પછી પણ સૂર્યકુમાર બહાર

સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપમાં ભારતે આ જ વર્ષે 8 માર્ચે T20 વર્લ્ડ કપ જીત્યો હતો. આ જીત સાથે ભારત પોતાનું ટાઈટલ ડિફેન્ડ કરનાર અને સતત બે T20 વર્લ્ડ કપ ટ્રોફી જીતનાર દુનિયાનો પ્રથમ દેશ બન્યો. સૂર્યકુમારે 113 મેચમાં 3272 રન બનાવ્યા છે. તેની સરેરાશ 36.35 અને સ્ટ્રાઈક રેટ 162.94 રહ્યો છે. સૂર્યકુમારના નામે 4 સદી અને 25 ફિફ્ટી નોંધાયેલી છે. તેનો બેસ્ટ સ્કોર 117 રન છે. સૂર્યાએ 297 ચોગ્ગા, 179 છગ્ગા અને 58 કેચ પણ લીધા છે. સૂર્યાની આગેવાની હેઠળ ભારતે 52 T-20 મેચ રમી. જેમાં 42 જીતી, 8 હાર્યા અને બે મેચનું કોઈ પરિણામ આવ્યું નહીં. તેની જીતની ટકાવારી 80.76% છે. સૂર્યકુમારની આગેવાની હેઠળ ભારતે 2026 T-20 વર્લ્ડ કપ, 2025 એશિયા કપ જીત્યો હતો.

### રોહિત પછી સૂર્યાને કેપ્ટનશીપ મળી હતી

વેસ્ટ ઈન્ડીઝમાં 2024 T20 વર્લ્ડ કપ જીત્યા પછી રોહિત શર્માએ આ ફોર્મેટમાંથી સંન્યાસ લઈ લીધો હતો. ત્યારબાદ સૂર્યકુમાર યાદવને ભારતની કેપ્ટનશીપ સોંપવામાં આવી હતી. ભારતીય ટીમને આયર્લેન્ડના બેલફાસ્ટમાં 26 અને 28 જૂને 2 T20 મેચ રમવાની છે. ત્યારબાદ 1 જુલાઈથી 11 જુલાઈની વચ્ચે ઈંગ્લેન્ડ સામે પાંચ મેચની T20 સિરીઝ પણ રમાશે.




# કોચ ગંભીરે કહ્યું- હું નથી ઈચ્છતો કે રિષભ પંત બદલાય

## અનુભવી ખેલાડીઓએ પરિસ્થિતિઓનું સન્માન કરવું જોઈએ; સુદર્શનને પૂરતી તક આપીશું

ચંદીગઢ | ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે સંકેત આપ્યો કે મોહાલીમાં ન્યૂ ચંદીગઢ સ્ટેડિયમમાં આવતીકાલથી શરૂ થનારી ભારત-અફઘાનિસ્તાન ટેસ્ટ મેચમાં સાઈ સુદર્શન પણ રમી શકે છે. તે દેવદત્ત પડિકલની જગ્યાએ ત્રીજા નંબર પર બેટિંગ કરવા આવી શકે છે. ગંભીરે સ્ટેડિયમમાં મીડિયા સાથેની વાતચીતમાં રિષભ પંતને વાઈસ કેપ્ટનશીપ પરથી હટાવવા અંગે સીધી રીતે કંઈ કહ્યું નહીં.

ગંભીરે એટલું ચોક્કસ કહ્યું કે- અમે રિષભ પંતમાં બદલાવ નથી ઈચ્છતા, પરંતુ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ખેલાડીઓએ મેચની પરિસ્થિતિઓનું સન્માન કરવું જરૂરી છે. પંતની જગ્યાએ કેએલ રાહુલને વાઈસ કેપ્ટન બનાવ્યો છે.


જ્યારે આવતીકાલે રમાનારી મેચ માટે બંને ટીમ ચંદીગઢ પહોંચી ગઈ છે. છેલ્લા 3 દિવસથી તેઓ પ્રેક્ટિસમાં વ્યસ્ત છે. આ દરમિયાન ગૌતમ ગંભીરે સ્પષ્ટપણે કહ્યું કે મારી જવાબદારી સોશિયલ મીડિયા પ્રત્યે નથી, પરંતુ ડ્રેસિંગ રૂમમાં બેઠેલા તે 30 ખેલાડીઓ પ્રત્યે છે, જેમની સાથે હું પૂરી ઈમાનદારીથી કામ કરું છું. હું સોશિયલ મીડિયાની ટીકાઓ અને વખાણ તરફ ધ્યાન આપતો નથી.

### ગૌતમ ગંભીરે કહેલી મહત્વની વાતો:-

કોઈ બહાનું ચાલશે નહીં, માત્ર જીત જ ટાર્ગેટ: અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ મેચને લઈને ગંભીરે કડક વલણ અપનાવ્યું. ગંભીરે સ્પષ્ટ કહ્યું કે ભલે આ મેચ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)નો ભાગ ન હોય, પરંતુ ટીમ ઈન્ડિયા મેદાન પર માત્ર અને માત્ર જીત માટે જ ઉતરશે. તેમાં કોઈ પણ પ્રકારનું બહાનું ચાલશે નહીં. અમે સમજીએ છીએ કે IPL પછી તરત જ ટેસ્ટ મેચ શરૂ થઈ ગઈ, અમારે ટેસ્ટ મેચ માટે વધુ સારી તૈયારી કરવાની જરૂર છે. ટેસ્ટ મેચ માનસિક દ્રઢતાની રમત છે.

સુદર્શનને પૂરતી તકો મળી નથી: સાઈ સુદર્શનને હજુ સુધી પૂરતી અને યોગ્ય તકો મળી નથી. તે મુખ્યત્વે ઈંગ્લેન્ડની મુશ્કેલ પરિસ્થિતિઓમાં રમ્યો. IPLમાં તેણે 700 રન બનાવ્યા છે, તેથી માત્ર 4-5 મેચના આધારે આપણે તેનું મૂલ્યાંકન કરી શકતા નથી. અમે તેને ટીમમાં લાંબી તક આપીશું.

પંત વિશે કહ્યું- દબાણ નહીં કરીએ.



# લોર્ડ્સ ટેસ્ટના પ્રથમ દિવસે 16 વિકેટ પડી: ઈંગ્લેન્ડ પહેલી ઈનિંગમાં 140 રનમાં ઓલઆઉટ; ન્યૂઝીલેન્ડ 61/6; રોબિન્સને 4 વિકેટ લીધી




લંડન | ન્યૂઝીલેન્ડના ઈંગ્લેન્ડ પ્રવાસની પ્રથમ ટેસ્ટ લોર્ડ્સ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. પહેલા દિવસે બોલરોનું વર્ચસ્વ રહ્યું. અહીં ગુરુવારે કુલ 16 વિકેટ પડી. ન્યૂઝીલેન્ડે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી. ઈંગ્લેન્ડ પ્રથમ ઈનિંગ્સમાં 140 રન બનાવી ઓલઆઉટ થઈ ગયું. જવાબમાં ન્યૂઝીલેન્ડે સ્ટમ્પ્સ સુધી 61 રનમાં 6 વિકેટ ગુમાવી દીધી. ગ્લેન ફિલિપ્સ 31 અને નાથન સ્મિથ 6 રન બનાવી અણનમ રહ્યા. ઈંગ્લેન્ડના ઓલી રોબિન્સને 4 વિકેટ લીધી. ગસ એટકિન્સન અને જોશ ટંગને એક-એક વિકેટ મળી. રોબિન્સને પહેલી ઓવરમાં ત્રણ વિકેટ ઝડપી. તેણે ત્રીજી, પાંચમી અને છઠ્ઠી બોલ પર વિકેટ લીધી. તેણે ડેવોન કોનવે (એક રન), કેન વિલિયમસન (3 રન) અને રચિન રવીન્દ્ર (0)ને ઝડપથી આઉટ કર્યા.

આ પછી ગસ એટકિન્સને કેપ્ટન ટોમ લેથમને 3 રન પર આઉટ કરીને ન્યૂઝીલેન્ડનો સ્કોર 12/4 કરી દીધો. રોબિન્સને ડેરિલ મિચેલને પણ પેવેલિયન મોકલ્યો, જ્યારે જોશ ટંગે ટોમ બ્લંડલની વિકેટ લીધી. ન્યૂઝીલેન્ડના ટૉપ-5 બેટર્સ માત્ર 16 રન બનાવી શક્યા. તેમાંથી બે ખાતું પણ ખોલી શક્યા નહીં.

ન્યૂઝીલેન્ડના કેપ્ટન ટોમ લેથમે ટૉસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી. વાદળછાયા વાતાવરણ અને ઝડપી બોલરો માટે મદદરૂપ પરિસ્થિતિઓનો કિવી બોલર્સે પૂરો ફાયદો ઉઠાવ્યો.

ફેબ્રુઆરી 2024 પછી ટેસ્ટ રમવા ઉતરેલા કાઈલ જેમિસને 62 રન આપીને 5 વિકેટ લીધી અને ઈંગ્લેન્ડની બેટિંગની કમર તોડી નાખી. નાથન સ્મિથે 3 અને વિલ ઓ'રૂર્કે 2 વિકેટ લીધી. ઈંગ્લેન્ડ તરફથી હેરી બ્રુકે સૌથી વધુ 52 રન બનાવ્યા. કેપ્ટન બેન સ્ટોક્સે 35મા જન્મદિવસ પર ઉપયોગી ઈનિંગ રમી, પરંતુ મોટી ભાગીદારી બનાવી શક્યો નહીં.

મેચ દરમિયાન વરસાદ અને ખરાબ લાઈટે પણ રમતમાં અવરોધ ઉભો કર્યો. બપોરે વરસાદને કારણે લગભગ બે કલાકની રમત અટકી, જ્યારે ખરાબ લાઈટને કારણે ચા અને દિવસની રમત નિર્ધારિત સમય પહેલા સમાપ્ત કરવી પડી. ઈંગ્લેન્ડની છેલ્લી જોડી જોશ ટંગ અને શોએબ બશીરે 22 રન જોડીને ટીમને 140 રન સુધી પહોંચાડી. દિવસના અંત સુધીમાં આ ભાગીદારી ઈંગ્લેન્ડ માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થતી દેખાઈ રહી છે.

# નિવૃત્તિ લેતાં જ વિદેશી લીગમાં રમતા પ્લેયર્સ પર BCCI લાલઘૂમ: 5 વર્ષનો કડક નિયમ લાવવાની તૈયારી

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI)ની તાજેતરમાં 4 જૂનના રોજ એપેક્સ કાઉન્સિલની એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઘણા મોટા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી, જેમાં સૌથી મહત્ત્વનો મુદ્દો એ હતો કે ભારતીય ખેલાડીઓ નિવૃત્તિ લીધા પછી તરત જ વિદેશી લીગમાં રમવા જતા રહે છે તેને કેવી રીતે રોકવા. બોર્ડ હવે આવા ખેલાડીઓ માટે 'કૂલિંગ ઓફ પીરિયડ'નો કડક નિયમ લાગુ કરવાની તૈયારી કરી રહ્યું છે.

તાજેતરમાં જ ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર વિજય શંકરે નિવૃત્તિની જાહેરાત કરી હતી. આ જાહેરાતના તરત જ બાદ સમાચાર આવ્યા કે તેઓ લંકા પ્રીમિયર લીગમાં રમતા જોવા મળશે. સમાચારની આ ટાઈમિંગ સ્પષ્ટ ઈશારો કરે છે કે તેમણે વિદેશી લીગમાં રમવા માટે જ સંન્યાસ લીધો છે. હવે BCCI એ આવા કિસ્સાઓનો સામનો કરવા માટે એક મોટો પ્લાન તૈયાર કર્યો છે.

એક રિપોર્ટ મુજબ BCCI નિવૃત્ત થયેલા ખેલાડીઓ માટે 5 વર્ષનો 'કૂલિંગ ઓફ પીરિયડ' નિયમ લાગુ કરવાનું વિચારી રહ્યું છે. આ નિયમનો અર્થ એ થશે કે જો કોઈ ખેલાડી નિવૃત્તિ જાહેર કર્યા પછી વિદેશની કોઈ લીગમાં રમશે, તો તે આગામી 5 વર્ષ સુધી ભારતીય ક્રિકેટના કોઈ પણ ભાગ અથવા પ્રવૃત્તિ સાથે જોડાઈ શકશે નહીં. આ મુદ્દે અંતિમ નિર્ણય BCCI પ્રમુખ મિથુન મન્હાસ અને સેક્રેટરી દેવજીત સૈકિયા લેવાના છે.

# પાકિસ્તાને ઓસ્ટ્રેલિયા સામે સતત ત્રીજી વન-ડે સિરીઝ જીતી: લાહોરમાં 4 વિકેટે હરાવ્યું; બાબર આઝમે સૌથી વધુ 40 રન બનાવ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં પાકિસ્તાને ઓસ્ટ્રેલિયાને 4 વિકેટે હરાવ્યું. આ જીત સાથે પાકિસ્તાને ઓસ્ટ્રેલિયા સામે સતત ત્રીજી વન-ડે સિરીઝ પોતાના નામે કરી છે. ઓસ્ટ્રેલિયા પહેલા બેટિંગ કરતા 42 ઓવરમાં 157 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. જવાબમાં પાકિસ્તાને 41.1 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 158 રનનો ટાર્ગેટ ચેઝ કરી લીધો.

પાકિસ્તાન માટે બાબર આઝમે સૌથી વધુ 40 રન બનાવ્યા. શાદાબ ખાને અણનમ 29 રનની ઈનિંગ રમીને ટીમને જીત અપાવી. ઓસ્ટ્રેલિયા તરફથી મેથ્યુ કુહનેમેને 38 રન આપીને 3 વિકેટ લીધી, પરંતુ ટીમને હારથી બચાવી શક્યો નહીં. વરસાદને કારણે મેચ 15 મિનિટ મોડી શરૂ થઈ હતી.




ટૉસ જીતીને બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી. મેચની બીજા બોલ પર મેથ્યુ શોર્ટ ખાતું ખોલ્યા વિના શાહીન શાહ આફ્રિદીનો શિકાર બન્યો. ત્યારબાદ કેપ્ટન જોશ ઈંગ્લિસે 71 બોલમાં 65 રનની ઝડપી ઈનિંગ રમીને ઈનિંગ સંભાળી. ઈંગ્લિસે એલેક્સ કેરી (19 રન) સાથે ત્રીજી વિકેટ માટે 52 રનની ભાગીદારી કરી. એક સમયે ઓસ્ટ્રેલિયાનો સ્કોર 3 વિકેટે 119 રન હતો અને ટીમ મજબૂત સ્થિતિમાં દેખાઈ રહી હતી. પરંતુ હારિસ રઉફે કેરીને બોલ્ડ કરીને ભાગીદારી તોડી હતી. આ પછી ઓસ્ટ્રેલિયન ટીમ વિખેરાઈ ગઈ અને છેલ્લી 7 વિકેટ 38 રન ઉમેરવામાં ગુમાવી દીધી. માર્નસ લાબુશેન પણ 11 રન બનાવીને રન આઉટ થયો હતો.

પાકિસ્તાનના બોલરોએ ટર્નિંગ ટ્રેકનો પૂરો ફાયદો ઉઠાવ્યો. શાહીન શાહ આફ્રિદી સૌથી સફળ રહ્યો. તેણે પોતાની બીજી સ્પેલની શરૂઆતની ત્રણ બોલમાં જોશ ઈંગ્લિસ અને કેમરૂન ગ્રીનને પેવેલિયન મોકલીને ઓસ્ટ્રેલિયાને મોટો ઝટકો આપ્યો. શાહીને 3 વિકેટ લીધી.

અબરાર અહેમદે મેથ્યુ રેનશો અને કૂપર કોનોલીને આઉટ કરીને 2 વિકેટ લીધી. પાંચ મેચથી વિકેટ માટે તરસતા શાબાદ ખાને પણ લય મેળવી અને 2 વિકેટ ઝડપી.

# બ્રોડવેના 'પ્રૂફ' પર કારા યંગ અને પ્રેક્ષકોને પરિવર્તન લાવવા માટે વાર્તાઓની શક્તિ



## ટોની વિજેતા અભિનેતા લાઇવ થિયેટરની તાકીદ અને અશ્વેત મહિલાઓની વાર્તાઓનું સન્માન કરવાની જવાબદારી પર પ્રતિબિંબ પાડે છે

**(એજન્સી) અમેરિકા । તા. 05**

2021 માં બ્રોડવે પહોંચ્યા પછી, કારા યંગે થિયેટર પુરસ્કારોની અસાધારણ શ્રેણી મેળવી છે. તેણીએ તાજેતરમાં ચાર વર્ષ સુધી સતત શ્રેષ્ઠ ફીચર્ડ અભિનેત્રી ઇન એ પ્લે કેટેગરીમાં નામાંકિત પ્રથમ વ્યક્તિ તરીકે થિયેટર ઈતિહાસ રચ્યો હતો, અને ગયા વર્ષે બ્રાન્ડેન જેકબ્સ-જેનકિન્સ દ્વારા પુલિત્ઝર પુરસ્કાર વિજેતા નાટક 'પર્પઝ' માં તેણીની ભૂમિકા માટે એવોર્ડ લઈને તે સતત ટોનીસ જીતનાર પ્રથમ અશ્વેત અભિનેત્રી બની હતી. હવે તે બીજા પુલિત્ઝર પુરસ્કાર વિજેતા નાટક, ડેવિડ ઓબર્નના 'પ્રૂફ' ના 25 વર્ષમાં પ્રથમ બ્રોડવે પુનરુત્થાનમાં અભિનય કરી રહી છે, જેમાં ડોન ચેડલ, આયો એડેબીરી અને જિન હા સાથે ક્લેરની ભૂમિકા ભજવી રહી છે. ટોમી કેઈલ દ્વારા દિગ્દર્શિત આ નાટકનું આ પ્રથમ બ્રોડવે પ્રોડક્શન છે, જેમાં બ્લેક લીડ્સ છે.ઓપનિંગ નાઈટના થોડા કલાકો પહેલા ન્યુ યોર્ક સિટીના બૂથ થિયેટરમાં રોઈટર્સ સાથે વાત કરતા, યંગ ચર્ચા કરે છે કે આ પ્રોડક્શન શા માટે તાકીદનું લાગે છે, તે શા માટે માને છે કે થિયેટર તમારા મગજની રસાયણશાસ્ત્રને બદલી શકે છે, અને તેની આગામી ફિલ્મ 'ઈઝ ગોડ ઈઝ', જે 15 મેના રોજ થિયેટરોમાં રિલીઝ થશે.મારા માટે, તે કાળા પ્રતિભાને ખોલવા વિશે છે. હવે આ નાટકમાં આપણી પાસે કાળા લોકો છે, તેથી તે ખૂબ જ અલગ વાર્તા બની જાય છે. તે સૌમ્યતા વિશેની વાર્તા બની જાય છે. તે માનસિક બીમારી વિશેની વાર્તા બની જાય છે. તે દુઃખ વિશેની વાર્તા બની જાય છે. તે સંભાળ રાખવા વિશેની વાર્તા બની જાય છે.તે એક યુવતી વિશે છે જે તેના પિતાના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યમાં ઘટાડો થતાં તેની સંભાળ રાખે છે. મારું પાત્ર, ક્લેર, તેની બહેન છે, જે આવે છે અને આપણે કુટુંબની ગતિશીલતા ખૂબ જ ઝડપથી જોઈ શકીએ છીએ કારણ કે હું ત્યાં ગઈ નથી, પરંતુ હું આ બધા સમયથી પરિવારની આર્થિક રીતે સંભાળ રાખી રહી છું. એક મનોવૈજ્ઞાનિક નાટક પણ છે જેમાં આ યુવતીને ખ્યાલ આવે છે કે છેલ્લા પાંચ વર્ષમાં સંભાળ રાખનાર તરીકે તેની સાથે શું થયું - અને તે આત્મ-બલિદાન દ્વારા તેણીએ જે જીવન ગુમાવ્યું હશે. આપણે એક રાષ્ટ્ર તરીકે અને વૈશ્વિક વસ્તી તરીકે એક ખૂબ જ સ્પષ્ટ જગ્યામાં પ્રવેશી રહ્યા છીએ, જ્યાં આપણે દરેક બાબત પ્રત્યે અતિ સંવેદનશીલ બની રહ્યા છીએ. થિયેટર હંમેશા જીવનના તમામ ક્ષેત્રોના લોકો સાથે સાંપ્રદાયિક જગ્યામાં રહેવાની તક છે. તમે સંપૂર્ણપણે અલગ સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિ, અલગ વસ્તી વિષયકતા ધરાવતી વ્યક્તિની બાજુમાં બેસી શકો છો, અને વસ્તુઓને અનુભવવા માટે એકસાથે જગ્યામાં હોઈ શકો છો. મને લાગે છે કે અત્યારે, સાથે રહેવું એ કદાચ સૌથી મહત્વપૂર્ણ બાબતોમાંની એક છે. વાર્તાઓ કહેવામાં આવી રહી છે અને આપણે સાથે મળીને સાંભળી શકીએ છીએ.

# શ્રીલંકામાં એક વૃદ્ધાશ્રમમાં ભીષણ આગ લાગી

## 11 વૃદ્ધોના મોત થયા હતા અને 7 અન્ય ગંભીર રીતે ઘાયલ

**(એજન્સી) શ્રીલંકા । તા. 05**

વૃદ્ધાશ્રમમાં લાગેલી આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે. પોલીસ ટીમો હવે ઘટનાસ્થળે પહોંચીને ઘટનાની તપાસ કરી રહી છે. ઘટનાસ્થળના ફોટા પણ સામે આવ્યા છે.શ્રીલંકામાં ભીષણ આગ લાગી છે. વૃદ્ધાશ્રમમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા 11 લોકોના મોત થયા છે, જ્યારે સાત અન્ય વૃદ્ધો દાઝી ગયા છે. પોલીસે જણાવ્યું હતું કે કોલંબોથી લગભગ 65 કિલોમીટર દક્ષિણપૂર્વમાં, કાલુતારા જિલ્લાના અંગુરુવાટોટામાં આવેલા માવપિયા સેવાના વૃદ્ધાશ્રમમાં બુધવારે સાંજે 5:30 વાગ્યે આગ લાગી હતી.



### ગેસ સિલિન્ડર વિસ્ફોટથી આગ લાગી હતી

પોલીસે જણાવ્યું હતું કે સ્થાનિકો અને પોલીસની મદદથી આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. મેજિસ્ટ્રેટ તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. પ્રારંભિક અહેવાલો દર્શાવે છે કે ઘટના દરમિયાન ગેસ સિલિન્ડર વિસ્ફોટ થયો હતો, જેના કારણે આગ ઝડપથી ફેલાઈ હતી.

### એક વૃદ્ધ વ્યક્તિનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું

પોલીસે જણાવ્યું હતું કે પરિસરમાં 10 લોકો મૃત હાલતમાં મળી આવ્યા હતા, જ્યારે અન્ય એક વૃદ્ધ વ્યક્તિનું હોરાના બેઝ હોસ્પિટલમાં દાખલ થયા બાદ મૃત્યુ થયું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, કુલ 51 લોકોને બચાવી લેવામાં આવ્યા હતા, જ્યારે સાત ઘાયલો હજુ પણ હોસ્પિટલમાં છે. આગના દ્રશ્યથી સ્થાનિક લોકો ગભરાઈ ગયા હતા.કામ સંપૂર્ણપણે બંધ કરવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી.

## રોબોટ થયો બેકાબૂ! સામે ઊભેલા બાળકના પેટમાં મારી જોરદાર લાત

**(એજન્સી) ચીન । તા. 05**

ચીનના શિનજિયાંગમાં માર્શલ આર્ટ્સ બતાવી રહેલા એક હ્યુમનૉઇડ રોબોટની કિક એક બાળકના પેટમાં વાગી ગઈ. આ ઘટનાનો વીડિયો વાયરલ થયા પછી પબ્લિક પ્લેસીસ પર રોબોટની સુરક્ષાને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે. દુનિયાભરમાં માણસો જેવા દેખાતા હ્યુમનૉઇડ રોબોટ્સનો વપરાશ ઝડપથી વધી રહ્યો છે, પરંતુ હવે સામે આવેલી એક ઘટનાએ તેમના સુરક્ષિત હોવા અંગે સવાલો ઉભા કરી દીધા છે. ચીનના શિનજિયાંગમાં એક પબ્લિક પરફોર્મન્સ દરમિયાન એક રોબોટે પોતાની પ્રોગ્રામ્ડ માર્શલ આર્ટ્સ રૂટિનની વચ્ચે અચાનક એક બાળકને પેટમાં કિક મારી દીધી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. અહેવાલોનું માનીએ તો આ ઘટના ગત સોમવારે બની હતી.

# ઓમાનના તેલ ટર્મિનલ નજીક ડ્રોન હુમલાથી ક્રૂડ ઓઇલ લોડિંગ બંધ




**(એજન્સી) ઈરાન । તા. 05**

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની મજાક ઉડાવી છે. ઈરાને ઈઝરાયલને ખુલ્લી ચેતવણી આપી છે. હિઝબુલ્લાહે યુદ્ધવિરામનો ઈનકાર કર્યો છે.ઈરાન સાથે યુદ્ધ ફરી શરૂ કરવા અંગે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, 'જો તેઓએ અમેરિકન સૈનિકોને મારી નાખ્યા હોત, તો તે આમ કરવાનું એક સારું કારણ હોત...' ઈરાન અંગે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, 'તેમની પાસે નૌકાદળ નથી, ન તો હવાઈ દળ, અમે તેમના નેતૃત્વનો નાશ કર્યો છે... પછી તમે નકલી સમાચારમાં વાંચો છો કે તેઓ યુદ્ધમાં ખૂબ સારું કરી રહ્યા છે, તે અવિશ્વસનીય છે... તેમની પાસે 159 જહાજો છે, અને તે બધા સમુદ્રના તળિયે પડેલા છે, અમે તેમના ફોટા લીધા છે...'ઈરાને ચેતવણી આપી છે કે જો ઈઝરાયલ બૈરૂત પર હુમલો કરશે, તો તે ગલ્ફ દેશોને પણ નિશાન બનાવી શકે છે, જેનાથી આ ક્ષેત્રમાં યુદ્ધ ફરી શરૂ થવાનું જોખમ છે. યુનાઈટેડ સ્ટેટ્સની પહેલ પર લેબનોનમાં નવા યુદ્ધવિરામની જાહેરાત છતાં, ઈઝરાયલ અને હિઝબુલ્લાહ પીછેહઠ કરવા તૈયાર નથી. ઈઝરાયલે સ્પષ્ટ કર્યું છે કે તે લેબનોનમાંથી પોતાના દળો પાછા ખેંચશે નહીં અને હિઝબુલ્લાહ સામે પોતાનું અભિયાન ચાલુ રાખશે.


## હોર્મુઝ વિવાદ વચ્ચે સાઉદી અરેબિયાએ ભારત માટે નવી શિપિંગ સેવા શરૂ કરી

સાઉદી અરેબિયા : ઈરાન સાથેના તણાવ અને યુએસ નાકાબંધીને કારણે મધ્ય પૂર્વમાં શિપિંગ લાઈન પર ભારે અસર પડી છે. આનાથી યુએઈ અને ઈરાનના દેશો દરિયાઈ પરિવહન માટે નવા માર્ગો શોધવા માટે પ્રેરિત થયા છે. સાઉદી અરેબિયાના પોર્ટ્સ ઓથોરિટીએ જેદ્દાહ ઈસ્લામિક બંદર પર અમીરાત શિપિંગ લાઈન દ્વારા સંચાલિત નવી શિપિંગ સેવા શરૂ કરી છે. આ સેવા દેશના સૌથી મોટા લાલ સમુદ્ર બંદરને ભારત અને જીબુતી સાથે જોડશે. જેનાથી વેપાર જોડાણ અને લોજિસ્ટિક્સ સેવાઓમાં સુધારો કરાશે. આ પગલું વૈશ્વિક લોજિસ્ટિક્સ અને પરિવહન પ્રદર્શન સૂચકાંકોમાં સાઉદી અરેબિયાની સ્થિતિ સુધારવા અને દેશની નિકાસને વેગ આપવા માટે માવાનીની વ્યૂહરચનાનો એક ભાગ છે.

# રણમાં ટ્રક બગડતાં પાણીની તરસથી તરફડીને 49 લોકોના મોત

**(એજન્સી) આફ્રિકા । તા. 05**

પશ્ચિમ આફ્રિકાના નાઈજર દેશમાંથી એક અત્યંત ચોંકાવનારી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. વિશ્વના સૌથી ક્રૂર ગણાતા સહારાના રણ પ્રદેશમાં એક ટ્રક બગડી જતાં, તેમાં સવાર પ્રવાસીઓ ભયાનક ગરમી અને પાણીના અભાવે ફસાઈ ગયા હતા. આ અસહ્ય તાપમાન અને પાણીના એક-એક ટીપાં માટે તરસતા 49 લોકોના કરુણ મોત નીપજ્યા છે. આ તમામ મૃતકો એક મુસ્લિમ તહેવારમાં હાજરી આપીને માલી દેશથી પરત ફરી રહ્યા હતા ત્યારે આ ઘટનાનો શિકાર બન્યા હતા.



### અસમાકાથી 80 કિમી દૂર સર્જાઈ હોરર ફિલ્મ જેવી ઘટના

સ્થાનિક અગાદેઝ ગવર્નરેટ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, આ ઘટના નાઇજર અને અલ્જીરિયાની સરહદ નજીક આવેલા ક્રોસિંગ પોઇન્ટ 'અસમાકા' થી આશરે 80 કિલોમીટર દૂર એક નિર્જન અને અત્યંત અંતરિયાળ વિસ્તારમાં બની હતી. રણની કાળઝાળ ગરમી વચ્ચે અચાનક પ્રવાસીઓની ટ્રક ખોરવાઈ ગઈ હતી. ડ્રાઈવર, તેના મદદનીશો અને પ્રવાસીઓએ ગાડી રિપેર કરવાના અથાક પ્રયાસો કર્યા હતા પરંતુ વ્હીકલ ચાલુ થઈ શક્યું નહોતું. કમનસીબે, આ દરમિયાન ગાડીમાં રાખેલું પીવાનું પાણી પણ સંપૂર્ણપણે ખલાસ થઈ ગયું હતું. આસપાસ સેંકડો કિલોમીટર સુધી માત્ર ગરમ રેતી અને શેકાતો તડકો હોવાથી, 49 લોકો તરસના કારણે તરફડીને ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. વહીવટીતંત્ર દ્વારા તમામ મૃતકોને રણ પ્રદેશમાં જ સામૂહિક કબરો બનાવીને દફનાવવામાં આવ્યા છે.

### પ્રવાસીઓ માટે ડેથ ઝોન ગણાય છે આ વિસ્તાર

ઉલ્લેખનીય છે કે, આ ચોક્કસ વિસ્તાર ગેરકાયદેસર અને આફ્રિકન પ્રવાસીઓ (Immigrants) ના અવરજવર માટેનો મુખ્ય માર્ગ માનવામાં આવે છે. અગાઉ પણ આ રૂટ પર ગરમી અને ભૂખ-તરસના કારણે સેંકડો લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે. આ ઘટનાએ ફરી એકવાર રણ વિસ્તારની ભયાનકતા અને પ્રવાસીઓની સુરક્ષા સામે મોટા સવાલો ઉભા કર્યા છે.

**બે લોકોનો ચમત્કારિક બચાવ: 50 કિમી પગપાળા ચાલીને આપી માહિતી** આ ભયાનક કાળચક્ર વચ્ચે પણ બે લોકોનો ચમત્કારિક બચાવ થયો છે. આ બંને બચી ગયેલા પ્રવાસીઓએ અગનગોળા ફેંકતી ગરમીમાં પણ હિંમત ન હારી અને રેતીના ઢુવાઓ વચ્ચે 50 કિલોમીટર કરતાં પણ વધુ અંતર પગપાળા કાપ્યું હતું. તેઓ જેમ-તેમ કરીને એક પાણીના સ્ત્રોત સુધી પહોંચ્યા અને ત્યાંથી અસમાકા તરફ આગળ વધ્યા હતા. આ બે વીર બચી ગયેલા લોકોએ જ સ્થાનિક સત્તાવાળાઓને ટ્રક બગડવાની અને અન્ય લોકો ફસાયા હોવાની પ્રથમ જાણકારી આપી હતી, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું.

# રશિયા-યુક્રેન યુદ્ધને ખતમ કરવા ઝેલેન્સ્કીએ પુતિનને લખ્યો ખુલ્લો પત્ર



4 જૂન, 2026 ના રોજ ઈરાનના તેહરાનમાં ઈરાનના સર્વોચ્ચ નેતા, મોજતબા ખામેનીના સમર્થનમાં એક રેલી દરમિયાન એક મહિલા હિઝબુલ્લાહનો ધ્વજ લઈને સમર્થન આપી રહી છે.

**(એજન્સી) રશિયા । તા. 05**

ચાર વર્ષ કરતાં પણ વધુ સમયથી ચાલી રહેલા રશિયા અને યુક્રેન યુદ્ધની વચ્ચે એક ખૂબ જ મોટા સમાચાર સામે આવ્યા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને એક ખુલ્લો પત્ર લખીને આમને-સામને બેસીને વાટાઘાટો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ લાંબા યુદ્ધમાં આ પ્રથમ વખત છે જ્યારે ઝેલેન્સ્કીએ આ પ્રકારે ખુલ્લેઆમ પુતિન સમક્ષ સીધી ચર્ચાની દરખાસ્ત કરી છે. તેમણે આ બેઠક માટે કોઈ તટસ્થ દેશ પસંદ કરવાનું સૂચન આપ્યું છે. ઝેલેન્સ્કીએ પત્રમાં સ્પષ્ટ કર્યું છે કે આ શાંતિ મંત્રણા ન તો મોસ્કોમાં થવી જોઈએ અને ન તો કીવમાં. તેમણે સ્વિટ્ઝરલેન્ડ, તૂર્કિયે અથવા આરબના કોઈ પણ દેશને આ ઐતિહાસિક મુલાકાત માટે અનુકૂળ ગણાવ્યા છે. ઝેલેન્સ્કીના મતે, મોટા અને જટિલ મુદ્દાઓનો ઉકેલ માત્ર બંને દેશોના સર્વોચ્ચ નેતાઓ જ લાવી શકે તેમ હોવાથી પુતિને વહેલી તકે કોઈ તારીખ નક્કી કરવી જોઈએ.



### રશિયા પર મિસાઈલ હુમલા અને તણાવ વધારવાનો આરોપ

ઝેલેન્સ્કીએ રશિયા પર ગંભીર આક્ષેપો કરતા લખ્યું છે કે, રશિયાને જમીની સૈન્ય અભિયાનમાં ધારી સફળતા મળી નથી. આ જ કારણે હવે તે બેલિસ્ટિક મિસાઈલનો આડેધડ ઉપયોગ વધારી રહ્યું છે. તેમણે દાવો કર્યો કે રશિયા આ યુદ્ધને હજુ એક-બે વર્ષ લંબાવવા માંગે છે જેથી તે કોઈ પણ ભોગે પોતાનો હેતુ સિદ્ધ કરી શકે.

### 'યુદ્ધથી પાયમાલ થઈ રહ્યું છે રશિયા': ઝેલેન્સ્કી

ઝેલેન્સ્કીએ દાવો કર્યો છે કે રશિયા પોતે આ લાંબા યુદ્ધથી સંપૂર્ણપણે ત્રસ્ત થઈ ચૂક્યું છે અને હવે તેની ભારે કિંમત ચૂકવી રહ્યું છે. યુક્રેન તરફથી થતા સતત ડ્રોન હુમલા, વધતી જતી મોંઘવારી અને ઈંધણની અછતને કારણે રશિયા ભારે આર્થિક દબાણ હેઠળ આવી ગયું છે. છેલ્લા એક મહિનામાં જ રશિયાના 30 હજારથી વધુ સૈનિકો કાં તો માર્યા ગયા છે અથવા કાયમી ધોરણે અપંગ થઈ ગયા છે. જોકે, આ જંગમાં યુક્રેનને પણ મોટું નુકસાન વેઠવું પડ્યું છે.



## આંધ્રપ્રદેશમાં એનડીએ નેતાઓની મહત્વની બેઠક

# અન્નામલાઈના રાજીનામા બાદ દક્ષિણ ભારતના રાજકારણમાં ઉથલપાથલ, ચંદ્રબાબુ નાયડુને ફાયદો

(એજન્સી) અમરાવતી | તા.05

તમિલનાડુ ભાજપ (BJP)ના રાજકારણમાં આવેલા મોટા બદલાવની સીધી અસર પાડોશી રાજ્ય આંધ્રપ્રદેશમાં એનડીએ (NDA)ના બેઠકોના ગણિત પર પડી છે. એક મહત્ત્વના રાજકીય નિર્ણયમાં, ભાજપે આંધ્રપ્રદેશની પોતાની એક રાજ્યસભા બેઠક પરનો દાવો છોડી દીધો છે. અહેવાલો અનુસાર, આ બેઠક પહેલા તમિલનાડુ ભાજપના પૂર્વ પ્રમુખ કે. અન્નામલાઈ માટે રાખવામાં આવી હતી, પરંતુ તેમણે પક્ષમાંથી રાજીનામું આપી દેતાં હવે બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલા બદલાઈ ગઈ છે.આગામી રાજ્યસભા ચૂંટણી માટે બેઠકોની નવી વહેંચણીને આખરી ઓપ આપવા માટે



ગુરુવારે અમરાવતી ખાતે એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ, જનસેના પાર્ટી (JSP)ના પ્રમુખ પવન કલ્યાણ અને ભાજપના પ્રદેશ નેતાઓ હાજર રહ્યા હતા.

નવી ફોર્મ્યુલા અનુસાર, આંધ્રપ્રદેશમાં ખાલી પડી રહેલી રાજ્યસભાની ચાર બેઠકોમાંથી ત્રણ બેઠકો તેલુગુ દેશમ પાર્ટી (TDP)ને ફાળવવામાં આવશે, જ્યારે બાકી બચેલી એક બેઠક જનસેના પાર્ટી (JSP)ને આપવામાં આવશે. અગાઉ નક્કી કરાયેલી ગોઠવણ મુજબ, ભાજપ અને જનસેનાને એક-એક બેઠક અને ટીડીપીને બે બેઠકો મળવાની સંભાવના હતી, પરંતુ હવે ભાજપની બેઠક પણ ટીડીપીના ખાતામાં ગઈ છે. આ સિવાય એનડીએના ઘટક પક્ષો વચ્ચે વધુ સારું તાલમેલ ઊભું કરવા માટે આ જ મહિનામાં તિરુપતિ, અમરાવતી અને વિશાખાપટ્ટનમમાં ત્રણ મોટી જાહેર સભાઓ યોજવાનું પણ નક્કી કરાયું છે.

રાજ્યસભાની બેઠકોની વહેંચણીમાં આ ફેરફાર પૂર્વ આઈપીએસ (IPS) અધિકારી કે. અન્નામલાઈના ભાજપમાંથી રાજીનામા અને તેમના રાજકીય ભવિષ્યને લીધે આવ્યો છે. અન્નામલાઈએ મંગળવારે (2 જૂન) નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નવીન સહિતના ટોચના નેતાઓ સાથે એક મહત્ત્વની બેઠક કરી હતી. આ બેઠકમાં તેમણે નેતાઓને તમિલનાડુની રાજકીય પરિસ્થિતિ વિશે જણાવ્યું હતું અને પક્ષ છોડવા પાછળના કારણો સ્પષ્ટ કરીને મૌખિક રીતે રાજીનામું આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

# રાજ્યસભા યાદીમાંથી રવનીત સિંહ બિટ્ટુનું નામ થયું ગાયબ

નવી દિલ્હી: ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યસભાની આગામી ચૂંટણી માટે જાહેર કરવામાં આવેલી ૧૧ ઉમેદવારોની યાદીમાં કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટુનું નામ ગાયબ હોવાથી રાજકીય ગલિયારાઓમાં ભારે ચર્ચા જાગી છે. ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને અરુણાચલ પ્રદેશની બેઠકો માટેના ઉમેદવારોમાં બિટ્ટુને સ્થાન ન મળતા હવે તેમના રાજકીય ભવિષ્ય અને કેબિનેટમાં તેમના સ્થાનને લઈને અનેક સવાલો ઉભા થયા છે. રવનીત સિંહ બિટ્ટુ તાજેતરમાં સંસદમાં રાહુલ ગાંધી સાથેના 'ગદ્દાર વિવાદ'ને કારણે સતત ચર્ચામાં રહ્યા હતા. કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થયેલા બિટ્ટુને જ્યારે રાહુલ ગાંધીએ સંબોધ્યા, ત્યારે બંને નેતાઓ વચ્ચે થયેલી તીખી બોલાચાલીએ મોટું રાજકીય સ્વરૂપ ધારણ કર્યું હતું. ભાજપે આ સમગ્ર મુદ્દાને શીખ સમુદાયના અપમાન સાથે જોડીને રાષ્ટ્રીય સ્તરે ચગાવ્યો હતો. જોકે, આ વિવાદ અને લોકસભા ચૂંટણીમાં પરાજય છતાં પાર્ટીએ તેમને મંત્રી પદ આપ્યું હતું. હવે રાજ્યસભામાં સ્થાન ન મળતા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે કે ભાજપ તેમને કેન્દ્રના બદલે પંજાબમાં મુખ્ય ભૂમિકા સોંપવા જઈ રહ્યો છે. સંસદમાં લગભગ ૧૭ વર્ષ સુધી લોકસભા અને રાજ્યસભાના સભ્ય તરીકે કાર્યરત રહ્યા બાદ, બિટ્ટુએ પોતે જ પંજાબની જનતા માટે કાર્ય કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. પંજાબ ભાજપના એક કાર્યક્રમમાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે હવે તેઓ દિલ્હીથી દૂર પંજાબની ગલીઓમાં જઈને લોકોની સેવા કરવા માંગે છે. પંજાબમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ બિટ્ટુને ત્યાં એક મજબૂત ચહેરા તરીકે રજૂ કરવાની રણનીતિ ઘડી રહ્યો હોવાનું મનાય છે. બંધારણીય નિયમો મુજબ, મંત્રી પદ પર રહેવા માટે કોઈપણ વ્યક્તિનું સંસદના કોઈ પણ ગૃહનું સભ્ય હોવું ફરજિયાત છે. રાજ્યસભાનો કાર્યકાળ પૂરો થતા, હવે રવનીત સિંહ બિટ્ટુ માટે મંત્રી પદ પર ટકી રહેવું મુશ્કેલ બની શકે છે. મોદી સરકારના આગામી કેબિનેટ વિસ્તરણમાં કેટલાક નવા ચહેરાઓને તક મળી શકે છે, જેમાં બિટ્ટુની વિદાય લગભગ નિશ્ચિત માનવામાં આવે છે.પંજાબમાં હાલમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય સ્પર્ધા હોવા છતાં, ભાજપ સતત પોતાનું સ્થાન મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યો છે.

## News Brief

### ઈન્ડિગોએ 6 આંતરરાષ્ટ્રીય રૂટ પર ફ્લાઈટ સેવા બંધ કરી

નવી દિલ્હી: દેશની અગ્રણી એરલાઈન કંપની 'ઈન્ડિગો' દ્વારા લેવાયેલા એક મહત્વપૂર્ણ નિર્ણયને પગલે પ્રવાસીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઘટતી જતી માંગ અને સતત વધી રહેલા સંચાલન ખર્ચ (ઓપરેટિંગ કોસ્ટ) ના કારણે ઈન્ડિગોએ આગામી જુલાઈ મહિનાથી છ આંતરરાષ્ટ્રીય રૂટ પર પોતાની ફ્લાઈટ સેવાઓ કામચલાઉ ધોરણે સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે. ઉનાળુ વેકેશનની ચાલુ સીઝન દરમિયાન લેવાયેલો આ નિર્ણય કંપનીના આંતરરાષ્ટ્રીય નેટવર્કને અસર કરશે.

એરલાઈનના જણાવ્યા અનુસાર, દક્ષિણ-પૂર્વ એશિયા અને ચીનના મહત્વના શહેરોને જોડતા આ રૂટ્સ ૩૦ સપ્ટેમ્બર સુધી બંધ રહેશે:૧લી જુલાઈથી: મલેશિયાનું લેંગકાવી, થાઈલેન્ડનું ક્રાબી અને વિયેતનામનું હો ચી મિન્હ સિટી.૩જી જુલાઈથી: ચીનનું હોંગકોંગ અને શાંઘાઈ તેમજ કંબોડિયાનું સીમ રીપ. કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે જો બજારમાં માંગમાં સુધારો થશે, તો આ સેવાઓ નિર્ધારિત સમય કરતાં વહેલી પણ શરૂ કરવામાં આવી શકે છે. અન્યથા, ૧લી ઓક્ટોબરથી આ તમામ રૂટ્સ માટે બુકિંગ ફરીથી શરૂ કરવાની યોજના છે.આ નિર્ણયથી પ્રભાવિત થનારા મુસાફરોને એરલાઈન દ્વારા અગાઉથી જાણ કરવામાં આવશે. પ્રવાસીઓને ટિકિટનું પૂરેપૂરું રિફંડ આપવામાં આવશે અથવા તેમની મુસાફરી માટે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં આવશે. ઈન્ડિગોએ ભારપૂર્વક જણાવ્યું છે કે આ ઘટાડા છતાં, તે દર અઠવાડિયે ૧,૮૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનું સંચાલન ચાલુ રાખશે.

# NFR તેના નેટવર્કમાં મોટા પાયે ગ્રીન પહેલ સાથે વિશ્વ પર્યાવરણ દિવસ 2026 ઉજવે છે

માલીગાંવ :નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ 15 મે થી 5 જૂન, 2026 દરમિયાન તેના તમામ વિભાગો અને એકમોમાં 'પ્રકૃતિ દ્વારા પ્રેરિત - આબોહવા માટે, આપણા ભવિષ્ય માટે' થીમ હેઠળ પર્યાવરણીય જાગૃતિ અને ટકાઉપણું પહેલની શ્રેણીનું આયોજન કરીને વિશ્વ પર્યાવરણ દિવસ 2026 ની ઉજવણી કરી. રેલ્વે કર્મચારીઓ, મુસાફરો, વિદ્યાર્થીઓ, સ્કાઉટ્સ અને ગાઈડ્સ, સામાજિક સંગઠનો અને સામાન્ય લોકોએ પર્યાવરણીય સંરક્ષણ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપતી વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.આ કાર્યક્રમ 5 જૂન, 2026 ના રોજ પૂર્ણ થયો, જેમાં NFR ના તમામ વિભાગો અને એકમોના અધિકારીઓ અને કર્મચારીઓએ વિડીયો કોન્ફરન્સ દ્વારા આયોજિત 'વિશ્વ પર્યાવરણ દિવસ' કાર્યક્રમમાં ભાગ લીધો, જેનું નેતૃત્વ રેલવે બોર્ડના ચેરમેન અને મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી સતીશ કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન, બધા સહભાગીઓએ પ્રતિજ્ઞા લીધી, પર્યાવરણીય સંરક્ષણ, આબોહવા કાર્યવાહી અને ટકાઉ વિકાસ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. આ ઝુંબેશ હેઠળ, NFR નેટવર્કમાં રેલ્વે સ્ટેશનો, હોસ્પિટલો, વસાહતો, ઓફિસ સંકુલ, ફેક્ટરીઓ, તાલીમ સંસ્થાઓ, રેલ્વે ટ્રેક, ટ્રેનો અને અન્ય રેલ્વે સંસ્થાઓમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાં વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, જાગૃતિ રેલીઓ, સેમિનાર, શેરી નાટકો, કચરો વ્યવસ્થાપન પહેલ અને જાહેર સંપર્ક કાર્યક્રમોનો સમાવેશ



થાય છે.'મિશન લાઈફ' (પર્યાવરણ માટે જીવનશૈલી) પહેલ હેઠળ, પર્યાવરણીય જાગૃતિ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આમાં પાણી સંરક્ષણ, પાણીનો ઉપયોગ, ઉર્જા કાર્યક્ષમતા, કચરો અલગ કરવા, ઈ-કચરો વ્યવસ્થાપન, રિસાયક્લિંગ અને ખાતર બનાવવા જેવા વિષયોનો સમાવેશ થતો હતો. આ પ્રયાસોનો ઉદ્દેશ્ય રેલ્વે કર્મચારીઓ, મુસાફરો અને સામાન્ય લોકોમાં ટકાઉ ટેવો અને પર્યાવરણીય રીતે જવાબદાર વર્તનને પ્રોત્સાહન આપવાનો હતો. સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અને પર્યાવરણને અનુકૂળ વિકલ્પો અપનાવવા માટે જાગૃતિ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું.આ ઝુંબેશના ભાગ રૂપે, સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણ બનાવવા માટે રેલ્વે સ્ટેશનો, ટ્રેનો, રેલ્વે વસાહતો, હોસ્પિટલો અને ઓફિસોમાં મોટા પાયે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. NFRમાં વિવિધ રેલ્વે આરોગ્ય એકમો, ઓફિસો અને અન્ય રેલ્વે સંસ્થાઓમાં પણ વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. માલીગાંવ સ્થિત NFR મુખ્યાલય ખાતે, સ્કાઉટ્સ અને ગાઈડ્સે પર્યાવરણીય સંરક્ષણ અને પ્લાસ્ટિક પ્રદૂષણથી થતા નુકસાન વિશે જાગૃતિ લાવવા માટે એક શેરી નાટકનું આયોજન કર્યું. રેલ્વે કર્મચારીઓ અને સામાન્ય લોકોમાં જ્યુટ બેગ, કાપડની થેલીઓ અને બાયોડિગ્રેડેબલ ઉત્પાદનો જેવી પર્યાવરણને અનુકૂળ સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું.

# ડીએમકેનો મોટો નિર્ણય ઈન્ડિયા ગઠબંધનની બેઠકનો કર્યો બહિષ્કાર

નવી દિલ્હી: દેશના મુખ્ય વિપક્ષી ગઠબંધન 'ઈન્ડિયા' માટે આઠમી જૂનના રોજ યોજાનારી મહત્ત્વની બેઠક પહેલા એક મોટો રાજકીય ભૂકંપ આવ્યો છે. તમિલનાડુના શાસક પક્ષ દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે) એ આ બેઠકમાં હાજરી આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. પક્ષે આ નિર્ણય પાછળ કોંગ્રેસ પ્રત્યેની પોતાની નારાજગી અને ગંભીર મતભેદોને કારણભૂત ગણાવ્યા છે. ડીએમકેના આ વલણથી ગઠબંધનની એકતા પર ગંભીર સવાલો ઉભા થયા છે.

ડીએમકે અને કોંગ્રેસ વચ્ચેના સંબંધો તમિલનાડુ વિધાનસભા ચૂંટણી બાદથી સતત બગડતા ગયા છે. પક્ષના અગ્રણી નેતાઓના મતે, ચૂંટણી દરમિયાન કોંગ્રેસે ડીએમકે સાથેનો છેડો ફાડીને ટીવીકે સાથે નવું જોડાણ કર્યું હતું, જેને ડીએમકેએ વિશ્વાસઘાત સમાન ગણાવ્યો છે. પક્ષનું કહેવું છે કે કોંગ્રેસના આ પગલાથી ડીએમકેના કાર્યકરોની લાગણીઓને ઠેસ પહોંચી છે. પોતાના કાર્યકરોનું સન્માન જાળવવા માટે પાર્ટીએ કોંગ્રેસ હાજર હોય તેવી કોઈપણ બેઠકમાં ભાગ નહીં લેવાનો મક્કમ નિર્ણય લીધો છે.

આ રાજકીય કડવાશ માત્ર બેઠકો સુધી મર્યાદિત નથી, પરંતુ સંસદમાં પણ તેનું પ્રતિબિંબ જોવા મળ્યું છે. આઠમી મેના રોજ ડીએમકેએ લોકસભા સ્પીકરને પત્ર લખીને ગૃહમાં પોતાના સાંસદોની બેઠક વ્યવસ્થા બદલવાની માંગ કરી હતી. કોંગ્રેસ સાથેનું ગઠબંધન સત્તાવાર રીતે તૂટી ગયું હોવાથી, ડીએમકેના સાંસદો હવે કોંગ્રેસના સભ્યોની સાથે બેસવા તૈયાર નથી. આ માંગ સ્પષ્ટ કરે છે કે ડીએમકે હવે કોંગ્રેસથી સંપૂર્ણપણે અલગ થવા માંગે છે.કોંગ્રેસ પ્રત્યે આક્રોશ હોવા છતાં, ડીએમકેએ રાષ્ટ્રીય સ્તરે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. પક્ષના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, તેઓ રાષ્ટ્રીય હિતના મુદ્દાઓ પર સમાધાન નહીં કરે. દેશના મહત્ત્વના પ્રશ્નો ઉઠાવતા તમામ બિન-કોંગ્રેસી વિપક્ષી પક્ષોને ડીએમકેનું સમર્થન બહારથી મળતું રહેશે. આનો અર્થ એ છે કે ડીએમકે સંપૂર્ણપણે વિપક્ષી એકતાથી અલગ નથી થઈ રહ્યું, પરંતુ તે કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ગઠબંધન સાથે સહમત નથી.

# મુખ્યમંત્રી શિવકુમારને મોટો ઝટકો મંત્રીનું તત્કાલ રાજીનામું જાહેર



બેંગલુરુ: કર્ણાટકમાં નવી કોંગ્રેસ સરકારની રચના અને મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારના શપથ ગ્રહણના માત્ર બે દિવસમાં જ રાજ્યનું રાજકારણ ગરમાયું છે. વરિષ્ઠ નેતા અને કેબિનેટ મંત્રી રામલિંગા રેડ્ડીએ પોતાની નારાજગી વ્યક્ત કરતા મંત્રી પદેથી રાજીનામું ધરી દેતા સરકારમાં મોટો ભૂકંપ આવ્યો છે. મનપસંદ મંત્રાલય ન ફાળવવામાં આવતા રેડ્ડીએ આ આકરો નિર્ણય લીધો હોવાનું સામે આવ્યું છે, જેનાથી મુખ્યમંત્રી શિવકુમારની મુશ્કેલીઓ વધી ગઈ છે.આઠ વખત ધારાસભ્ય રહી ચૂકેલા અને પક્ષના પીઢ નેતા રામલિંગા રેડ્ડી છેલ્લા ઘણા સમયથી 'બેંગલુરુ વિકાસ મંત્રાલય' મેળવવા માટે આગ્રહી હતા. તેમણે અગાઉ જ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ આ મહત્વપૂર્ણ ખાતા સિવાય અન્ય કોઈ વિભાગ સ્વીકારવા તૈયાર નથી. જોકે, ગુરુવારે રાત્રે મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવેલી ખાતાઓની વહેંચણીમાં તેમને આ વિભાગ ન મળતા તેઓ નારાજ થયા હતા. રેડ્ડીને 'મોટા અને મધ્યમ સિંચાઈ' વિભાગ સોંપવામાં આવ્યો, જેના વિરોધમાં તેઓ બેઠક અધવચ્ચે છોડીને બહાર નીકળી ગયા હતા અને શુક્રવારે સવારે પ્રેસ કોન્ફરન્સ યોજીને રાજીનામું જાહેર કર્યું હતું.પોતાનું મંત્રી પદ છોડવા છતાં રામલિંગા રેડ્ડીએ સ્પષ્ટતા કરી છે કે તેઓ પક્ષ સાથે જોડાયેલા રહેશે. તેમણે જણાવ્યું હતું કે, "હું છેલ્લા ૫૩ વર્ષથી કોંગ્રેસ પક્ષનો નિષ્ઠાવાન કાર્યકર છું. મેં પક્ષમાંથી રાજીનામું આપ્યું નથી, માત્ર મંત્રી પદ છોડ્યું છે. વર્ષ ૨૦૨૩માં મને ખાતરી આપવામાં આવી હતી કે કેબિનેટ ફેરબદલ વખતે મને બેંગલુરુ વિકાસ વિભાગની જવાબદારી સોંપવામાં આવશે, પરંતુ તે વચન પળાયું નથી."મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે પોતે નાણાં અને કર્મચારી વિભાગ જેવા મહત્વના ખાતા પોતાની પાસે રાખ્યા છે. વિવાદ ત્યારે વધ્યો જ્યારે 'બેંગલુરુ શહેરી વિકાસ વિભાગ' કૃષ્ણા બાયરે ગૌડાને સોંપવામાં આવ્યો.

# સુપ્રીમ કોર્ટનો મહત્વનો નિર્ણય એઆઈથી ચુકાદો આપી શકાશે નહીં

નવી દિલ્હી: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ના વધતા પ્રભાવ વચ્ચે ન્યાયિક પ્રક્રિયાની પવિત્રતા જાળવી રાખવા માટે સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ડ્રાફ્ટ જાહેર કર્યો છે. દેશની તમામ અદાલતોમાં એઆઈના ઉપયોગને નિયંત્રિત કરવા માટે એક ખાસ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કમિટીની રચના કરવામાં આવી હતી, જેના દ્વારા તૈયાર કરવામાં આવેલી નીતિઓ હવે જાહેર જનતાના અભિપ્રાય માટે રજૂ કરવામાં આવી છે. આ ડ્રાફ્ટમાં સૌથી મહત્વની વાત એ છે કે, કોઈ પણ ન્યાયિક ચુકાદો કે આદેશ માત્ર એઆઈ જનરેટેડ માહિતી અથવા ડેટાના આધારે આપી શકાશે નહીં. સુપ્રીમ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલા ૩૫ પાનાના આ ડ્રાફ્ટમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે ન્યાયિક ચુકાદા, કાયદાકીય અર્થઘટન કે હકીકતોના તારણો માત્ર મશીન આધારિત વિશ્લેષણ પર નિર્ભર ન હોવા જોઈએ. એઆઈનો ઉપયોગ ન્યાયાધીશોના નિર્ણય લેવાની પ્રક્રિયામાં મદદરૂપ સાધન તરીકે થઈ શકે છે, પરંતુ તે ક્યારેય ન્યાયાધીશના સ્થાન પર ન આવી શકે. કોર્ટનું માનવું છે કે ન્યાય પ્રક્રિયામાં માનવીય સંવેદના, તર્ક અને વિવેકબુદ્ધિનું અત્યંત મહત્વ છે, જે એઆઈ પ્રદાન કરી શકતું નથી.જોકે, સુપ્રીમ કોર્ટે એઆઈના ઉપયોગને સંપૂર્ણપણે નકાર્યો નથી. ડ્રાફ્ટમાં કોર્ટ પરના કેસોનું ભારણ ઘટાડવા માટે એઆઈના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે એક વ્યૂહાત્મક રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં નીચે મુજબની સુવિધાઓનો સમાવેશ થાય છે: સુપ્રીમ કોર્ટે આ ડ્રાફ્ટ પર જાહેર જનતા અને તમામ પક્ષકારો પાસેથી ૨૦ જૂન સુધીમાં અભિપ્રાયો મંગાવ્યા છે. આ ડ્રાફ્ટનો ઉદ્દેશ્ય એઆઈના દુરુપયોગને રોકવાનો અને તેનો ઉપયોગ પારદર્શક તથા જવાબદારીપૂર્વક થાય તે સુનિશ્ચિત કરવાનો છે. કાયદાકીય ક્ષેત્રમાં ટેકનોલોજીના સમાવેશ સાથે નૈતિક મૂલ્યોનું સંતુલન જાળવવું એ આ નવી નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય છે.તમામ નિષ્ણાતો અને નાગરિકો આ ડ્રાફ્ટને ન્યાયતંત્રના આધુનિકીકરણની દિશામાં એક ખૂબ જ મહત્વપૂર્ણ અને સાવચેતીભર્યું પગલું માની રહ્યા છે.

# મોહાલીમાં ઓફિસમાં ઘૂસી યુવતીની ચપ્પાના ઘા ઝીંકી હત્યા

(એજન્સી) મોહાલી | તા.05

પંજાબના મોહાલીમાં એક અત્યંત હૃદયદ્રાવક અને ક્રૂર ઘટના સામે આવી છે, જેમાં એક ખાનગી કંપનીમાં કામ કરતી યુવતીની તેના જ ભૂતપૂર્વ પ્રેમીએ ઓફિસમાં ઘૂસીને નિર્મમ હત્યા કરી નાખી છે. આ ઘટનાએ સમગ્ર શહેરમાં સનસનાટી મચાવી દીધી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીએ યુવતી પર છરીના અનેક ઘા ઝીંકીને તેની હત્યા કરી છે અને ત્યારબાદ પોતે પણ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે યુવતી પોતાની ડેસ્ક પર બેસીને સામાન્ય રીતે કામ કરી રહી હતી, ત્યારે અચાનક આરોપી ત્યાં આવી પહોંચ્યો હતો. કોઈપણ પ્રકારની રાહ જોયા વગર તેણે યુવતી પર છરી વડે હુમલો શરૂ કરી દીધો. જીવ બચાવવા માટે લોહીલુહાણ હાલતમાં યુવતી ઓફિસના દરવાજા તરફ દોડી હતી, પરંતુ આરોપીએ તેને ગેટ પાસે ફરી પકડીને નિર્દયતાથી અનેક ઘા માર્યા હતા. ઓફિસના અન્ય કર્મચારીઓએ હુમલાખોરને રોકવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ આરોપી એટલો આંધળો બની ગયો હતો કે



તે કોઈની પણ પરવા કર્યા વિના હુમલો ચાલુ રાખ્યો હતો.ગંભીર રીતે ઘવાયેલી યુવતી અને આરોપીને તાત્કાલિક સારવાર માટે નજીકની ફોર્ટિસ હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીબોએ યુવતીને મૃત જાહેર કરી હતી. મૃતકની ઓળખ પટિયાલાની રહેવાસી ડિમ્પલ તરીકે કરવામાં આવી છે. હુમલાખોરનું નામ હરવિંદર સિંહ ઉર્ફે હેરી છે, જે હુમલો કર્યા બાદ પોતાનું ગળું કાપીને આપઘાતનો પ્રયાસ કરતા ગંભીર રીતે ઘાયલ થયો હતો.

# પેટ્રોલમાં ઈથેનોલની જેમ ડીઝલમાં બાયોફ્યુઅલનું મિશ્રણ કરવાની મંજૂરી આપવા કેન્દ્રની તૈયારી

(એજન્સી) નવી દિલ્હી | તા.05

પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણને લાગુ કર્યા બાદ હવે કેન્દ્ર સરકાર ડીઝલને વધુ ઈકોફ્રેન્ડલી બનાવવા માગે છે. આ સાથે જ ઈમ્પોર્ટ કરવામાં આવતા ક્રૂડ માટે વૈશ્વિક નિર્ભરતા ઘટાડવા માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા આઈસોબ્યુટેનોલ બ્લેન્ડેડ ડીઝલને મંજૂરી આપવાની વિચારણા કરવામાં આવી રહી છે. ટ્રાન્સપોર્ટ મંત્રાલયના સચિવે જણાવ્યું કે, ડીઝલમાં આઈસોબ્યુટેનોલના મિશ્રણ અંગેની નીતિ પર કામ ચાલી રહ્યું છે. આ વર્ષે તેની સત્તાવાર જાહેરાત થઈ શકે છે. ભારત છેલ્લા કેટલાક વર્ષોથી પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણ વધારવાના અભિયાન પર કામ કરવામાં આવી રહ્યું છે. ત્યારે, હવે સરકારનું ધ્યાન ડીઝલ પર કેન્દ્રિત થયું છે. જેને ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને પ્રોત્સાહનના ભાગરૂપે જોવામાં આવી રહ્યું છે.આઈસોબ્યુટેનોલનો સમાવેશ દેશની બાયોફ્યુઅલ નીતિમાં એક મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવશે. સરકાર અને ઓટો કંપનીઓ હાલ તપાસી રહી છે કે, હાલના ડીઝલ એન્જિન પર તેની શું અસર પડી શકે છે. ઉલ્લેખનીય છે કે, ભારત પોતાની જરૂરિયાતનું 85 ટકાથી વધુ ક્રૂડ ઓઈલ વિદેશમાંથી ઈમ્પોર્ટ કરે છે. જો ડીઝલમાં સ્થાનિક સ્તરે ઉત્પાદિત બાયોફ્યુઅલનું મિશ્રણ વધશે તો આયાતી ક્રૂડ ઓઈલ પરની નિર્ભરતા ઘટશે અને ખેડૂતોને પણ નવા બજારો મળી શકશે.

## સમીકરણો બદલાવાની પૂરી શક્યતા

# તમિલનાડુ ભાજપને મોટો ઝટકો અન્નામલાઈએ આપ્યું રાજીનામું

ચેન્નાઈ: તમિલનાડુના રાજકારણમાં એક મોટા ઘટનાક્રમ હેઠળ, ભાજપના દિગ્ગજ નેતા અને પૂર્વ પ્રદેશ અધ્યક્ષ કે. અન્નામલાઈએ પક્ષના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. ભાજપ હાઈકમાન્ડે તેમનું રાજીનામું તાત્કાલિક અસરથી સ્વીકારી લીધું છે, જેના પગલે રાજ્યના રાજકીય વર્તુળોમાં ભારે હલચલ મચી ગઈ છે. દક્ષિણ ભારતમાં ભાજપના જનાધારને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવનાર અન્નામલાઈના આ પગલાથી પક્ષને મોટો ફટકો પડ્યો છે.ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અને મુખ્યાલય પ્રભારી અરુણ સિંહ દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝમાં આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને અન્નામલાઈનું રાજીનામું સ્વીકારી લીધું છે. આ સાથે જ સ્પષ્ટ થઈ ગયું છે કે હવે તેઓ ભારતીય જનતા પાર્ટી સાથે કોઈ પણ રીતે જોડાયેલા નથી. ગત મંગળવારે તેમણે દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી, જ્યાં તેમણે પોતાના નિર્ણય અંગે પક્ષને જાણ કરી હતી. અન્નામલાઈ છેલ્લા ઘણા સમયથી પક્ષની કાર્યશૈલી અને પોતાની ભૂમિકાને લઈને નારાજ હતા. તેમને એવું લાગતું હતું કે ભાજપમાં હવે તેમના માટે કોઈ ઉજ્જવળ ભવિષ્ય કે તક નથી. વર્ષ ૨૦૨૧માં રાજકારણમાં પ્રવેશનારા અન્નામલાઈએ અત્યંત ટૂંકા ગાળામાં પોતાની એક અલગ ઓળખ બનાવી હતી. પક્ષમાં કામ કરતી વખતે તેમણે હંમેશા પોતાની આગવી શૈલી જાળવી રાખી હતી, પરંતુ અંતે તેમણે પક્ષમાંથી સન્માનજનક વિદાય લેવાનો માર્ગ પસંદ કર્યો છે.તમિલનાડુમાં ભાજપને મજબૂત કરવાનો શ્રેય અન્નામલાઈના ફાળે જાય છે. તેમના નેતૃત્વ હેઠળ, જે પક્ષનો વોટ શેર ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં માત્ર ૩.૬૬ ટકા હતો, તે ૨૦૨૪ની ચૂંટણીમાં વધીને ૧૧ ટકા સુધી પહોંચી ગયો હતો. ખાખી વર્દી છોડીને રાજકારણમાં આવેલા આ નેતાએ પોતાની મહેનત અને વાકપટુતાથી પક્ષને રાજ્યમાં નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યો હતો.અન્નામલાઈ હવે 'રાષ્ટ્રવાદી-તમિલ દર્શન' પર આધારિત એક બિન-રાજકીય આંદોલન શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છે. તેઓ પોતે "વી ધ લીડર્સ" નામની સંસ્થા પણ ચલાવે છે.

## ફેરફારોના એંધાણ | મોદી સરકારમાં નવા ચહેરાઓને મળવાની છે મોટી તક

# મોદી કેબિનેટમાં મોટા ફેરબદલની તૈયારી ચાર મંત્રીઓ જશે

(એજન્સી) નવી દિલ્હી | તા.05

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારમાં આગામી સમયમાં મોટા ફેરબદલની અટકળોએ જોર પકડ્યું છે. રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, ખૂબ જ ટૂંક સમયમાં કેબિનેટ વિસ્તરણના સમાચાર સામે આવી શકે છે, જેમાં નવા મંત્રીઓ પદ અને ગોપનીયતાના શપથ લે તેવી પૂરી શક્યતા છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી રાજ્યસભાના ઉમેદવારોની યાદી અને પ્રદેશ અધ્યક્ષોની નિમણૂકો બાદ આ ફેરબદલ અનિવાર્ય મનાઈ રહ્યા છે. આ ફેરફારોને પગલે વર્તમાન કેબિનેટના ચાર મંત્રીઓની છૂટ્ટી લગભગ નક્કી માનવામાં આવી રહી છે.

પક્ષની આંતરિક નીતિ 'એક વ્યક્તિ, એક પદ' ના



સિદ્ધાંતને આધારે જોતા આ ફેરબદલનું ચિત્ર સ્પષ્ટ થાય છે. પાર્ટીએ પંકજ ચૌધરીને ઉત્તર પ્રદેશ ભાજપના અધ્યક્ષ તરીકે અને હર્ષ મલ્હોત્રાને દિલ્હી ભાજપની કમાન સોંપી છે. સંગઠનાત્મક જવાબદારીઓ વધવાને કારણે, આ બંને મંત્રીઓએ હવે સરકારમાંથી રાજીનામું આપવું પડશે, જેથી તેઓ પક્ષના સંગઠનને મજબૂત કરી શકે. નિયમ અનુસાર, કોઈ પણ વ્યક્તિ એકસાથે મંત્રી પદ અને સંગઠનના મોટા હોદ્દા પર ન રહી શકે, તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.બીજી તરફ, રાજ્યસભાની ચૂંટણી માટે ભાજપે જે ઉમેદવારોની યાદી જાહેર કરી છે, તેમાં બે વર્તમાન કેન્દ્રીય મંત્રીઓના નામ બાકાત રાખવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટુ અને જોર્જ કુરિયનના નામ આ યાદીમાં નથી. જોર્જ કુરિયન, જેઓ મોદી કેબિનેટમાં એકમાત્ર ખ્રિસ્તી ચહેરો છે અને હાલમાં મધ્યપ્રદેશથી રાજ્યસભાના સાંસદ છે, તેમનો કાર્યકાળ હવે પૂર્ણતાના આરે છે. તેવી જ રીતે, રવનીત સિંહ બિટ્ટુને પણ પક્ષે આ વખતે રાજ્યસભામાં ફરી તક આપી નથી. આ ઘટનાક્રમ બાદ એ સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે કે મંત્રીમંડળના વિસ્તરણમાં આ બંને નેતાઓને પણ મંત્રી પદ છોડવું પડી શકે છે.સંસદીય નિયમો મુજબ, જો કોઈ મંત્રી સંસદના સભ્ય ન હોય, તો તેમણે છ મહિનાની અંદર સંસદના કોઈ પણ ગૃહમાં ચૂંટાઈને આવવું અનિવાર્ય છે. ૨૧ જૂનના રોજ જ્યારે આ મંત્રીઓનો કાર્યકાળ સમાપ્ત થશે, ત્યારબાદ તેઓ પાસે વધુમાં વધુ છ મહિનાનો સમય રહેશે. જોકે, પક્ષની વ્યૂહરચના અને આગામી કેબિનેટ વિસ્તરણને જોતા, આ ફેરબદલ ખૂબ જ ઝડપથી થઈ શકે છે. રાજકીય વિશ્લેષકોના મતે, આ ફેરબદલ માત્ર મંત્રીઓની બદલી નથી, પરંતુ સંગઠનને વેગ આપવા અને સરકારની કાર્યક્ષમતા વધારવા માટેનો એક મોટો પ્રયાસ છે. પક્ષના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જે મંત્રીઓની વિદાય થશે, તેમની જગ્યાએ નવા અને યુવા ચહેરાઓને સ્થાન આપીને આવનારા સમય માટે ભાજપ પોતાની તૈયારીઓ કરી રહ્યો છે.

# આપના શીર્ષ નેતૃત્વ દ્વારા જીતેલા ઉમેદવારોનું અમદાવાદમાં કરાયું સન્માન અને પ્રશિક્ષણ

## આપ પ્રદેશ નેતા ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલીયા, ચૈતર વસાવા, હેમંત ખવા અને મનોજ સોરઠીયાની હાજરીમાં યોજાયો સન્માન અને પ્રશિક્ષણ કાર્યક્રમ



અમદાવાદ : આમ આદમી પાર્ટીએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં 6,000થી વધારે ઉમેદવારો મેદાને ઉતાર્યા હતા, જેમાંથી 500થી પણ વધારે ઉમેદવારોએ જીત મેળવી હતી. આ જીતેલા ઉમેદવારોના સન્માનમાં અમદાવાદ ખાતે આમ આદમી પાર્ટીના શીર્ષની હાજરીમાં "સન્માન અને પ્રશિક્ષણ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, ધારાસભ્ય ચૈતર વસાવા, ધારાસભ્ય હેમંત ખવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, પ્રદેશ મહિલા પ્રમુખ પાયલ સાકરીયા સહિત પ્રદેશના નેતાઓ અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જીતેલા 500થી પણ વધારે વિજેતા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ 12 તાલુકા પંચાયતો જીતી, 1 જિલ્લા પંચાયત પણ બનાવી અને ઘણી બધી જગ્યાએ આમ આદમી પાર્ટી વિપક્ષમાં બેઠી છે. આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ જે અથાગ મહેનત કરી તેના કારણે અને સમગ્ર ગુજરાતની જનતાના પ્રેમ અને સહકારના કારણે આમ આદમી પાર્ટીને આ જબરદસ્ત પરિણામ મળ્યું હતું. તો આજે તારીખ 5 જૂનના રોજ અમદાવાદ ખાતે આમ આદમી પાર્ટીના આ જેટલા પણ ઉમેદવારો જીત્યા છે એ તમામ ઉમેદવારોનું AAPના શીર્ષ નેતૃત્વ દ્વારા સન્માન કરવામાં આવ્યું. ગુજરાતના પ્રદેશ નેતાઓની હાજરીમાં ઉમેદવારોને સન્માન પત્રની સાથે સાથે પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યું અને સાથે સાથે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું. ઉમેદવારોને મળેલી સફળતાને સન્માનિત કરવા, જન પ્રતિનિધિ તરીકે તેમના દાયિત્વ અને કામગીરી અંગે પ્રશિક્ષણ આપવા, તેમજ આગામી યોજનાઓ માટે પણ માર્ગદર્શન પૂરું પાડવાના હેતુસર 'સન્માન અને પ્રશિક્ષણ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ

## અમરેલી જિલ્લાને સહકારી ક્ષેત્રમાં વધુ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ




ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમરેલી જિલ્લાએ સહકારી ક્ષેત્રમાં ફરી એકવાર દેશભરમાં પોતાની મજબૂત ઓળખ પ્રસ્થાપિત કરી છે. નેશનલ એકેડેમી ઓફ એગ્રીકલ્ચર સાઈન્સીસ દ્વારા ઈફકોના ચેરમેન અને ટોચના સહકારી નેતા દિલીપ સંઘાણીને પ્રતિષ્ઠિત "નેશનલ એકેડેમી ઓફ એગ્રીકલ્ચર સાઈન્સીસ ઈન્ડસ્ટ્રીયટ એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો છે. તેમના કૃષિ વિકાસ, ખેડૂત કલ્યાણ અને સહકારી ચળવળને મજબૂત બનાવવાના યોગદાનને માન્યતા મળતાં સમગ્ર જિલ્લામાં ગૌરવનો માહોલ સર્જાયો છે. સંઘાણી હાલ અમેરિકાના પ્રવાસે હોવાથી તેમના પ્રતિનિધિ તરીકે અમરેલી જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયાએ એવોર્ડ સ્વીકાર્યો હતો. ૫ જૂનના રોજ યોજાયેલી નેશનલ એકેડેમી ઓફ એગ્રીકલ્ચર સાઈન્સીસની સામાન્ય સભામાં આ સન્માન આપવામાં આવ્યું હતું. આ અવસરે સહકારી ક્ષેત્રના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સિદ્ધિને માત્ર અમરેલી જ નહીં પરંતુ સમગ્ર રાજ્ય અને દેશના સહકારી ક્ષેત્ર માટે ગૌરવપૂર્ણ ક્ષણ ગણાવવામાં આવી રહી છે, જેમાં આધુનિક કૃષિ, ગ્રામ વિકાસ અને સહકારી સશક્તિકરણના પ્રયાસોને નવી દિશા મળતી હોવાનું માનવામાં આવે છે.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે સુરત ખાતેથી દક્ષિણ ગુજરાતમાં

## સુરત ખાતેથી દક્ષિણ ગુજરાતમાં રૂ.૧૮,૭૭૮ કરોડના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ




(એજન્સી) સુરત । તા. 05

વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સુરત ખાતેથી કેન્દ્ર અને રાજ્ય સરકારના કુલ ૨૪ વિવિધ પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરી દક્ષિણ ગુજરાતને રૂ.૧૮,૭૭૮ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી. સુરતના દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને મંત્રીગણ, મહાનુભાવોની ઉપસ્થિતિમાં આયોજિત સમારોહમાં વડાપ્રધાનશ્રીએ સુરતી સ્પિરીટની સરાહના કરતા જણાવ્યું હતું કે, સુરત માત્ર એક શહેર નથી, પણ 'સ્પિરીટ' છે. એક સમયે પ્લેગ જેવી મહામારીનો સામનો કરનાર સુરત આજે સમગ્ર દેશમાં સ્વચ્છતા અને ગ્રીન એનર્જીના મોડેલ તરીકે ઉભરી આવ્યું છે.તેમણે સુરતવાસીઓની સ્વચ્છતા પહેલ અને પર્યાવરણ સુરક્ષાના કાર્યોને પ્રેરણાદાયી ગણાવી ઉમેર્યું કે, સુરતની આ જાગૃતિ અને સંસ્કારોને કારણે જ તે આજે દેશનું સૌથી સ્વચ્છ શહેર બન્યું છે. દેશમાં સ્વચ્છતાને સંસ્કારમાં પરિવર્તિત કરવા છે. કારણ કે સ્વચ્છતા અભિયાન દેશના સ્વસ્થ ભવિષ્ય માટેનું સંસ્કાર પર્વ છે.દક્ષિણ ગુજરાતમાં માર્ગ, ઊર્જા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઔદ્યોગિક ક્ષેત્રે કેન્દ્ર સરકારના રૂ.૧૬,૯૬૮ કરોડના બહુવિધ પ્રોજેક્ટ્સ અને રાજ્ય સરકારના રૂ.૧,૮૧૦ કરોડના વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરતા વડાપ્રધાનશ્રીએ વધુમાં કહ્યું કે, આ પ્રોજેક્ટ્સથી માત્ર ઔદ્યોગિક ઉત્પાદન ક્ષમતામાં જ વધારો નહીં થાય, પરંતુ પર્યાવરણીય સંરક્ષણ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટના લક્ષ્યોને પણ હાંસલ કરવામાં મદદ મળશે. વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું કે, આજે વિશ્વના દેશો પર્યાવરણ સુરક્ષા અને 'ગ્રીન ફ્યુચર' તરફ આગળ વધી રહ્યા છે, ત્યારે ભારત પણ 'ઈકોનોમી' અને 'ઈકોલોજી'ના સમન્વય સાથે 'ગ્રીન ગ્રોથ'ની દિશામાં અગ્રેસર બની રહ્યું છે. આ દિશામાં ગુજરાતે આ સદીના પ્રારંભે દેશમાં સૌપ્રથમ ક્લાઈમેટ ચેન્જ વિભાગની સ્થાપના કરી હતી અને પાટણના ચારણકામાં ભારતનો પ્રથમ સોલાર પાર્ક સ્થાપીને દેશને દિશા ચીંધી હતી. આજે ભારત વિશ્વના ટોચના ૫ સોલાર એનર્જી ઉત્પાદક દેશોમાં સામેલ છે, જેમાં ગુજરાતનું યોગદાન અત્યંત મહત્વનું છે.

## ભારત-અમેરિકા કૃષિ સહકારને નવી દિશા, દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ વોશિંગ્ટનમાં મહત્વપૂર્ણ સંવાદ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ભારત અને અમેરિકા વચ્ચે કૃષિ ક્ષેત્રે સહકારને વધુ મજબૂત બનાવવા માટે વોશિંગ્ટન ડી.સી.માં મહત્વપૂર્ણ સંવાદ યોજાયો હતો. ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ આવેલા પ્રતિનિધિમંડળનું યુ.એસ.-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ દ્વારા યજમાનપદ સ્વીકારવામાં આવ્યું હતું. બેઠક બાદ યુ.એસ.આઈ.બી.સી.એ આ ચર્ચાને ભારત-અમેરિકા કૃષિ ભાગીદારીને નવી ગતિ આપનારી મહત્વપૂર્ણ પહેલ ગણાવી હતી. ચર્ચા દરમિયાન કૃષિ ઉત્પાદકતા વધારવા, અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ, જમીનના આરોગ્યમાં સુધારો, ખાદ્ય અને પોષણ સુરક્ષા, ટકાઉ કૃષિ વિકાસ તેમજ ખેડૂતોને આધુનિક ટેકનિકલ સહાય પૂરી પાડવા જેવા મુદ્દાઓ પર વિસ્તૃત વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. બંને દેશોના કૃષિ નિષ્ણાતો અને ઉદ્યોગ પ્રતિનિધિઓએ કૃષિ ક્ષેત્રમાં નવી તકો ઊભી કરવા માટે મજબૂત સહકારની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. યુ.એસ.આઈ.બી.સી.એ પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ થયેલી ચર્ચાઓ ભારત અને અમેરિકા વચ્ચેના કૃષિ સહકારને નવી ઊર્જા આપશે તેમજ ઉભરતી તકો અને પડકારો અંગે અર્થપૂર્ણ સંવાદ માટે માર્ગ મોકળો કરશે. આ બેઠકને ઈફકોની વધતી આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા અને ભારતીય ખેડૂતોના હિતોને વૈશ્વિક મંચો પર અસરકારક રીતે રજૂ કરવાની ક્ષમતાનું પ્રતિબિંબ માનવામાં આવી રહ્યું છે. કૃષિ ક્ષેત્રમાં નવીનતા, સહકારિતા અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપતી આ પહેલ બંને દેશોના ખેડૂતો માટે લાંબા ગાળે લાભદાયી બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

## ગુજરાતમાં 226 કરોડના 'ડર્ટી ક્રિપ્ટો' નેટવર્કનો પર્દાફાશ

(એજન્સી) ગાંધીનગર । તા. 05

ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઑફ એક્સેલન્સ (CCOE), ગાંધીનગરને એક મોટી સફળતા મળી છે. તેમણે અંદાજે રૂપિયા 226 કરોડથી વધુનું આંતરરાષ્ટ્રીય ક્રિપ્ટોકરન્સી નેટવર્ક શોધી કાઢ્યું છે. આ નેટવર્ક આતંકવાદી ફંડિંગ, ડ્રગ્સની હેરાફેરી અને ડાર્ક વેબ માર્કેટપ્લેસ સાથે જોડાયેલા 'ડર્ટી ક્રિપ્ટો'ના મની લોન્ડરિંગમાં સામેલ હતું. CID ક્રાઈમ અને રેલવેના વરિષ્ઠ અધિકારીઓની દેખરેખ હેઠળ ચાલી રહેલા આ ઓપરેશનમાં વધુ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેને પગલે આ કેસમાં પકડાયેલા કુલ આરોપીઓની સંખ્યા હવે 10 થઈ ગઈ છે. સાયબર નાણાકીય ગુનાઓ સામે ચાલી રહેલી કડક ઝુંબેશના ભાગરૂપે આ તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસકર્તાઓએ આધુનિક બ્લોકચેન એનાલિસિસ અને ટેકનિકલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને ક્રિપ્ટોકરન્સી ટ્રાન્ઝેક્શનની એક જટિલ જાળ શોધી કાઢી છે. આ તપાસમાં સામે આવ્યું છે કે ગેરકાયદે રીતે ફંડ્સ ડાર્ક વેબ પર ડ્રગ્સના વેચાણ, મની લોન્ડરિંગની પ્રવૃત્તિઓ અને આતંકવાદી સંગઠનોને ટેકો આપતી શંકાસ્પદ સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. આ સમગ્ર મામલાનો ખુલાસો ત્યારે થયો જ્યારે તપાસ દરમિયાન શબ્બીર અલી સરાની નામના વ્યક્તિ સાથે જોડાયેલું એક ક્રિપ્ટોકરન્સી વોલેટ શંકાના દાયરામાં આવ્યું. તપાસમાં જાણવા મળ્યું કે આ વોલેટ શબ્બીર અલીની સીધી સંડોવણી વિના, તેમના જ KYC દસ્તાવેજોનો ઉપયોગ કરીને ખોલવામાં આવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, તેમના 23 વર્ષના પુત્ર હાદીરજા શબ્બીરઅલી સરાની અને તેના સાથીદાર મોહમ્મદ ઝામીન અબ્બાસ અલી જીગરે આ દસ્તાવેજોનો દુરુપયોગ કરીને ક્રિપ્ટોકરન્સી એકાઉન્ટ બનાવ્યું હતું અને તેને ઓપરેટ કરતા હતા.